**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the abridged prospectus shall be available on the website of our Company, the BRLMs, i.e. JM Financial Limited, BOB Capital Markets Limited, IIFL Capital Services Limited and Kotak Mahindra Capital Company Limited at www.jmfl.com, www.bobcaps.in, www.iiflcap.com and https://investmentbank.kotak.com, respectively and the website of the Registrar to the Offer i.e., MUFG Intime India Private Limited (Formerly Link Intime India Private Limited) at www.in.mpms.mufg.com

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Application forms can be obtained from the Registered and Corporate office of **Smartworks Coworking Spaces Limited**, Tel: +91 83840 62876 and the **BRLMs – JM Financial Limited**, Telephone: +91 22 6630 3030/3632, **BOB Capital Markets Limited,** Telephone: +91 22 6138 9353, **IIFL Capital Services Limited,** Telephone: +91 22 4646 4728 and **Kotak Mahindra Capital Company Limited,** Telephone: +91 22 4336 0000.

**APPLICATIONS SUPPORTED BY BLOCKED AMOUNT (ASBA):** Investors have to apply through the ASBA process. ASBA has to be availed by all the investors. For details on ASBA process, please refer to the details given in the ASBA Form and Abridged Prospectus and also please refer to "***Offer Procedure***" on Page No. 488 of RHP. Further ASBA Application forms can be obtained from Designated Branches of SCSBs, the list of banks that are available on website of SEBI at www.sebi.gov.in and website of Stock Exchanges at www.nseindia.com and www.bseindia.com. The investors are required to fill the Bid Cum Application form and submit the same to the relevant SCSBs at the specific locations or registered brokers at the broker centers or RTA or DP's. The SCSB's will block the amount in the account as per the authority contained in application form. On allotment, amount will be unblocked and account will be debited only to the extent required to be paid for allotment of shares. Hence, there will be no need of refund.

**Syndicate Member:** JM Financial Services Limited, Tel: +91 22 6136 3400; Kotak Securities Limited, Tel: +91 22 6218 5410 and at the select locations of the Sub-syndicate Members (as given below), SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**Sub-Syndicate Members:** Almondz Global Securities Ltd., Amrapali Capital & Finance Services Ltd., Anand Rathi Share & Stock Brokers Ltd., Asit C. Mehta Investment Interrmediates Ltd., Axis Capital Limited, Centrum Broking Limited, Dalal & Broacha Stock Broking Private Limited, Eurekha Stock & Share Brokers Ltd., Globe Capital Markets Ltd., HDFC Securities Ltd., ICICI Securities Ltd., IDBI Capital Markets and Securities Ltd., JM Financial Services Limited, Jobanputra Fiscal Services Private Limited, Kantilal Chhaganlal Sec Pvt Ltd., Keynote Capital Limited, KJMC Capital Market Services Limited, KJMC Capital Markets Ltd., LKP Securites Limited, Motilal Oswal Financial Services Limited, Motilal Oswal Securities Limited, Nuvama Wealth and Investment Limited (Formely known as Edelweiss Broking Limited), Prabhudas Lilladher Pvt Ltd., Pravin Ratilal Share & Stock Brokers Limited, Religare Broking Ltd., RR Equity Brokers Pvt. Ltd., SBICAP Securities Limited, Sharekhan Ltd., SMC Global Securities Ltd., Systematix Shares and Stock Brokers Ltd., Tradebulls Securities Limited and YES Securities (India) Limited.

**Escrow Collection Bank, Refund Bank and Sponsor Bank:** Kotak Mahindra Bank Limited

**Public Offer Account Bank and Sponsor Bank:** HDFC Bank Limited

**UPI:** UPI Bidders can also bid through UPI mechanism

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in RHP.

For **Smartworks Coworking Spaces Limited**
On behalf of the Board of Directors
Sd/-
Punam Dargar
Company Secretary and Compliance Officer

**Place:** New Delhi
**Date:** July 9, 2025

Smartworks Coworking Spaces Limited is proposing, subject to, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with the RoC on July 4, 2025. The RHP is available on the website of the Company at www.smartworksoffice.com, SEBI at www.sebi.gov.in, as well as on the websites of the BRLMs, i.e. JM Financial Limited, BOB Capital Markets Limited, IIFL Capital Services Limited and Kotak Mahindra Capital Company Limited at www.jmfl.com, www.bobcaps.in, www.iiflcap.com and https://investmentbank.kotak.com, respectively and the websites of National Stock Exchange of India Limited and BSE Limited at www.nseindia.com and www.bseindia.com, respectively. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see ***"Risk Factors"*** on page 40 of the RHP. Potential investors should not rely on the DRHP or the Addendum dated December 27, 2024 for making any investment decision. Specific attention of the investors is invited to "***Risk Factors***" beginning on page 40 of the RHP.

The Equity Shares offered in the Offer have not been, and will not be, registered under the U.S. Securities Act of 1933, as amended (**"U.S. Securities Act"**) or any state securities law in the United States, and unless so registered and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' as defined in, and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sale are made.

Adfactors

૨૦૪ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 162 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ-૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 July 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૦ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આણંદ-વડોદરાને જોડતો પુલ તૂટ્યો: ૧૨નાં મોત

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565



**સાત વાહન મહીસાગર નદીમાં પડ્યાં: અનેક લોકો ઘાયલ**

**પુલ તૂટ્યો:** વડોદરામાં મહીસાગર નદી પરનો પુલ તૂટતા અનેક વાહનો ઘણી ઊંચાઈ પરથી નીચે નદીમાં પડતાં ભારે જાનહાનિ થઈ હતી. આણંદ અને વડોદરા જિલ્લાને જોડતો મુખ્ય ગંભીરા બ્રિજ તૂટવાથી વાહનવ્યવહાર બીજે વાળવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભારે વરસાદ વચ્ચે પુલ તૂટી પડવાની એક મોટી ઘટના બની હતી. નવ જુલાઈ બુધવારે વહેલી સવારે આણંદ અને વડોદરાને જોડતો મહીસાગર નદી પરનો લગભગ ૪૦ વર્ષ જૂનો ગંભીરા પુલ તૂટી પડ્યો હતો. આ કારણે ઘણા વાહનો નદીમાં પડી ગયા હતા. આ અકસ્માતમાં ૧૨ લોકોનાં મોત થયા હતા. જ્યારે આઠ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, લગભગ ૯૦૦ મીટર લાંબા ગંભીરા પુલમાં ૨૩ થાંભલા છે અને તેનું ઉદ્ઘાટન ૧૯૮૫માં થયું હતું.

વહેલી સવારે ગંભીરા બ્રિજ તૂટી પડતા હાહાકાર મચી ગયો હતો. આ ઘટનામાં બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી બે ટ્રક, બે પિકઅપ અને એક રિક્ષા બે કાંઠે વહેતી મહીસાગર નદીમાં ખાબક્યા હતા. જેમાં ૧૨ વ્યક્તિઓનાં મોત થયા હતા. જ્યારે ૮થી વધુ લોકોને રેસ્ક્યૂ કરીને બચાવી લેવાયા હતા. આ ઘટના બનતા મુજપુર સહિત આસપાસના ગામના લોકોના ટોળેટોળા સ્થળ પર ઊમટી પડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સ્યૂસાઇડ પોઇન્ટ તરીકે કુખ્યાત આ બ્રિજ તૂટતા આણંદથી વડોદરા,ભરૂચ અને અંકલેશ્વરનો સંપર્ક તૂટી ગયો હતો. ગંભીરા પુલ મધ્ય ગુજરાતના મહત્ત્વપૂર્ણ પુલોમાંનો એક છે. તે મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડે છે.

ગંભીરા બ્રિજ તૂટી પડ્યા બાદ

(જુઓ પાનું ૨) ▸▸

## દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર જવા પચાસ કિમી ફરવું પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાનો ગંભીરા બ્રિજ તૂટી પડતાં ૧૨ લોકોનાં મૃત્યુ થયાં હતાં. ગંભીરા બ્રિજ તૂટી પડતા જ સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. વાસદ થઈને વાહનચાલકોને ચાલવા માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. જેના કારણે હવે દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર જતા તમામ વાહનચાલકોને હવે વાસદ થઈને જવું પડશે.

આ બ્રિજ તૂટી જવાને કારણે બંધ કરવામાં આવ્યો હોવાથી દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર જવા માટે લોકોને હવે એકમાત્ર રસ્તો વાસદ થઈને જવું પડશે. જેના માટે વાહનચાલકોને ૫૦ કિમી વધારે ફરવું પડશે. આ સાથે જ દક્ષિણ ગુજરાતથી જતાં તમામ વાહનો વાસદ રોડ પર ડાયવર્ટ કરવાથી ટોલ પ્લાઝા ખાતે ટ્રાફિક થવાની શક્યતાઓ છે.

ઉલ્લેખનીય છે કે ગંભીરા બ્રિજ દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર જતા લોકો માટે એક શોર્ટકટ હતો. આ સાથે ટોલટેક્સ ન આપવો પડે તે માટે પણ વાહનચાલકો આ બ્રિજ પરથી પસાર થઈને બોરસદ થઈને તારાપુર જતા હતા. જેનાથી વાસદ ખાતેનો ટોલ પ્લાઝા આવતો ન હતો. જોકે, આ રસ્તો બંધ થઈ જવાને કારણે દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર જતાં તમામ વાહનચાલકોને હવે વાસદ થઈને જવું પડશે. જેથી ૫૦ કિલોમીટર જેટલું વધારે વાહનચાલકોને ફરીને જવું પડશે. ■

## રાજસ્થાનમાં નવો હાઈવે ધોવાઈ ગયો

જયપુર: ભારે વરસાદને પગલે કટલી નદીનું જળસ્તર જોખમી સપાટી વટાવતાં રાજસ્થાનના ઝુનઝુનુ જિલ્લામાં નવો જ બંધાયેલો હાઈવે ધોવાઈ જતાં બાંધકામની ગુણવત્તા અને સુરક્ષા સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે.

રવિવારે થયેલા ભારે વરસાદને કારણે કટલી નદીનું જળસ્તર નાટ્યાત્મક રીતે વધ્યું હતું અને રસ્તાનો મોટો હિસ્સો તેમાં તણાઈ ગયો હતો.

ઝુનઝુનુ પોલીસ કંટ્રોલ રૂમના જણાવ્યાનુસાર બાઘુલી અને જાહાજ ગામને નેશનલ હાઈવે સાથે જોડતા આ રસ્તાનું બાંધકામ છ મહિના પહેલાં જ પૂરું કરવામાં આવ્યું હતું અને હજુ તેનું ઉદ્ઘાટન કરવાનું પણ બાકી હતું.

હવામાન ખાતાના જણાવ્યાનુસાર એક જ દિવસમાં આ વિસ્તારમાં ૮૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હાઈવેનો તૂટેલો હિસ્સો દર્શાવતો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ (જુઓ પાનું ૨) ▸▸

## રાજસ્થાનમાં વાયુસેનાનું ફાઈટર વિમાન ક્રેશ થયું: બે પાઈલટનાં મોત

જયપુર: રાજસ્થાનના ચુરુ જિલ્લામાં બુધવારે ભારતીય વાયુ સેનાનું એક જગુઆર ટ્રેનર વિમાન નિયમિત તાલીમ મિશન દરમિયાન ક્રેશ થયું હતું અને એના બે પાઇલટનાં મોત થયાં છે.

વાયુ સેનાએ જણાવ્યું હતું કે અકસ્માતનું કારણ જાણવા માટે કોર્ટ ઓફ ઇન્ક્વાયરીની રચના કરવામાં આવી છે.

વાયુ સેનાએ કહ્યું હતું કે તે જાનહાનિ પર 'ખૂબ દુ:ખ' અનુભવે છે અને આ દુ:ખના સમયમાં શોકગ્રસ્ત પરિવારો સાથે મજબૂત રીતે ઊભું છે.

અગાઉ એસએચઓ રાજલદેસર, કમલેશે જણાવ્યું હતું કે, વિમાન બપોરે ૧.૨૫ વાગ્યાની આસપાસ ભાનોડા ગામમાં એક ખેતરમાં ક્રેશ થયું હતું.

તેમણે કહ્યું કે ક્રેશ સ્થળની નજીક માનવ શરીરના અવશેષ મળી આવ્યા હતા.

દુર્ઘટનાના થોડા સમય પછી, સ્થાનિક લોકો સ્થળ પર દોડી ગયા હતા અને સળગતો કાટમાળ જોયો હતો.

રતનગઢના સર્કલ ઓફિસર અનિલ કુમારે જણાવ્યું હતું કે, રાજલદેસર અને રતનગઢ પોલીસ સ્ટેશનના પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

આ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડે અને મુખ્ય પ્રધાન ભજનલાલ શર્માએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

''ચુરુ જિલ્લાના રતનગઢ વિસ્તારમાં ભારતીય વાયુસેનાના વિમાનના ક્રેશના દુ:ખદ સમાચાર પ્રાપ્ત

(જુઓ પાનું ૨) ▸▸

## 'ભારત બંધ'ની સામાન્ય જનજીવન પર બહુ ઓછી અસર

નવી દિલ્હી: દસ કેન્દ્રીય ટ્રેડ યુનિયન સાથે સંકળાયેલા કર્મચારીઓ અને કામદારોએ બુધવારે જાહેર કરેલા 'ભારત બંધ'ની સામાન્ય જનજીવન પર નજીવી અસર થઈ હતી. હડતાળની આવશ્યક સેવાઓ પર તેની કોઈ અસર નહોતી થઈ.

કેરળ, ઝારખંડ અને પુડુચેરીમાં બંધની આંશિક અસર જોવા મળી હતી અને ત્યાં પસંદગીની અમુક સેવાઓ પર બંધની અસર થઈ હતી.

નવા શ્રમ કાયદાના વિરુદ્ધના પ્રદર્શનમાં પચીસ કરોડ કામદારો જોડાયા હોવાનો ટ્રેડ યુનિયનોએ દાવો કર્યો હતો.

ઑલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસના મહામંત્રી અમરજિત કૌરે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે બુધવારે સવારથી બંધનો આરંભ થયો હતો. પ. બંગાળ, કેરળ, ઝારખંડ, કર્ણાટક, (જુઓ પાનું ૨) ▸▸

## નામિબિયા આફ્રિકામાંનું ભારતનું વિશ્વસનીય ભાગીદાર: મોદી

વિંડહોક : ભારત આફ્રિકામાં તેના 'અમૂલ્ય અને વિશ્વસનીય ભાગીદાર' નામિબિયા સાથે દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા માગે છે, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું. મોદી તેમના પાંચ દેશની મુલાકાતના અંતિમ ચરણના ભાગરૂપે નામિબિયામાં પહોંચ્યા હતા. મોદીની નામિબિયાની આ પહેલી મુલાકાત છે અને ભારતના કોઈ પણ વડા પ્રધાનની આ ત્રીજી મુલાકાત છે.

હવાઈમથકે મોદીનું સ્વાગત આંતરરાષ્ટ્રીય બાબતો અને વેપારના પ્રધાન સેલમા અશીપાલા મુસાવીએ કર્યું હતું. મોદીનું પરંપરાગત સ્વાગત હવાઈમથકે કરવામાં આવ્યું હતું.

મોદી મુલાકાત દરમિયાન પ્રમુખ નેટુમ્બો નંદી-નદૈતવા સાથે મંત્રણા કરશે અને નામિબિયાની સંસદનું સંબોધન કરશે.

મોદીએ એક્સ પર પોસ્ટ મૂકી હતી કે વિંડહોકમાં ઉતરાણ કર્યું છે. નામિબિયા અમૂલ્ય અને વિશ્વસનીય ભાગીદાર છે અને આપણે તેની જોડેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા માગીએ છીએ. હું પ્રમુખ નેટુમ્બો નંદી-નદૈતવા સાથે મુલાકાત કરવા અને નામિબિયાની સંસદનું સંબોધન કરવા આતુર છું. મોદી પ્રમુખ નેટુમ્બો નંદી-નદૈતવાના આમંત્રણને માન આપીને નામિબિયામાં ગયા છે. (એજન્સી)■

## મોદીને નામિબિયાનો સર્વોચ્ચ એવૉર્ડ

વિન્ડહૉક: ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બુધવારે નામિબિયાના સર્વોચ્ચ નાગરિકી એવૉર્ડ 'ઑર્ડર ઑફ ધ મૉસ્ટ ઍન્સિયન્ટ વૅલવિટ્ચિયા મિરાબિલિસ' એનાયત કરવામાં આવ્યો હતો. નામિબિયાના પ્રમુખ નૅટૂમ્બો નાન્દી-ન્દાઈત્વા દ્વારા મોદીને આ એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મોદી પાંચ રાષ્ટ્રની તેમની મુલાકાતના છેલ્લા તબક્કામાં હાલ નામિબિયામાં છે. મોદીની નામિબિયાની આ પ્રથમ મુલાકાત છે. નામિબિયાની મુલાકાતે જનારા મોદી ભારતના ત્રીજા વડા પ્રધાન છે.

વર્ષ ૨૦૧૪માં વડા પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ વિદેશની સરકાર દ્વારા મોદીને એનાયત કરવામાં આવેલો આ ૨૭મો આંતરરાષ્ટ્રીય એવૉર્ડ છે. ■

## કેન્દ્ર વધુ ૧,૫૦૦ એક્સ-રે મશીન ખરીદશે

નવી દિલ્હી: ટ્યૂબરક્યૂલોસિસ (ટીબી) વિરુદ્ધની લડતને વધુ મજબૂત કરવા કેન્દ્રનું આરોગ્ય ખાતું જલદી જ વધુ ૧,૫૦૦ પૉર્ટેબલ એક્સ-રે મશીન ખરીદશે. ટીબીની બીમારીનું વહેલું નિદાન કરી શકાય તે માટે વધુ પૉર્ટેબલ ૧,૫૦૦ એક્સ-રે મશીનની ખરીદી કરવામાં આવશે.

દેશભરના સ્ક્રિનિંગ સેન્ટરમાં અગાઉ જ ૫૦૦ જેટલા પૉર્ટેબલ એક્સ-રે મશીન બેસાડી દેવામાં આવ્યા છે.

દેશભરની ૪૬,૦૦૦ કરતાં પણ વધુ ગ્રામ પંચાયતને ટીબીમુક્ત જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ અગ્રસ્થાને છે. ભૌગોલિક રીતે પ્રમાણમાં નાનાં રાજ્યોમાં ઉત્તરાખંડમાં ટીબીના દરદીઓની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો થયેલો જોવા મળી રહ્યો છે.

દેશના ૩૪૭ જિલ્લાથી ટીબીમુક્ત ભારત અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો અને ત્યાર બાદ દેશના તમામ જિલ્લાઓને તેમાં સમાવી લેવામાં આવ્યા હતા.(એજન્સી)■

## ઉત્તર પ્રદેશે એક દિવસમાં ૩૭ કરોડથી વધુ છોડ વાવ્યા

લખઊ: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે બુધવારે જણાવ્યું હતું કે રાજ્યમાં ચાલી રહેલા 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ એક જ દિવસમાં ૩૭ કરોડથી વધુ છોડ વાવીને નવો રેકોર્ડ બનાવ્યો છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં, એમણે કહ્યું કે, 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ, ઉત્તર પ્રદેશ આજે, ૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ એક નવુ સીમાચિહ્નરૂપ બનશે.

''વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ, રાજ્યએ છેલ્લાં આઠ વર્ષમાં સફળતાપૂર્વક ૨૦૪ કરોડથી વધુ વૃક્ષો વાવ્યાં છે, જેનાથી જંગલ વિસ્તારમાં પાંચ લાખ એકરનો વધારો થયો છે.''

''આ પ્રયાસને ચાલુ રાખીને, અમે એક જ દિવસમાં રાજ્યભરમાં ૩૭ કરોડથી વધુ છોડ વાવવાનું લક્ષ્ય રાખીએ છીએ,'' એમ મુખ્ય પ્રધાને લોકોને આ અભિયાનમાં ભાગ લેવા અને પર્યાવરણ સંરક્ષણ દ્વારા ધરતી માતા અને તેમની પોતાની માતાઓ પ્રત્યે કૃતજ્ઞતા (જુઓ પાનું ૨) ▸▸

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બિહારમાં મતદાર સુધારણા, પંચે પેટ ચોળીને શૂળ ઊભું કર્યું

**બિહારમાં** વિધાનસભાની ચૂંટણીને ગણીને ચાર મહિના બચ્યા છે ત્યારે એ પહેલાં જ કેન્દ્રીય ચૂંટણી પંચે વોટર વેરિફિકેશન શરૂ કરતાં બબાલ થઈ ગઈ છે. કોંગ્રેસ અને આરજેડી સહિતના વિરોધ પક્ષોએ ચૂંટણી પહેલા થઈ રહેલા વોટર વેરિફિકેશનના વિરોધમાં બાંયો ચડાવી છે અને વિપક્ષોએ સંયુક્ત રીતે બુધવારે બિહાર બંધ પણ પળાવ્યો. વિપક્ષોનો આક્ષેપ છે કે, ભાજપના ઈશારે ચૂંટણી પંચ વોટર વેરિફિકેશનનું તૂત ચલાવીને આરજેડી અને કોંગ્રેસ સહિતના વિપક્ષોના સમર્થક મતદારોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવાનો કારસો કરી રહી છે. મહારાષ્ટ્રમાં ભાજપ આ જ ખેલ કરીને ચૂંટણી જીતેલો ને બિહારમાં પણ હવે એ જ દાવ અજમાવી રહ્યો છે.

ભાજપનો આ કહેવાતો દાવ સફળ ના થાય એટલે વિપક્ષો રસ્તા પર ઉતરી આવ્યા છે અને ચૂંટણી માટે એક મોટો મુદ્દો ઊભો કરવા મથામણ કરી રહ્યા છે. આમ તો હવે પહેલાંની જેમ બંધ સફળ થતા નથી, કેમ કે લોકો પાસે પોતાની રોજિંદી હાડમારીઓમાંથી ઊંચા આવવાનો સમય જ નથી. બુધવારે જ ડાબેરી મોરચાનાં યુનિયનોએ ભારત બંધનું એલાન આપેલું, પણ થોડાંક રાજ્યોને બાદ કરતાં તેની ક્યાંય અસર ના વર્તાઈ પણ બિહારમાં આરજેડી એકદમ મજબૂત છે તેથી બંધની વ્યાપક અસર જોવા મળી. ઠેર ઠેર ઉગ્ર દેખાવો થયા. આરજેડીના નેતા તેજસ્વી યાદવ અને કોંગ્રેસના રાહુલ ગાંધી સહિતના નેતાઓ બંધમાં જોડાયા તેના કારણે ફોર્મમાં આવી ગયેલા આરજેડી-કોંગ્રેસના કાર્યકરોએ તોડફોડ ને હિંસા પણ કરી.

કોંગ્રેસ-આરજેડી કાર્યકરોએ નેશનલ હાઈવે ચક્કાજામ કરી દીધા ને રેલવે ટ્રેક પણ બ્લોક કરીને ટ્રેન વ્યવહાર પણ ઠપ્પ કરી દીધો. બિહારમાં ઠેર ઠેર વિપક્ષોના કાર્યકરો દ્વારા રસ્તા બંધ કરવામાં આવ્યાં તેમાં સેંકડો વાહનો જામમાં ફસાઈ ગયાં ને ટ્રેનો રોકવામાં આવી તેમાં હજારો મુસાફરો રઝળી પડ્યા. બંધના કારણે લાખોને તકલીફો પડી પણ રાજકીય પક્ષોને લોકોની પરવા હોતી નથી. તેમને ચૂંટણી જીતવામાં રસ હોય છે ને ચૂંટણી જીતવા માટે મુદ્દા ઊભા કરવામાં રસ હોય છે તેથી લોકોની તકલીફોની પરવા કર્યા વિના વિપક્ષી કાર્યકરોએ બરાબર ધમાધમી કરીને નવેમ્બરમાં યોજાનારી ચૂંટણી માટે એક મુદ્દો ઊભો કરી દીધો.

બિહારમાં વિપક્ષો હિંસા પર ઉતરીને ખોટું કરી રહ્યા છે તેમાં બેમત નથી પણ કેન્દ્રીય ચૂંટણી પંચ પણ સાવ નિર્દોષ નથી જ. બલ્કે ચૂંટણી પંચે પેટ ચોળીને આ શૂળ ઊભું કર્યું છે. સામાન્ય રીતે કોઈ પણ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી થાય એ પહેલાં મતદાર સુધારણાનું કામ થતું હોય છે. બિહારમાં પણ કેન્દ્રીય ચૂંટણી પંચે પણ નવેમ્બરમાં થનારી ચૂંટણી માટે મતદાર સુધારણાનું જ કામ હાથ ધર્યું છે પણ તેમાં જે શરતો રાખી છે તેના કારણે બબાલ થઈ ગઈ છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ મતદારોને એક ફોર્મ આપ્યું છે. દરેક મતદારે પોતે મતદાર છે એ સાબિત કરવા માટે આ ફોર્મ ભરીને પાછું આપવાનું છે. વિરોધનો મુદ્દો એ છે કે, આ વેરિફિકેશન માટે રેશન કાર્ડ કે આધાર કાર્ડ જેવા દસ્તાવેજો માન્ય નહીં ગણાય. વેરીફિકેશન માટે ચૂંટણી પંચે ૧૨ દસ્તાવેજોને માન્ય ગણ્યા છે. આ દસ્તાવેજોમાં સરકાર દ્વારા જમીનની ફાળવણી, બર્થ સર્ટિફિકેટ, પાસપોર્ટ, જ્ઞાતિનું પ્રમાણપત્ર, બોર્ડ કે યુનિવર્સિટીનું ડિગ્રી સર્ટિફિકેટ સહિતના દસ્તાવેજોને માન્ય ગણવામાં આવશે.

આ શરત વિચિત્ર કહેવાય કેમ કે દેશમાં કોઈ પણ પ્રકારના દસ્તાવેજ માટે આધાર કાર્ડ માન્ય ગણાય છે. ચૂંટણી પંચે જેને માન્ય દસ્તાવેજ ગણ્યો છે એ પાસપોર્ટ પણ માત્ર આધાર કાર્ડને આધારે કાઢી અપાય છે પણ મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે એ જ આધાર કાર્ડ માન્ય નહીં ગણાય. સામાન્ય લોકો પાસે આધાર કાર્ડ જ મુખ્ય દસ્તાવેજ છે પણ ચૂંટણી પંચ તેને જ માન્ય નથી ગણતું એ વિચિત્રતા કહેવાય.

ચૂંટણી પંચે વેરિફિકેશનમાંથી ૨૦૦૩ની મતદાર યાદીમાં સમાવેશ કરાયો હોય તેમને મુક્તિ આપી એ પણ વિચિત્ર છે. પંચનું કહેવું છે કે, વિદેશી ઘૂસણખોરો સહિત જે લોકોનાં નામ ખોટી રીતે મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યા છે તેમનાં નામ કાઢી નાખવામાં આવશે પણ એ સિવાય કોઈનાં નામ કાઢી નહીં નંખાય. સવાલ એ છે કે, ૨૦૦૩ને આધાર કેમ બનાવાયો ? ૨૦૦૩ પહેલાં ખોટી રીતે કોઈનાં નામ દાખલ નહીં કરાયાં હોય એવું માની લેવા માટે કોઈ તાર્કિક આધાર નથી. પંચમાં બેઠેલાં લોકોને તુક્કો સૂઝ્યો એટલે ૨૦૦૩ની મતદાર યાદીને આધાર બનાવી દીધો પણ તેના માટે કોઈ કારણ નથી.

પંચ હવે સુધારણાની ક્વાયત કરી રહ્યું છે ત્યારે તેણે ખરેખર બધા મતદારોની ચકાસણી કરી લેવાની હતી. તેના બદલે આ અડધીપડધી ક્વાયત દ્વારા પંચ શું સાબિત કરવા માગે છે એ ખબર નથી. હાલમાં, બિહારમાં લગભગ ૭ કરોડ ૮૯ લાખ મતદારો છે. આમાંથી લગભગ ૪ કરોડ ૯૬ લાખ મતદારોનો પણ ૨૦૦૩ની મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમનું વેરિફિકેશન કરવામાં આવશે નહીં. ચૂંટણી પંચનું કહેવું છે કે, વિપક્ષો નકામો હોબાળો કરી રહ્યા છે કેમ કે વાસ્તવમાં બાકીના ૨ કરોડ ૯૩ લાખ મતદારોનું જ વેરિફિકેશન કરવાનું છે. આ વાત ખોટી છે કેમ કે ૨૨ વર્ષમાં જે મતદારો ગુજરી ગયા હશે કે દેશ છોડીને જતા રહ્યા હશે તેમનાં નામ યાદીમાંથી નિકળી ગયાં હશે. તેમની સંખ્યા નાનીસૂની નહીં હોય એ જોતાં લગભગ ૫૦ ટકા મતદારોનું વેરિફિકેશન કરવાનું થશે જ, એ જોતાં વેરિફિકેશન બધા મતદારોનું જ કરી લેવું જોઈએ ને? બીજું એ કે, ખોટા મતદારોને કાઢવા હોય તો આખા દેશમાં કાઢવા જોઈએ. એક રાજ્યમાં શું કરવા?

વિપક્ષોને પણ આ મુદ્દાનો ચૂંટણીમાં લાભ લેવામાં રસ છે એટલે જ તેમણે હોહા આદરી છે. બાકી મતદાર યાદી સુધારણાના મામલામાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ૧૦ જુલાઈએ થવાની જ છે. ૫ જુલાઈએ એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) એ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને બિહારમાં મતદાર યાદીમાં સુધારો કરવાના ચૂંટણી પંચના આદેશને રદ કરવાની માગ કરી જ છે. વિપક્ષો સુપ્રીમ કોર્ટના ચુકાદા સુધી રાહ જોવાની જરૂર હતી પણ ત્યાં સુધી રાહ જોવા જાય તો હાથમાંથી મુદ્દો જતો રહે એટલે સુનાવણીના એક દિવસ પહેલાં જ તેમણે બંધનું એલાન આપીને મુદ્દાને ગરમ કરી દીધો. આશા રાખીએ કે, સુપ્રીમ કોર્ટ ન્યાયી વલણ અપનાવીને આ મુદ્દાને મોટો ના બનવા દે કેમ કે મુદ્દો મોટો બનશે તો હિંસા થશે ને લોકોને તકલીફ થશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ,ગુરુવાર, તા.૧૦-૭-૨૦૨૫, ગુરુપૂર્ણિમા, ભદ્રા સમાપ્તિ, સંન્યાસીના ચાતુર્માસ્યારંભ.

- ભારતીય દિનાંક ૧૯, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૫ સુધી, પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૦૯, રાત્રે ક. ૨૩-૨૭
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૬ (તા. ૧૧)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,

- 'વિશ્વાવસુ' નામ સંવત્સર, અષાઢ શુક્લ - પૂર્ણિમા. વ્રતની પૂનમ, અષાઢી પૂર્ણિમા, ગુરુપૂર્ણિમા, વ્યાસપૂજા, સૌરાષ્ટ્રમાં મોળાકાતનું જાગરણ, સંન્યાસીના ચાતુર્માસ્યારંભ. વાલ્મીકિ નગરયાત્રા, મન્વાદિ, અન્વાધાન, કોકિલા વ્રતારંભ, શિવશયનોત્સવ (ઓરિસ્સા) ભદ્રા સમાપ્તિ ક. ૧૩-૫૪. સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુમાં વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ગુરુપૂર્ણિમા ઉત્સવ, ગુરુપૂજન, શ્રી ગુરુ દત્તાત્રેય પૂજન, સંતો, સર્વ ગુરુજનો, શિક્ષકો, બ્રાહ્મણો, વિદ્વાનોના પૂજનનો મહિમા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, કુળદેવી દેવતાનું પૂજન, તીર્થયાત્રા, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ધાન્ય ઘરે લાવવું. પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવાસનો શોખ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ પરિવારમાં નાણાં વ્યવહારમાં સાવચેતી રાખવી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# જાલિમ બાદશાહે ખ્વાબમાં શું જોયું?: ચડતા સૂરજ ધીરે ધીરે ઢલતા હૈ ઢલ જાયેગા

**એ** સમયનો આ પ્રસંગ છે જે કયામત (મૃત્યુલોક, ન્યાયના દિવસ) સુધી હિદાયત-ધર્મની સાચી સમજ, બોધ, જ્ઞાન શાસન કર્તાને આપતો રહેશેઃ

- ઈરાકના કુર્દી કોમના બાદશાહ બખ્તેનસર સત્તાસ્થાને આરૂઢ હતા.

* ઈરાન,

* અફઘાનિસ્તાન,

* તુર્કીસ્તાન અને ઠેઠ સિંધ પ્રદેશ સુધી તેમની વિશાળ સત્તા ફેલાયેલી હતી.

- પેલેસ્ટાઈનમાં યહૂદીઓનો દબદબો અને રાજ હતું.

- મહાન સૂફી-સંત, અલ્લાહના ઓલિયા હઝરત દાનિયાલ પણ પેલેસ્ટાઈનમાં જ વસવાટ કરતા હતા.

- અંદરોઅંદરના વિખવાદોના કારણે યહૂદીઓનું રાજ્ય નબળું પડતું જઈ રહ્યું હતું અને બાદશાહ બખ્તેનસરની કડવી નજર પેલેસ્ટાઈન પર હતી.

- બખ્તેનસરે એક દિવસ લાગ જોઈને યહૂદીઓના રાજ્ય પર લાવલશ્કર સાથે ચડાઈ કરી અને જીતીને યહૂદીઓ પર અમાનુષી અત્યાચાર ગુજાર્યો. ત્યાંના બુદ્ધિજીવીઓ સાથે અસંખ્ય નિર્દોષ લોકોને પણ કેદ કર્યા. એ કેદીઓમાં સંત હઝરત દાનિયાલ પણ હતા. એક ઘોર અંધારી રાતે બાદશાહ બખ્તેનસરે ભયાનક ખ્વાબ જોયો. આ સપનાને લીધે તે ખૂબ જ ભયભીત થઈ ગયો, પરંતુ પરોઢ થતા રાત્રે જોયેલા ખ્વાબને તે વિસરી ગયો. ડરને લીધે સ્મરણપટ પરથી લુપ્ત થઈ ગયેલા સપનાની ઘટના તેને કેમે કરીને યાદ આવતી નહોતી. આથી તેણે તેના દરબારી જ્યોતિષીઓ, ફાલ કાઢનારાઓ, સ્વપ્ન ફળ બતાવનારાઓને એકઠા કર્યા અને રાત્રે કયું સપનું જોવાથી તે આટલો ભયભીત થઈ ગયો હતો, તેની વિગત બતાવવા કહ્યું, પરંતુ કોઈ પણ દરબારી નજુમી કે ફાલ કાઢનારા એ બતાવી શકવા સમર્થ નીવડ્યા નહીં. એટલે તેણે એ બધાની કતલ કરવાનો આદેશ આપ્યો.

-મહાન આલિમ-વિદ્વાન હઝરત દાનિયાલ એ સમયે બખ્તેનસરના કેદખાનામાં કેદ હતા. તેમને આ અત્યાચારી બાદશાહના મજકુર સપનાની જાણ થઈ. આપે જેલર દ્વારા રાજા બખ્તેનસરને કહેવડાવ્યું કે તેઓ બાદશાહે જોયેલા ખ્વાબને વર્ણવીને તેની સાચી તાઅબીર (અર્થ) બતાવી શકે એમ છે. બખ્તેનસરે હઝરત દાનિયાલને કેદમાંથી મુક્ત કર્યા અને ખ્વાબનું ફળ બતાવવા કહ્યું. સંત હઝરત દાનિયાલે રાજા પાસે એક દિવસની મુદત માગી અને રબની ઈબાદત-બંદગીમાં મશગૂલ થઈ ગયા. પરવરદિગારે આલમે હઝરત દાનિયાલને ખ્વાબની વિગત અને તેનું ફળ બંનેનો ઈલ્મ (જ્ઞાન) અતા ફરમાવ્યો. માશા અલ્લાહ (ઈશ્વર મહાન છે.)

- બીજે દિવસે હઝરત દાનિયાલ રાજદરબારમાં ઉપસ્થિત થઈ, સૌપ્રથમ કેદ કરાયેલા દરબારીઓ, જ્યોતિષીઓ, સ્વપ્નફળ બતાવી ન શકનારા નજુમીઓ અને નિર્દોષ લોકોને કેદખાનામાંથી મુકત કરી, માફી આપવા બખ્તેનસરને જણાવ્યું. બાદશાહે હઝરત દાનિયાલના કહેવા પ્રમાણે સૌને ક્ષમા આપી જેલ મુકત કર્યા. ત્યારે બાદ બાદશાહે એક દિવસ પૂર્વે, પાછલી પરોઢે જોયો હતો તે સપનાનું આબેહૂબ વર્ણન હઝરત દાનિયાલે કર્યું અને બખ્તેનસરને એનો અર્થ બતાવતા કહ્યું કે, તેં જોયેલો ખ્વાબ સ્પષ્ટ સંકેત આપે છે, કે ટૂંક સમયમાં જ તારા જુલ્મોસિતમ અને તકબ્બૂર (અભિમાન, ઘમંડ)નો બદલો તને એ મળશે કે પ્રજાથી દૂર થઈને તુ હેવાન (જનાવરો)ની સાથે રહેવા લાગી જશે.

- અને જોતજોતામાં સમયે દસ્તક દઈ દીધી કે હઝરત દાનિયાલે ઉચ્ચારેલી વાણી અક્ષરસ સાચી પડી. અત્યાચારી બખ્તેનસર જાનવરોની જેમ ઘાસ ચરવા લાગ્યો. બારગાહે ઈલાહી (અલ્લાહના દરબાર)માં તે આજીજીભરી ગીરિયાજારી કરતો રહ્યો, રડતો, કકળતો રહ્યો. તૌબા, પશ્ચાતાપના આંસુઓ સાર્યા પછી તેની હાલત પૂર્વવત્ થઈ.

(ફરી ગુનાહ ન કરવાની શર્તેજસ્તો).

-અલ્લાહ સંપૂર્ણ છે અને ઈન્સાન અપૂર્ણસ્ત્રી હોય કે પુરુષ! સપનું દરેકને આવતું હોય છે. અર્ધજાગૃત મનની દશામાં ખ્વાબ આવે છે. ભરઊંઘમાં પણ આવતું હોય છે. માનવીના અંતરમનમાં સંઘરાયેલા વિચારો પણ સ્વપ્ન રૂપે રજૂ થાય છે. સપનું જોયા પછી મોટે ભાગે તે યાદ રહેતું નથી અથવા આપણે એને ભૂલી જઈ, એના પર ઝાઝો વિચાર કરતા હોતા નથી. હઝરત દાનિયાલનું કથન છે કે જો ખ્વાબની તાઅબીર (અર્થ) કોઈને પૂછવાની જરૂર પડે તો તેણે સવારથી લઈ મધ્યાહન સુધીમાં કોઈ આલિમ-જ્ઞાની જાણકારને પૂછવું યોગ્ય બની રહેવા પામશે.

**સનાતન સત્યઃ**

- યાદ રહે, કોઈ પણ અર્થ વગરનો ખ્વાબ, સપનું હોતું નથી. બહુ ઓછા લોકો હોય છે જેને સપનું યાદ રહે છે.

* * *

**પથ્થર કી લકીરઃ**

પયગંબર હઝરત મુહમ્મદ (સલ.) કહે છે કે,

* દુનિયામાં ડબલ ઢોલકી (બે જીભે બોલનાર) હશે કયામતમાં તેને માટે આગની જીભ હશે. એક રિવાયત્ (અક્ષરઃશ કથન)માં છે, કે તે માણસ માટે આગની બે જીભો હશે.

**બોધઃ** ખરાબ ટેવવાળાઓનું શું થશે?

-મોમીન બંદાએ આ વાત વિચારી લેવી ફાયદેમંદ છે. લાભકર્તા છે.

ખોટા સંસ્કાર કેળવવા નહીં. ખોટા સંસ્કાર ઘણી ખરાબ વાત છે. એજ પ્રમાણે આપ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું છે, કે ચાડીઓ ખાનાર શખસ જન્નતમાં દાખલ થશે નહીં.

ડબલ વાતો કરનાર ડબલ ઢોલકી છે.

તેનો અંજામ પણ બૂરો છે.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

કોઈના દિલમાં અને દુઆમાં જો તમે રહેતા હોવ તો સાચું માનજો કે તમારાથી વધુ નસીબદાર કોઈ નથી.

-હદીસ ■

# છત્તીસગઢમાં ૧૨ નક્સલીઓનું આત્મસમર્પણ

દંતેવાડાઃ છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં બુધવારે ૧૨ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું હતું. જેમાંથી નવ નક્સલીઓના માથા પર કુલ ૨૮.૫૦ લાખ રૂપિયાનું ઇનામ હતું. આ માહિતી એક પોલીસ અધિકારીએ આપી હતી.

દંતેવાડાના પોલીસ અધિક્ષક ગૌરવ રાયના જણાવ્યા અનુસાર જૂન ૨૦૨૦માં શરૂ કરવામાં આવેલા 'લોન વર્રાતુ' (ગોંડી બોલીમાં જેનો અર્થ તમારા ઘરે/ગામ પાછા ફરો એવો થાય છે) અભિયાન હેઠળ અત્યાર સુધીમાં જિલ્લામાં કુલ ૧,૦૦૫ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. જેમાં ૨૪૯ નક્સલીઓના માથે ઇનામ રાખવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું કે દંતેવાડા પોલીસના 'લોન વર્રાતુ' અભિયાન હેઠળ આત્મસમર્પણ કરનારા માઓવાદીઓની સંખ્યા ૧૦૦૦નો આંકડો પાર કરી ગઇ છે. આ સિદ્ધિ સરકારની દૂરંદેશી નીતિઓ, સુરક્ષા દળોની સતત કાર્યવાહી અને સ્થાનિક સમુદાયોના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આ માઓવાદીઓની ખોખલી વિચારધારાને કારણે ભટકી ગયેલા યુવાનોને મુખ્ય પ્રવાહમાં પાછા લાવવાની સરકાર અને વહીવટીતંત્રની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે બે મહિલાઓ સહિત ૧૨ કેડરોએ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ(સીઆરપીએફ)ના અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. તેમણે પ્રતિબંધિત સંગઠનની અંદર વધતા મતભેદો, કઠોર વન જીવન અને ખોખલી માઓવાદી વિચારધારા અંગે નિરાશા વ્યક્ત કરી હતી. ■

# શુભાંશુ શુક્લા અવકાશમાં ખેડૂત બન્યાઃ મેથી અને મગના બીજ ઉગાડ્યાં

નવી દિલ્હી : ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા તેમના અવકાશ પ્રવાસના અંતિમ તબક્કામાં, ખેડૂત બન્યા, તેમણે સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણ અંકુરણ અને પ્રારંભિક છોડના વિકાસને કેવી રીતે પ્રભાવિત કરે છે તેના અભ્યાસના ભાગ રૂપે પેટ્રી ડીશમાં અંકુરિત 'મગ' અને 'મેથી'નાં બીજના ફોટા લીધા અને તેમને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (આઈએસએસ) ના સ્ટોરેજ ફ્રીઝરમાં મૂક્યા.

શુક્લા અને તેમના સાથી એક્સિઓમ-૪ અવકાશયાત્રીઓએ ભ્રમણકક્ષા પ્રયોગશાળામાં ૧૨ દિવસ વિતાવ્યા છે અને ફ્લોરિડા કિનારાની હવામાન પરિસ્થિતિઓના આધારે, તેઓ ૧૦ જુલાઈ પછી કોઈપણ દિવસે પૃથ્વી પર પાછા ફરે તેવી અપેક્ષા છે.

નાસાએ અવકાશ મથકથી એક્સિઓમ-૪ મિશનને અનડોક કરવા માટેની તારીખ હજુ સુધી જાહેર કરી નથી. આઈએસએસ સાથે ડોક કરાયેલ એક્સિઓમ-૪ મિશનનો સમયગાળો ૧૪ દિવસ સુધીનો છે.

''મને ખૂબ ગર્વ છે કે ઇસરો દેશભરની રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહયોગ કરી શક્યું છે અને હું સ્ટેશન પર બધા વૈજ્ઞાનિકો અને સંશોધકો માટે કેટલાંક અદ્‌ભુત સંશોધનો કરી રહ્યો છું. આ કરવું ખૂબ જ રોમાંચક અને આનંદદાયક છે,'' એમ શુક્લાએ બુધવારે એક્સિઓમ સ્પેસના ચીફ સાયન્ટિસ્ટ લ્યુસી લો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

આ સ્પ્રાઉટ્સ પ્રયોગનું નેતૃત્વ બે વૈજ્ઞાનિક - યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચરલ સાયન્સિસ, ધારવાડના રવિકુમાર હોસમાની અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ધારવાડના સુધીર સિદ્ધપુરેડ્ડી કરી રહ્યા છે.

પૃથ્વી પર પાછા ફર્યા પછી, બીજ તેમના આનુવંશિકતા, માઇક્રોબાયલ ઇકોસિસ્ટમ અને પોષણ પ્રોફાઇલમાં થયેલા ફેરફારોની તપાસ કરવા માટે ઘણી પેઢીઓ સુધી ઉગાડવામાં આવશે, એમ એક્સિઓમ સ્પેસના એક નિવેદનમાં જણાવાયું છે.

બીજા પ્રયોગમાં, શુક્લાએ સૂક્ષ્મ શેવાળનો ઉપયોગ અને સંગ્રહ કર્યો, જેની ખોરાક, ઓક્સિજન અને બાયોફ્યુઅલ ઉત્પન્ન કરવાની તેમની ક્ષમતા માટે તપાસ કરવામાં આવી રહી છે. તેમની સ્થિતિસ્થાપકતા અને વૈવિધ્યતા તેમને લાંબા ગાળાના મિશન પર માનવ જીવનને ટેકો આપવા માટે આદર્શ બનાવે છે.

શુક્લાએ પાકના બીજ પ્રયોગ માટે છબીઓ પણ લીધી, જ્યાં મિશન પછી ઘણી પેઢીઓ સુધી છ જાતો ઉગાડવામાં આવશે. આનો ધ્યેય અવકાશમાં ટકાઉ ખેતી માટે ઇચ્છનીય આનુવંશિક વિશ્લેષણ માટે ઇચ્છનીય લક્ષણો ધરાવતા છોડને ઓળખવાનો છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### આણંદ-વડોદરાને

સ્થાનિક વહીવટીતંત્ર અને આપત્તિ રાહત ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ડાઇવર્સની મદદથી, નદીમાં પડી ગયેલા ડ્રાઇવરો અને અન્ય ઘાયલોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

દુર્ઘટના બાબતે માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર એન. એમ. નાયકાવાલાએ જણાવ્યું હતું કે અમારા રિપોર્ટમાં બ્રિજમાં મેજર ડેમેજ નહોતું. પુલ જર્જરિત નથી. વડા પ્રધાન મોદી અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા આ કરૂણ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું હતું તથા મૃતકના પરિવારજનો અને ઈજાગ્રસ્તો માટે સહાયની જાહેરાત કરી હતી. રાજ્ય સરકારે મૃતકોના પરિવારને રૂ.૪ લાખની સહાયની જાહેરાત કરી હતી. તે ઉપરાંત, દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત થયેલા દરેક વ્યક્તિને રૂ.૫૦,૦૦૦ની તાત્કાલિક આર્થિક સહાય આપવામાં આવશે તેમજ તમામ સારવારનો ખર્ચ પણ રાજ્ય સરકાર ઉઠાવશે.

આ દુર્ઘટનામાં મોતને ભેટેલા લોકોમાં (૧) વૈદિકા રમેશભાઈ પઢીયાર, ઉં. વ.- ૪, ગામ- મુજપુર, દરિયાપુરા,૨) નૈતિક રમેશભાઈ પઢીયાર, ઉં. વ.-૨ , ગામ- મુજપુર, દરિયાપુરા,૩) હસમુખભાઈ મહીજીભાઈ પરમાર, ઉં. વ.-૪૦ , ગામ-મજાતણ,૪) રમેશભાઈ દલપતભાઈ પઢીયાર, ઉં. વ.૩૮, ગામ-દરિયાપુરા,૫) વખતસિંહ મનુસિંહ જાદવ, ગામ-કાન્હવા,૬) પ્રવિણભાઈ રાવજીભાઈ જાદવ, ઉં. વ.૨૬, ગામ-ઉંડેલ,૭) કાનજી મેલાભાઈ માછી, ઉં. વ. ૪૦, ગામ-ગંભીરા, આંકલાવ,૮) જશુભાઈ શંકરભાઈ હરિજન, ઉં. વ. ૬૫, ગામ-ગંભીરા, આંકલાવ,૯) રાજેશભાઈ ઈશ્વરભાઈ ચાવડા, ઉં. વ. ૨૨, ગામ-દેવાપુરા, આંકલાવ,૧૦) સુખભાઈ ભગવાનભાઈ વાગડિયા, ઉં. વ. ૩૨, ગામ-સરસવા, પંચમહાલનો સમાવેશ થાય છે.

જ્યારે ૧. સોનલબેન રમેશભાઈ પઢિયાર, ઉં. વ.૪૫, ગામ-દરિયાપુરા, ૨. નરેન્દ્રસિંહ રતનસિંહ પરમાર, ઉં. વ. ૪૫, ગામ-દહેવાણ, ૩. ગણપતસિંહ ખાનસિંહ રાજુલા, ઉં. વ. ૪૦, ગામ-રાજસ્થાન, ૪. દિલીપભાઈ રામસિંહ પઢિયાર, ઉં. વ. ૩૫, ગામ-નાની શેરડી,૫. રાજુભાઈ ડુડાભાઇ, ઉં. વ. ૩૦, ગામ-દ્વારકા,૬. રાજેશભાઈ ઈશ્વરભાઈ ચાવડા, ઉં. વ. ૪૫, ગામ-દેવાપુરા, ૭) અજાણ્યા ઇસમ, ૮) અજાણ્યા ઘાયલ ઇસમને રેસ્ક્યૂ કરી સારવાર માટે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ગંભીરા પુલ તૂટી પડતા તે પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ઋતુરાજ દેસાઈ દ્વારા પ્રસિદ્ધ કરાયું હતું.■

### રાજસ્થાનમાં નવો

થયો હતો. સ્થાનિક લોકોએ કરેલા દાવા મુજબ નદીના ધસમસતા પ્રવાહને કારણે વીજળીના થાંભલા ઊખડી ગયા હતા.

નવા જ બંધાયેલા હાઈવેની ગુણવત્તા સામે સ્થાનિક લોકોએ રોષ વ્યક્ત કર્યો હતો અને રસ્તાના હલકી ગુણવત્તાના કામ માટે જવાબદારી નક્કી કરવાની માગણી કરી હતી.

કટલી નદી સિકાર, ઝુનઝુનુ અને ચુરુ જિલ્લામાંથી પસાર થાય છે અને તે સતત પર્યાવરણનાં વધતાં દબાણનો સામનો કરી રહી છે. (એજન્સી)■

### રાજસ્થાનમાં વાયુસેનાનું

થયા છે. ઘટના પછી તરત જ, વહીવટીતંત્ર સતર્ક સ્થિતિમાં છે અને અધિકારીઓને રાહત અને બચાવ કાર્ય માટે સૂચનાઓ આપવામાં આવી છે,' શર્માએ એક્સ પર પોસ્ટ કરી અને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. રાજ્યપાલે પણ મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો. ■

### ભારત બંધ

તમિળનાડુ અને બિહાર સહિતનાં રાજ્યોમાં આંદોલનને લગતી તસવીરો અને અહેવાલો મને મળ્યાં હતાં, એમ તેમણે કહ્યું હતું.

હડતાળને કારણે બૅંકિંગ, પોસ્ટલ અને વીજસેવાને અસર થઈ શકે એમ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના ખેડૂત યુનિયનો પણ આ હડતાળમાં જોડાયા હતા.

શ્રમ કાયદા સંબંધિત ચાર માગણી યુનિયનોએ કરી હતી. કોન્ટ્રાક્ટ સિસ્ટમ, જાહેર ક્ષેત્રની કંપનીઓનું ખાનગીકરણ, પ્રતિમાસ લઘુતમ વેતન વધારીને રૂ. ૨૬,૦૦૦ અને સ્વામિનાથન કમિશનની સી-ટૂ પ્લસ ફીફ્ટી પરસન્ટ ફોર્મ્યુલાને આધારે ખેડૂતો માટે એમએસપી નક્કી કરવાની માગણી ટ્રેડ યુનિયનો દ્વારા કરવામાં આવી હતી. (એજન્સી)■

### ઉત્તર પ્રદેશે

વ્યક્ત કરવા વિનંતી કરી હતી. એક પેડ મા કે નામ અભિયાન હેશટેગનો ઉપયોગ કરીને, આદિત્યનાથે નાગરિકોને માતૃત્વ અને પ્રકૃતિ પ્રત્યેની ભક્તિના પ્રતીકાત્મક સંકેત તરીકે આ અભિયાનમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

બીજી પોસ્ટમાં, એમણે એક અગ્રણી હિન્દી દૈનિકમાં તેમના દ્વારા લખાયેલ એક લેખ શેર કર્યો હતો, જેનું શીર્ષક ''આઈયે કરે વસુધા કા હરિત શૃંગાર'' છે.

રાજ્યના વાર્ષિક વૃક્ષારોપણ અભિયાન વિશે તેમણે લખ્યું, ''૯ જુલાઈથી, વૃક્ષારોપણ અભિયાન-૨૦૨૫ શરૂ થાય છે. આપણે ફક્ત છોડ વાવી રહ્યા નથી, આપણે ભવિષ્યનું વાવેતર કરી રહ્યા છીએ, આપણે મૂલ્યોનું વાવેતર કરી રહ્યા છીએ.'' ■




# ૧૨ કરોડના ગાંજા સાથે ઍરપોર્ટ પર ગુજરાતી સહિત બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એઆઈયુ અને ડીઆરઆઈએ કરેલી બે અલગ અલગ કાર્યવાહીમાં ગુજરાતી સહિત બેની ધરપકડ કરી અંદાજે ૧૨ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કર્યો હતો.

ધરપકડ કરાયેલા બન્ને આરોપીની ઓળખ શૈલેષ ઉકાભાઈ વાંકર (૨૬) અને મુનીર કુઝિયીલ (૪૧) તરીકે થઈ હતી. શૈલેષ ગુજરાતના ગાંધીનગર ખાતે ઉમિયાનગરનો વતની છે, જ્યારે મુનીર કેરળનો રહેવાસી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મલયેશિયા ઍરલાઈનની ફ્લાઈટમાં મલયેશિયાથી આવનારા પ્રવાસી શૈલેષ પાસે પ્રતિબંધિત ડ્રગ્સ હોવાની માહિતી ઍર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)ને મળી હતી. માહિતીને આધારે મંગળવારની રાતે મુંબઈ ઍરપોર્ટ પર શૈલેષને રોકવામાં આવ્યો હતો. તેની પાસેની ટ્રોલી બૅગની તપાસ કરવામાં આવતાં કપડાંની વચ્ચે સંતાડેલાં પ્લાસ્ટિકનાં પાંચ પૅકેટ્સ મળી આવ્યાં હતાં.

તપાસ કરતાં પૅકેટ્સમાં હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું જણાયું હતું. અંદાજે પાંચ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન મંગળવારની રાતે જ ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટલિજન્સ (ડીઆરઆઈ)ના અધિકારીઓએ ભારતીય નાગરિક મુનીરને રોક્યો હતો. બૅન્ગકોકથી અબુધાબી થઈને મુંબઈ પહોંચેલા મુનીર પાસેની ટ્રોલી બૅગની તપાસ કરવામાં આવી હતી. બૅગમાં કપડાં વચ્ચેથી પ્લાસ્ટિકની થેલીનાં ૩૫ પાઉચ મળી આવ્યાં હતાં. તપાસ કરતાં પાઉચમાં ગાંજો હોવાનું જણાયું હતું. મુનીર પાસેથી સાત કરોડ રૂપિયાથી વધુનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. ■

# શું ડીજીપીના પરિપત્રો પોલીસોને બંધનકર્તા નથી?: હાઈ કોર્ટનો સવાલ

મુંબઈઃ પોલીસમાં શિસ્તની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત પર ભાર મૂકતા, બોમ્બે હાઈકોર્ટે પ્રશ્ન કર્યો છે કે શું મહારાષ્ટ્રના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) દ્વારા જારી કરાયેલા કાનૂની જોગવાઈઓ અને પરિપત્રો ફક્ત પ્રતીકાત્મક છે કે ખરેખર પોલીસો માટે બંધનકર્તા છે.

જસ્ટિસ એ.એસ. ગડકરી અને રાજેશ પાટીલની બેન્ચે ૭ જુલાઈના રોજ એક આદેશમાં નોંધ્યું હતું કે પોલીસ કર્મચારીઓ કાયદાના આદેશ અને ઉચ્ચ કાર્યાલય દ્વારા કેસ ડાયરી કેવી રીતે રાખવી તે અંગેના પરિપત્રોમાં જારી કરાયેલા નિર્દેશોનું પાલન કરી રહ્યા નથી તે બાબત અવિવેકી અને અક્ષમ્ય છે.

તેમણે રાજ્ય પોલીસ વડા પાસેથી સોગંદનામા દ્વારા જાણવા માંગ્યું હતું કે તેમની કચેરી દ્વારા જારી કરાયેલા પરિપત્રોનું પાલન કેમ કરવામાં આવી રહ્યું નથી.

આર્થિક ગુનાની તપાસ કરતી પોલીસની બેદરકારી અંગેની અરજીની સુનાવણી કરતી વખતે, કોર્ટે કેસ ડાયરીનો અભ્યાસ કર્યા પછી અવલોકન કર્યું કે હંમેશની જેમ દસ્તાવેજ સંપૂર્ણ કેઝ્યુઅલ રીતે રાખવામાં આવ્યા છે. કોર્ટે નોંધ્યું કે મહારાષ્ટ્ર ડીજીપીએ રાજ્યના તમામ પોલીસ કર્મચારીઓને ફોજદારી કાર્યવાહી સંહિતા (સીઆરપીસી) ની કલમ ૧૭૨ મુજબ કેસ ડાયરી જાળવવા વારંવાર નિર્દેશ આપતા અનેક પરિપત્રો જારી કર્યા છે. (પીટીઆઈ) ■

# થાણેમાં ક્રેડલ લિફ્ટમાં ફસાયેલા કામદારને ૧૫ કલાક પછી બચાવાયો

થાણેઃ મહારાષ્ટ્રના થાણે શહેરમાં એક નિર્માણાધીન બહુમાળી ઇમારતમાં ૩૯ વર્ષીય કામદાર લટકતી ક્રેડલ લિફ્ટમાં ફસાઈ ગયો હતો અને બુધવારે સવારે ૧૫ કલાક પછી તેને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે, કોલકાતાનો વતની કામદાર મંગળવારે બપોરે ૩ વાગ્યે માજીવાડા વિસ્તારમાં પેટ્રોલ પંપની સામે આવેલી ઇમારતના ૨૧મા માળે અચાનક વીજળી ગુલ થવાથી ફસાઈ ગયો હતો. ફાયર સ્ટેશન દ્વારા ૯ જુલાઈના રોજ સવારે ૨.૦૨ વાગ્યે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરને આ ઘટનાની જાણ કરવામાં આવી હતી અને એસઓએસ સૂચના આપવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે જ્યારે તેઓ સવારે ૪ વાગ્યે સ્થળ પર પહોંચ્યા ત્યારે વીજળી ગુલ થવાને કારણે લિફ્ટ બંધ હતી, અને તેમને જાણ કરવામાં આવી હતી કે વીજ કર્મચારીઓ હડતાળ પર હોવાથી મદદ મળવામાં વિલંબ થયો છે. ત્યારબાદ ખાનગી જનરેટરની વ્યવસ્થા કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો. ■

# ભારત બંધને મુંબઈમાં ઠીક-ઠીક પ્રતિસાદ

## અમુક બૅંકિંગ, વીમા, પૉસ્ટલ અને ઈલેક્ટ્રિસિટી સેવા પર અસર



**કામ બંધઃ** ટ્રેડ યુનિયન્સના ભારત બંધ એલાનને પગલે મુંબઈમાં જનરલ પોસ્ટ ઓફિસમાં કામ જ નહોતું થયું. (જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને ખેડૂત સંગઠનો દ્વારા ગઇ કાલે આપવામાં આવેલી રાષ્ટ્રવ્યાપી હડતાળ અથવા ભારત બંધને મુંબઈમાં ઠીક-ઠીક પ્રતિસાદ મળ્યો હતો, કારણ કે બેંકિંગ, પોસ્ટલ, ઇલેક્ટ્રિકસિટી અને અન્ય જાહેર ક્ષેત્રોના કામદારોએ સરકારની 'કોર્પોરેટ-તરફી' અને 'કામદાર વિરોધી' નીતિઓ સામે વિરોધ પ્રદર્શન કર્યા હતા.

શ્રમ કાયદામાં સુધારા, જાહેર સંપત્તિના ખાનગીકરણ અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં વધતી જતી આર્થિક કટોકટીના વિરોધમાં દેશભરના પચીસ કરોડથી વધુ કામદારો એક દિવસની હડતાળમાં જોડાશે તેવી અપેક્ષા હતી. આ બંધનું આયોજન ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને તેમની સંલગ્ન સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું, અને તેના કારણે મુંબઈમાં ઘણી મુખ્ય સેવાઓમાં વિક્ષેપો જોવા મળ્યા હતા.

શહેરના ફોર્ટ વિસ્તારમાં, જનરલ પોસ્ટ ઓફિસ અને પંજાબ નેશનલ બેંકના કર્મચારીઓ હડતાળમાં સક્રિયપણે ભાગ લેતા જોવા મળ્યા હતા. કામદારોની ગેરહાજરીને કારણે ટપાલ વિતરણ અને ગ્રાહક કાઉન્ટર સેવાઓ સહિત ટપાલ કામગીરી પ્રભાવિત થઈ હતી. આ ઉપરાંત અનેક બેંક કર્મચારી યુનિયનોએ બંધને ટેકો આપ્યો, જેના પરિણામે રોકડ વ્યવહારો, ચેક ક્લિયરન્સ અને શાખા-સ્તરની સહાય જેવી સેવાઓમાં વિલંબ થયો હતો. વીમા ક્ષેત્રના કર્મચારીઓ પણ હડતાળમાં જોડાયા હોવાનું જાણવા મળ્યું. મુંબઈમાં વીજળી પુરવઠો મોટાભાગે અકબંધ રહ્યો, પરંતુ સેવા અને ટેકનિકલ સપોર્ટમાં થોડો વિલંબ થયો હોવાના અહેવાલ છે. આ વિક્ષેપો છતાં, મુંબઈની લાઈફલાઈન, લોકલ ટ્રેનો અને બેસ્ટ બસ સેવાઓ સામાન્ય રીતે કાર્યરત રહી. મહારાષ્ટ્ર સરકારે રજા જાહેર ન કરી હોવાથી, મુંબઈમાં શાળાઓ અને કોલેજો સહિતની શૈક્ષણિક સંસ્થાઓ ખુલ્લી રહી હતી, પરંતુ હાજરી ઓછી જોવા મળી હતી. ■

# રોક બૅલેન્સિંગઃ તાણ દૂર કરવાની આ છે નવી ટેક્નિક



પુણેઃ ડિજિટલ અસ્વસ્થતા અને સતત કનેક્ટિવિટીની જરૂરિયાત ધરાવતી દુનિયામાં પુણેનો કલાકાર ખડકો વચ્ચે સંતુલન સાધી લોકોને ટેક્નોલોજીથી અળગા થવા માટે મદદ કરી રહ્યો છે. ગૌતમ વૈષ્ણવ નામનો વ્યાવસાયિક રોક બેલેન્સર અને ટીચર દૃશ્ય ભ્રમણા જેવી અવસ્થાને ધ્યાનની કલાના સ્વરૂપમાં ફેરવી દીધું છે. વૈષ્ણવ તેના ગુરુત્વાકર્ષણને અવરોધતા કામચલાઉ પથ્થરના શિલ્પો સાથે શહેરભરના નદીકાંઠે, ટેકરીઓ અને ઉદ્યાનો પાસે લોકોને આકર્ષી રહ્યો છે. કમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક. કરનાર ૩૨ વર્ષના યુવાને જણાવ્યું હતું કે પહેલી નજરમાં લોકોને લાગે છે કે આ જાદુ છે. પણ કોઈ જાદુઈ કમાલ નથી. માત્ર ગુરુત્વાકર્ષણ, ધૈર્ય અને સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત છે.

મિત્ર ચિંતન વૈષ્ણવની સોશિયલ મીડિયાની પોસ્ટ જોયા પછી ગૌતમ વૈષ્ણવે મહારાષ્ટ્રના દરિયાકાંઠાના મહાડ વિસ્તારમાં રોક બેલેન્સિંગની યાત્રા શરૂ કરી હતી. વૈષ્ણવને શરૂઆતમાં શ્રદ્ધા નહોતી, પણ પણ બ્રિકને બેલેન્સ કરવાનો પડકાર તેણે ઝીલી લીધો હતો.

આ સફળતાને પગલે વૈષ્ણવે આ સંતુલન પ્રક્રિયાને માત્ર શોખ તરીકે જ નહીં, પણ શિક્ષણના સાધન તરીકે અપનાવી. કળાનું આ સ્વરૂપ મનને શાંત પાડવા, એકાગ્ર થવા અને કદી હાર નહીં સ્વીકારવાનો અભિગમ વિકસાવવાની તાલીમ આપે છે. આ પદ્ધતિથી નિર્ણય લેવાની, ધીરજ રાખવાની અને જતું કરવાનું શીખવા મળે છે.'

ત્યારબાદ તેમણે વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને દૃષ્ટિહિન વ્યક્તિઓ માટે પણ વર્કશોપનું આયોજન કરવાનું શરૂ કર્યું. વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે જોઈ ન શકતા વિદ્યાર્થીઓને ભણાવવું એ આંખ ઉઘાડનારો અનુભવ હતો. મારે મારી આંખો બંધ કરવાની હતી, ખડકોને અનુભવવાના હતા અને માત્ર સ્પર્શથી જ તેની રચના, આકાર અને સંતુલન બિંદુને સમજાવવાનું હતું.

આ સમગ્ર પ્રક્રિયા મારા હૃદયને સ્પર્શી ગઈ.' વૈષ્ણવનું માનવું છે કે આ પ્રથા આધુનિક શહેરી તણાવ દૂર કરવામાં મદદ કરે છે.

લોકો વધુ પડતા વિચાર, સ્ક્રીનની લત અને નિર્ણયના લેવાના તણાવના ચક્કરમાં અટવાઈ જાય છે.

ખડકોને સંતુલિત કરવાના પ્રયાસમાં તેઓ સ્થિર અવસ્થામાં મુકાઈ જાય છે. અજાણતા જ તેઓ ધ્યાન અવસ્થામાં આવી જાય છે.' (પીટીઆઈ) ■

# આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશનમાં પાણી ભરાવા બદલ કોન્ટ્રેક્ટરને ૧૦ લાખ રૂપિયાનો દંડ

મુંબઈઃ મુંબઈમાં અન્ડરગ્રાઉન્ડ મેટ્રો પ્રોજેક્ટ મેટ્રો ૩ પર વરલી નાકા ખાતે આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશનમાં પાણી ભરાયાં બાદ વિપક્ષી પાર્ટીઓએ મેટ્રોના કામ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને સરકારની પણ ટીકા થઈ હતી. હવે તે ઘટનાના સંદર્ભમાં કોન્ટ્રેક્ટરને ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે.

૨૬ મે, ૨૦૨૫ ના રોજ મુંબઈમાં પડેલા ભારે વરસાદને કારણે આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશનમાં પાણી ભરાઈ ગયું હતું. આ મામલાની તપાસમાં બેદરકારી અને આયોજનમાં ભૂલો જોવા મળી હોવાથી ડોગસ-સોમા જે.વી. કંપનીના કોન્ટ્રેક્ટરને ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

મેટ્રો સ્ટેશન પર પાણી ઘૂસવાની ઘટના મુખ્યત્વે બી ટૂ એન્ટ્રી/એક્ઝિટ ઇન્ટરફેસ પર સ્થાપિત કામચલાઉ ફાયર બેરિયર સિમેન્ટ પ્રીકાસ્ટ પેનલ વોલમાં નિષ્ફળતાને કારણે બની હતી. બેરિયર તૂટી ગયું હતું, જેના કારણે વરસાદી પાણી અને કાટમાળ સ્ટેશન બોક્સમાં પ્રવેશી ગયુ હતું, જેના કારણે કાદવ એકઠો થયો હતો અને પાણીનો પ્રવાહ પ્લેટફોર્મ, કોનકોર્સ, અંડરક્રોફ્ટ લેવલ, એએફસી સિસ્ટમ, સિગ્નલિંગ, ટેલિકોમ, ઇલેક્ટ્રિકલ સાધનો અને કંટ્રોલ રૂમમાં પહોંચ્યો હતો.

જોકે, ઘટના સમયે, કોન્ટ્રાક્ટરનો ઓપરેટર સમયસર પગલાં લેવામાં નિષ્ફળ રહ્યો હતો. પંપ સમયસર શરૂ ન થવાને કારણે સમગ્ર સ્ટેશનમાં પાણી ફેલાઈ ગયું હતું, આ બેદરકારીની ગંભીર નોંધ લેતા, સીજી/ચીફ પ્રોજેક્ટ મેનેજર-૧ રાજેશ કુમાર મિત્તલે કોન્ટ્રાક્ટર ડોગસ-સોમા જે.વી.ને કારણદર્શક નોટિસ મોકલી હતી. આ કંપનીની ભૂલ સાબિત થયા બાદ રૂ. ૧૦ લાખ રૂપિયાનો નાણાકીય દંડ ફટકારવામાં આવ્યો છે. ■

# સગીરને બિલ્ડિંગની લિફ્ટ અને લૉબીમાં ફટકારનારા રહેવાસી વિરુદ્ધ ગુનો

થાણેઃ સગીરને તેના મિત્રના પિતાએ બિલ્ડિંગની લિફ્ટ અને લૉબીમાં ફટકારી જાનથી મારવાની ધમકી આપી હોવાની ઘટના અંબરનાથમાં બનતાં પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ૧૩ વર્ષના સગીરની મારપીટની ઘટના ચોથી જુલાઈએ અંબરનાથ પરિસરમાં આવેલી એક ઈમારતમાં બની હતી, જેનો વીડિયો તાજેતરમાં સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

એફઆઈઆર અનુસાર ક્લાસીસ જવા માટે સગીર ૧૪મા માળે આવેલા ઘરેથી નીકળીને લિફ્ટમાં પ્રવેશ્યો હતો. લિફ્ટ નવમા માળે પહોંચી ત્યારે સગીરના મિત્રનો પિતા લિફ્ટમાં ઘૂસ્યો હતો. કોઈ કારણ વિના જ આરોપી સગીરની મારઝૂડ કરવા લાગ્યો હતો.

આરોપીએ બિલ્ડિંગની લૉબીમાં પણ છોકરા સાથે કથિત મારપીટ કરી હતી. સિક્યોરિટી ગાર્ડ અને હાઉસકીપિંગ સ્ટાફે છોકરાને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપીએ તેમની વાત માની નહોતી અને છોકરાની પીટાઈ ચાલુ રાખી હતી. તેણે સગીરને છરીથી મારી નાખવાની કથિત ધમકી પણ આપી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. આ પ્રકરણે સગીરના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને જુવેનાઈલ જસ્ટિસ ઍક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

# વેપારીના લાખો રૂપિયા લઈ ફરાર થયેલો આરોપી બે વર્ષ બાદ વડોદરાથી ઝડપાયો

મુંબઈઃ દક્ષિણ મુંબઈના વેપારીના લાખો રૂપિયા લઇ ફરાર થયેલા આરોપીને ડી. બી. માર્ગ પોલીસે ત્રણ અલગ અલગ રાજ્યમાં શોધ ચલાવ્યા બાદ આખરે વડોદરાથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ નાગજી પટેલ તરીકે થઇ હોઇ તેની વિરુદ્ધ રાજસ્થાનમાં હત્યાનો ગુનો દાખલ છે. દક્ષિણ મુંબઈના વેપારીને ત્યાં કામ કરતો આરોપી ૨૦૨૨માં લાખો રૂપિયા લઇને ફરાર થઇ ગયો હતો, જેને પગલે ડી.બી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી. ફરાર આરોપી નાગજી પટેલ વારંવાર તેનું સ્થળ બદલી રહ્યો હતો. ૨૦૨૩માં રાજસ્થાનના સાંચોર ખાતે તેણે એક વ્યક્તિની હત્યા કરી હતી અને એક વર્ષ સુધી પોલીસથી બચવામાં તે સફળ રહ્યો હતો.

જોકે ૨૦૨૪માં રાજસ્થાન પોલીસે હત્યાના કેસમાં તેની ધરપકડ કરી હતી, પણ આઠ મહિના બાદ તે જામીન પર છૂટી ગયો હતો. ત્યારથી તે વિવિધ રાજ્યોમાં રહ્યો હતો.

તાજેતરમાં ડી.બી. માર્ગ પોલીસને માહિતી મળી હતી કે ફરાર આરોપી નાગજી પટેલ દિલ્હીમાં છે. આથી પોલીસની ટીમ ત્યાં રવાના થઇ હતી. જોકે તે દિલ્હીથી રાજસ્થાન આવી ગયો હતો, જેને પગલે પોલીસ પણ રાજસ્થાન પહોંચી હતી.

દરમિયાન આરોપી રાજસ્થાનથી વડોદરા ગયો હોવાની જાણ થયા બાદ પોલીસ ટીમે વડોદરા જઇને તેને પકડી પાડ્યો હતો. આરોપી વડોદરાથી ફરી રાજસ્થાન જવાની તૈયારીમાં હતો. વડોદરાથી તેને મુંબઈ લવાયા બાદ સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ૧૦ જુલાઇ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. ■


પાલનપુર સ્થાનકવાસી જૈન,
હાલ મુંબઈ નિવાસી,
સ્વ. અશ્વિન મફતલાલ મહેતા



જન્મઃ 30-૯-૧૯૪૨
અરિહંતશરણઃ ૭-૭-૨૫

મિત્રતાભર્યો સ્વભાવ...
લાગણીસભર હૃદય...
પરોપકારી મન...
પ્રેરણાદાયી વ્યક્તિત્વ...
સાહિત્ય પ્રેમી...

પ્રાર્થનાસભા : શુક્રવાર, ૧૧-૭-૨૦૨૫
સમયઃ સાંજના ૫.૦૦ થી ૭.૦૦ વાગે
સ્થળઃ ભારતીય વિદ્યા ભવન,
૨૯, ક. મા. મુન્શી રોડ, ગામદેવી, મુંબઈ- ૭.

દર્શનાભિલાષી
• પ્રમિલાબેન મફતલાલ મહેતા
• દર્શના અશ્વિન મહેતા
• રાહુલ-રૂપાલી • રાધિકા-રશેષ • કરણ-હર્ષ
• હૃદય-અમન-આર્યન શાહ
• સમસ્ત *મા* પરિવાર



FREE HOME delivery

ૐm dryfruits
Dry Fruits & Kirana Merchants

Suresh Shah
98202 62098
98202 11374
85916 27677
85911 47677

રક્ષાબંધનના પવિત્ર તહેવાર માટે શ્રેષ્ઠ ગુણવત્તાના સૂકા મેવા.

સ્પેશિયલ કાજુ કતરી ૧,૨૦૦/- kg | ડ્રાયફ્રુટ ખજુરપાક ૧,૨૦૦/- kg | ઈરાની કાગજી બદામ ૧,૨૦૦/- kg

| | |
|---|---|
| કેલિફોર્નિયા બદામ | ૮૮૦ |
| કેલિફોર્નિયા M બદામ | ૯૨૦ |
| કેલિફોર્નિયા A બદામ | ૧૦૦૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ૧૧૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ૧૨૦૦ |
| સોલ્ટેડ બદામ | ૧૦૦૦ |
| સોલ્ટેડ 3A બદામ | ૧૨૦૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ૧૮૦૦ |
| 2A મામરા બદામ | ૩૨૦૦ |
| 3A મામરા બદામ | ૩૬૦૦ |
| 4A મામરા બદામ | ૪૪૦૦ |
| 5A મામરા બદામ | ૫૨૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ૭૦૦૦ |
| બદામ સ્લાઈસ | ૧૦૦૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | ૧૦૦૦ |
| રેગ્યુલર કાજુ | ૧૦૦૦ |
| 1A કાજુ | ૧૦૦૦ |
| 2A કાજુ | ૧૨૦૦ |
| 3A કાજુ | ૧૪૦૦ |
| 4A કાજુ | ૧૫૦૦ |
| 5A કાજુ જમ્બો | ૧૬૦૦ |
| A સોલ્ટેડ કાજુ | ૧૧૦૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ૧૪૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ૧૮૦૦ |
| મસાલા કાજુ | ૧૨૦૦ |
| મરી કાજુ / પુદિના કાજુ | ૧૨૦૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | ૧૨૦૦ |
| કાજુ કણી સફેદ | ૭૨૦ |
| કાજુ ટુકડા રેગ્યુલર | ૮૮૦ |
| કાજુ ટુકડા મોટી સાઈઝ | ૯૬૦ |
| કાજુ ટુકડા ફાડચા જમ્બો | ૧૧૦૦ |
| કાજુ પુરી | ૧૦૦૦ |
| કાજુ રોટલા | ૧૦૦૦ |
| ઈન્ડિયન કિસમિસ | ૫૨૦/૬૮૦ |
| અફઘાની કિસમિસ | ૮૦૦/૧૦૦૦ |
| અફઘાની ગ્રીન કિસમિસ | ૧૨૦૦ |
| સિન્ધુકાની ગ્રીન કિસમિસ | ૨૦૦૦ |
| રેગ્યુલર કાળી કિસમિસ | ૪૮૦ |
| સીડલેસ કાળી કિસમિસ | ૫૨૦ |
| મોટી સીડલેસ કાળી કિસમિસ | ૬૮૦ |
| મોટી કાળી કિસમિસ | ૭૬૦ |
| જંબો સીડલેસ કાળી કિસમિસ | ૧૩૦૦ |
| આખા અખરોટ | ૯૦૦ |
| અખરોટ કણી | ૧૦૦૦ |
| અખરોટ ક્વાર્ટર ટુકડા | ૧૩૦૦ |

| | |
|---|---|
| કેલિફોર્નિયા અખરોટ મગજ | ૧૮૦૦ |
| વ્હાઈટ અખરોટ | ૨૦૦૦ |
| જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | ૨૨૦૦ |
| એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ૮૦૦ |
| 2A એપ્રીકોટ (જરદાળુ) | ૧૦૦૦ |
| 3A એપ્રીકોટ (જરદાળુ) | ૧૨૦૦ |
| જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૪૦૦ |
| સુપર જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૬૦૦ |
| A અંજીર | ૧૪૦૦ |
| 2A અંજીર | ૧૮૦૦ |
| 3A અંજીર | ૨૦૦૦ |
| 4A અંજીર | ૨૨૦૦ |
| 5A અંજીર | ૨૪૦૦ |
| 6A અંજીર | ૨૮૦૦ |
| 7A અંજીર જમ્બો | ૩૬૦૦ |
| પીસ્તા મગજ | ૨૦૦૦ |
| મોટા પીસ્તા મગજ | ૨૨૦૦ |
| જમ્બો પીસ્તા મગજ | ૨૬૦૦ |
| પિશોરી પીસ્તા | ૩૦૦૦ |
| પીસ્તા સ્લાઈસ | ૨૨૦૦ |
| સોલ્ટેડ પીસ્તા | ૧૨૦૦ |
| 2A સોલ્ટેડ પીસ્તા | ૧૪૦૦ |
| 3A સોલ્ટેડ પીસ્તા | ૧૬૦૦ |
| અકબરી સોલ્ટેડ પીસ્તા | ૨૦૦૦ |
| પબડી ગોટા | ૧૦૦૦ |
| પબડી ફાડચા | ૮૦૦ |
| કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | ૧૮૦ |
| ઓમાન કાળી ખજૂર | ૩૬૦ |
| ઓમાન કાળી ખજૂર સીડલેસ | ૪૦૦ |
| કલમી ખજૂર | ૮૦૦ |
| કલમી ખજૂર સીડલેસ | ૯૦૦ |
| મજદૂલ ખજૂર (લૂઝ) | ૧૨૦૦ |
| મજદૂલ ખજૂર | ૧૪૦૦ |
| જમ્બો મજદૂલ ખજૂર | ૧૬૦૦ |
| અજવા ખજૂર | ૧૨૦૦ |
| લાલ ખજૂર | ૧૨૦ |
| સીડલેસ લાલ ખજૂર | ૧૮૦ |
| પમ્પકીન સીડસ | ૪૮૦ |
| રોસ્ટેડ પમ્પકીન સીડસ | ૭૦૦ |
| સનફલાવર સીડ | ૨૮૦ |
| રોસ્ટેડ સનફલાવર સીડ | ૪૦૦ |
| ચીયા સીડસ | ૩૨૦ |
| ક્યુનોવા | ૨૮૦ |
| કલીંગર સીડસ | ૭૬૦ |
| ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૨૦ |
| રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૮૦ |
| રોસ્ટેડ ૭ સીડસ | ૭૦૦ |
| ધાણાદાળ | ૩૨૦ |

| | |
|---|---|
| જમ્બો રોલ્ડ ઓટ્સ | ૧૮૦ |
| ટાઈગર નટ્સ | ૧૮૦૦ |
| સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ |
| સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ |
| ચારોલી | ૨૪૦૦ |
| ગ્રીન ઈલાયચી | ૩૬૦૦/૪૦૦૦/૪૪૦૦ |
| સુપર ઈલાયચી | ૪૮૦૦ |
| ઈલાયચી પાવડર | ૪૦૦૦ |
| કેનબેરી | ૬૮૦ |
| કેનબેરી આખી | ૮૦૦ |
| મસાલા કેનબેરી | ૯૦૦ |
| બ્લ્યુ બેરી | ૧૬૦૦ |
| ડ્રાય કિવી | ૬૦૦ |
| ડ્રાય માંગ્ગો | ૬૮૦ |
| ડ્રાય પાઈનએપલ | ૬૮૦ |
| બ્રાઝિલ નટસ | ૩૮૦૦ |
| હેઝલ નટ | ૧૮૦૦ |
| પ્રુન્સ | ૮૦૦ |
| મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૦૦૦ |
| પીકન નટ | ૨૨૦૦ |
| મેકેડેમીયા નટસ | ૩૦૦૦ |
| ચીલગોઝા | ૬૦૦૦ |
| મખાના રેગ્યુલર | ૧૪૦૦ |
| A મખાના | ૧૬૦૦ |
| 2A મખાના | ૧૮૦૦ |
| જમ્બો મખાના | ૨૦૦૦ |
| ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | ૧૦૦૦/૧૨૦૦ |
| સૂકી ખજૂર (ખારેક) | ૪૮૦ |
| તજ પાવડર | ૬૦૦ |
| ગુંદર કણી | ૨૮૦ |
| ડ્રાયફ્રુટ ચિક્કી | ૫૬૦ |
| જીરાગોળી | ૨૪૦ |
| મીઠા આમળા | ૨૪૦ |
| હની આમળા | ૩૬૦ |
| ઠાકોરજીની મિશ્રી | ૮૦ |
| ઈરાની કેસર (૧ ગ્રામ) | ૨૫૦ |
| કાશ્મીર કેસર (૧ ગ્રામ) | ૩૦૦ |
| સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | ૪૪૦ |
| સ્પેનીશ કેસર (૧૪ ગ્રામ) | ૪૮૦૦ |
| સ્પેનીશ કેસર (૨૮ ગ્રામ) | ૯૦૦૦ |
| ભીમસેની કપુર | ૧૦૦૦ |
| કાળા મરી | ૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| જાવત્રી | ૩૨૦૦ |
| બાદયાન | ૧૨૦૦ |
| જાયફળ | ૧૨૦૦ |
| જંબો કાશમીર લસણ | ૨૪૦૦ |

ફ્રી હોમ ડિલિવરી
FREE HOME DELIVERY

FREE HOME DELIVERY
સંપુર્ણ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં રૂ. ૫૦/- પ્રતિ કિલો ભાવે કુરીયર કરી આપશું.
પેમેન્ટઃ કેશ ઑન ડિલિવરી
બૅન્ક ટ્રાન્સફર, જીપે, પેટીએમ અને ક્રેડિટ કાર્ડ

૭. જેબી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ-૯. Call: 23427677 / 23447677

દરેક પ્રકારના ખાદ્ય ઘી-તેલ હોલસેલ ભાવથી ઉપલબ્ધ. બધી જ બ્રાન્ડ્સ હવે હોલસેલ ભાવે ઉપલબ્ધ
મીનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/- પુર્ણ મુંબઈ ફ્રી હોમ ડિલીવરી
Rates per kg.

S ARTS

# સંસ્થા સમાચાર

## પૂ.શ્રી ધીરગુરુદેવ પ્રેરિત 'સુપર સે ઉપર' વ્યાખ્યાન સંગ્રહ ઓપન બુક એક્ઝામ




શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર સંસ્કારિત 'શાસનપ્રગતિ' માસિકપત્રના ઉપક્રમે પૂ.શ્રી ધીરગુરુદેવના વ્યાખ્યાન સંગ્રહ સુપર સે ઉપર ભાગ-૧ની ઓપન બુક એક્ઝામનું આયોજન કરાયું છે.

શાસનપ્રગતિના સભ્યોને પુસ્તક પોસ્ટ કરેલ છે. અન્ય પરીક્ષાર્થીઓને અલ્પમૂલ્યમાં ઘાટકોપર-હિંગવાલા ઉપાશ્રય, વિલેપાર્લા (વેસ્ટ) ઉપાશ્રય તથા પોસ્ટથી મંગાવનારે શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ, ૫ વૈશાલીનગર, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭થી મંગાવી શકાશે. મો. ૯૯૭૯૨૩૨૩૫૭ છે.

પૂ.શ્રી ધીરગુરુદેવ અમદાવાદ-બોપલમાં ધર્મનાથ જૈન ઉપાશ્રયે બિરાજમાન છે. સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે લાઈવ પ્રસારણ બંધ છે. પૂ. ગુણીબાઈ મ.સ. વ્યાખ્યાન ફરમાવે છે.

સાધુ-સાધ્વીજીને ઉપયોગી મોટા અક્ષરોમાં આચારાંગ સૂત્ર અને સૂયગડાંગ સૂત્ર (મૂળ પાઠ) માલિનીબહેન કિશોરભાઈ સંઘવી, જયશ્રીબહેન સંજયભાઈ શાહના સૌજન્યથી પ્રકાશિત કરવામાં આવેલ છે. કામાણી જૈન ભવનના કાર્યવાહક પ્રમુખ હરેશભાઈ મોદી અને અનુકંપા મંડળના બિંદુબેન મોદીના હસ્તે સુપર સે ઉપર પુસ્તકની લોકાર્પણ વિધિ કરાયેલ.

છેલ્લા પાનાનું ચાલુ

## હવે મોડક સાગર

એરિયામાં સતત પડી રહેલા વરસાદને કારણે પાણીની સપાટી ઝડપથી વધી ગઈ છે. સાતેય જળાશયોમાં ૧૦.૫૦ લાખ મિલ્યન લિટર પાણી જમા થઈ ગયું છે, જે કુલ ક્ષમતાના ૭૨.૬૧ ટકા છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આ પાણી આગામી ૨૬૦ દિવસ ચાલે એટલું છે. મોડક સાગર ચાલુ વર્ષે ચોમાસામાં છલકાઈ જનારું થાણે જિલ્લામાં આવેલું પહેલું જળાશય છે. બુધવારે સવારના છ વાગીને ૨૭ મિનિટે મોડક સાગર છલકાઈ ગયું હતું. મોડક સાગરની પાણી સમાવવાની ક્ષમતા ૧૨૮૯૨.૫ કરોડ (૧,૨૮,૯૨૫ મિલ્યન લિટર)ની છે. ગયા વર્ષે ચોમાસામાં પચીસ જુલાઈના રોજ તો ૨૦૨૩માં ૨૭ જુલાઈના મોડક સાગર છલકાયું હતું. અધિકારીના જણાવ્યા મુજબ મોડક સાગર છલકાઈ જવાને કારણે બંધનો ગેટ એક ફૂટ ખોલવામાં આવ્યો હતો.

## મલાઈકા

ન હોવાથી કોર્ટે મલાઈકા સામે વૉરન્ટ જારી કર્યું હતું. ૧૩ વર્ષ અગાઉ મુંબઈની ફાઈવ સ્ટાર હોટેલમાં એનઆરઆઈ બિઝનેસમૅનની મારપીટ કરવાનો સૈફ અલી ખાન પર આરોપ છે. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૨ની રાતે સૈફ તેના મિત્રો સાથે હોટેલમાં જમવા ગયો હતો. તે સમયે મલાઈકા પણ સૈફ સાથે હતી.

## મહારાષ્ટ્ર સરકાર

અનધિકૃત ચર્ચોને તોડી પાડવામાં આવશે અને કાર્યવાહી કરતા પહેલાં ફરિયાદોની તપાસ કરવાની જરૂર છે. સંજય કુટે (ભાજપ)એ કહ્યું કે ધર્માંતરણ ફક્ત નંદુરબારમાં જ નહીં, પરંતુ રાજ્યભરના આદિવાસી વિસ્તારોમાં થાય છે.

અગ્રવાલે એવો દાવો કર્યો હતો કે નવાપુર (ધુળે જિલ્લો)માં આદિવાસી અને બિન-આદિવાસીઓને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે લાલચ આપવામાં આવી રહી છે. મિશનરીઓ આરોગ્ય, શિક્ષણ અને આદિવાસીઓને ધર્માંતરણ માટે વિદેશી ભંડોળ દ્વારા કામ કરે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

## ખરાબ ખોરાક

દિવસમાં અપેક્ષિત છે અને આગળની કાર્યવાહી નક્કી કરશે,' એમ એફડીએના પ્રધાન નરહરી ઝિરવાલના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું.

ગાયકવાડે ખોરાકની ગુણવત્તા અંગે અનેક ફરિયાદો છતાં લગભગ ૩૦ વર્ષ સુધી એક જ કોન્ટ્રાક્ટરને કેન્ટીન ચલાવવાની મંજૂરી આપવા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા.

આ અંગે ટિપ્પણી કરતા, સૂત્રોએ જણાવ્યું હતું કે, 'એફડીએ પહેલા તેનો રિપોર્ટ પૂર્ણ કરશે. રાજ્ય સરકાર દ્વારા તેને સ્વીકારવામાં આવ્યા પછી, અન્ય વિભાગો યોગ્ય પગલાં લેવા માટે આગળ વધી શકે છે.'

## ક્લાસિફાઈડ


### ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**

**નેપાળ, પશુપતિનાથ, પોખરા, કાશી, પ્રયાગ, અયોધ્યા, દિવસ-13, સપ્ટેમ્બર-8, ડિલેક્સ હોટેલ પોતાનું રસોડું, ગ્રુપ બુકિંગ આવકાર્ય. ૯૮૨૦૧૬૪૦૦૭, ૮૦૧૮૬૬૬૯૭૫, ૯૮૯૨૨૬૮૬૬૭. (૯૦-સી)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૨. જમીન - મિલકત

**વાપી થી તાપી**

ઉમરગામથી અંબાજી N.H. 48 ઇન્ડ.રેસી. એન.એ. રીસોર્ટ તેમજ હોટેલ માટે ટાઇટલ ક્લિયર જમીન માટે દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગ માટે સુનેહરી તક તમામ NOC માટે મળો Address. Patel Consultant And Developers Sonorous, 7th Floor, A wing, 705 Mob: Uttambhai Patel 9904000075/ Dhanesh Patel 7621000075. (૯૨-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૮૪-એ)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## પુણે પૉર્શ કેસ

તરીકે ઔંધ સરકારી હોસ્પિટલમાં કિશોરના બ્લડ સેમ્પલ મેળવ્યા હતા, પરંતુ તેના માતા-પિતા સહિત અન્ય કેટલાક આરોપીઓને તેની જાણ થઈ હતી એવી જાણકારી પોલીસે મંગળવારે અદાલતને આપી હતી.

ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે, આરોપીઓએ સેમ્પલની અદલાબદલી કરવા માટે ઔંધ હોસ્પિટલના સત્તાવાળાઓનો સંપર્ક સાધ્યો હતો, પરંતુ ત્યાંના ડોક્ટરોએ સહકાર આપવાનો ઇનકાર કર્યો હતો. ૧૯ મે, ૨૦૨૪ના દિવસે પુણેના કલ્યાણી નગર વિસ્તારમાં ૧૭ વર્ષના કિશોર દ્વારા કથિત રીતે નશાની હાલતમાં ચલાવવામાં આવેલી પોર્શ કારે બે આઇટી પ્રોફેશનલ્સ, અનીશ અવધિયા અને અશ્વિની કોસ્ટાને કચડી નાખતા તેમનું મૃત્યુ થયું હતું. (પીટીઆઈ)

## મીરા રોડમાં

માટે નીકળેલા વિરોધ માર્ચના એક દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે પાંડેના સ્થાને આઈપીએસ અધિકારી નિકેત કૌશિકને નવા પોલીસ વડા બનાવવામાં આવ્યા છે.

મંગળવારે મુંબઈ નજીક મીરા રોડમાં ભારે નાટક સર્જાયું હતું કારણ કે માર્ચમાં પોલીસે ઘણા કાર્યકરોની અટકાયત કરી હતી અને વિરોધ પક્ષ શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી)ના નેતાઓ અને કાર્યકરો પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. પાંડેની એડીજી એડમિનિસ્ટ્રેશન તરીકે બદલી કરવામાં આવી છે, જ્યારે એડીજી એસીબી કૌશિક નવા પોલીસ કમિશનર બનશે.

## આલિયા ભટ્ટને

માતા સોની રાઝદાને આ પ્રકરણે જાન્યુઆરીમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. એટરનલ સનશાઈન પ્રોડક્શન્સ પ્રાઈવેટ લિમિટેડની ડિરેક્ટર સોની રાઝદાનનું ચકાસણી દરમિયાન આ ફ્રોડ પર ધ્યાન ગયું હતું.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે શેટ્ટી ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન આલિયા ભટ્ટની પર્સનલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતી હતી. એ સમયે તેણે કથિત રીતે બનાવટી ઈન્વોઈસીસ તૈયાર કર્યા હતા અને પછી તેના પર આલિયાના હસ્તાક્ષર લીધા હતા. (પીટીઆઈ)

## વર્સોવા-ભાયંદર

આધારિત પૂલ બાંધવામાં આવવાનો છે, ત્યાંથી મલાડ માઈન્ડસ્પેસથી અલાઈનમેન્ટ આગળ જશે. તેમ જ આગળ ઈન્ટરચેન્જ આવશે. ફ્લાયઓવરનો એક ભાગ ગોરેગામની દિશામાં ઊતરશે. ગોરેગામમાં ૧.૨ કિલોમીટર લંબાઈના નોન સીઆરઝેડમાં જગ્યા ઉપલબ્ધ હોઈ ત્યાં ફાઉન્ડેશનનું કામ ચાલી રહ્યું છે. તો મલાડ માઈન્ડસ્પેસમાં ૬૦૦ મીટર અંતર પર પ્રત્યક્ષમાં કામ કરવામાં આવી રહ્યું છે સરકારી અને ખાનગી જમીન ઉપલબ્ધ કરીને દસ્તાવેજ પ્રક્રિયા પૂરૂં કરવાનું કામ પણ ચાલી રહ્યું હોવાનું બાંગરે જણાવ્યું હતું.

મુંબઈના ઉત્તર પટ્ટામાં બાન્દ્રાથી વર્સોવા વચ્ચે કોસ્ટલ રોડનું કામ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન મારફત કરવામાં આવી રહ્યું છે, જેમાં ડબલ ડેકર પુલનું કામ ચાલી રહ્યું છે. આ ફ્લાયઓવર જે ચોકમાં ઉતરવાનો છે તે ઠેકાણે ટ્રાફિકની સમસ્યા થવાની શકયતા હોવાથી પુલ પર વધારાની લેન બાંધવામાં આવે તો જેવીપીડીમાં થનારી ટ્રાફિકની સમસ્યાથી રાહત મળી શકે છે, તેથી આ ફ્લાયઓવર પર વધારાની લેન બાંધવા બાબતે પાલિકા આગામી દિવસમાં નિર્ણય લેવાની છે. આગળ અંધેરી (પશ્ચિમ)માં યારી રોડ પર એક પુલ બાંધવામાં આવી રહ્યો છે, જે આગળ કોસ્ટલ રોડને જોડવામાં આવવાનો છે.આ પ્રોજેક્ટ અંતર્ગત ખાડી પર ૧૧૦ મીટર સ્પૅનનો બાસ્કેટ પદ્ધતિનો પુલ પણ બાંધવામાં આવવાનો છે. કોસ્ટલ રોડ અંતર્ગત મઢ ઈન્ટરચેન્જ ખાતે વેસાવે વિલેજથી મઢ-વેસાવે લિંક રોડ બાંધવામાં આવવાનો છે. તે માટે જમીન ઉપલબ્ધ કરાવવાનું કામ ચાલી રહ્યું હોવાનું અભિજિત બાંગરે જણાવ્યું હતું.

પૅકેજ 'સી' અંતર્ગત ટનલનું બાંધકામ કરવામાં આવવાનું છે, તે માટે સરકારી જમીન ઉપલબ્ધ છે પણ અહીં એક ખાનગી ડેવલપરનો પ્લોટ છે અને ત્યાં તેનું કામ ચાલી રહ્યું છે. પાલિકાએ ખાનગી ડેવલપરની જગ્યામાંથી ટનલનો થોડો ભાગ પસાર થવાનો હોવાથી ડેવલપર પાસેથી થોડી જગ્યા મેળવવા માટેના પ્રયાસ ચાલી રહ્યા હોવાનું પાલિકાએ જણાવ્યું હતું.

## નાગપુરમાં

લગભગ ૪૦ કિ.મી. દૂર કાલમેશ્વર તહસીલના બોરગાંવ ગામના રહેવાસી અનિલ હનુમંત પાનપટ્ટે (૩૫) સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ એક ભરાયેલાં નાળામાં તણાઈ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે, પાનપટ્ટેને શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સવારે ૪ વાગ્યાની આસપાસ, કાર્તિક શિવશંકર લાડસે (૧૮) અહીંથી લગભગ ૩૦ કિ.મી. દૂર ઉપ્પલવાડીમાં એક વહેતાં નાળામાં પડી ગયો હતો. બાદમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો, અધિકારીએ જણાવ્યું હતું. ભારતીય હવામાન વિભાગ (આઇએમડી)એ બુધવારે રેડ એલર્ટ જારી કરીને મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી હતી અને જિલ્લા કલેક્ટરે તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે રજા જાહેર કરી હતી. એક દિવસમાં આ અત્યાર સુધીનો મોસમનો સૌથી વધુ વરસાદ છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ઘણા રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા છે. કોઈપણ અનિચ્છનીય ઘટના ટાળવા માટે, ૯ જુલાઈના રોજ જિલ્લાની તમામ શાળાઓ અને કોલેજો બંધ જાહેર કરવામાં આવી છે, એમ તેમાં જણાવાયું છે.

### સ્થિતિ નિયંત્રણમાંઃ ફડણવીસ

પૂરનો સામનો કરી રહેલા પૂર્વ વિદર્ભની સ્થિતિ નિયંત્રણમાં છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) કોઈપણ પ્રકારની કાર્યવાહી માટે તૈયાર છે. બુધવારે વિધાનસભામાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ રજૂઆત કરી હતી. પૂર્વ વિદર્ભમાં પૂરનો મુદ્દો કોંગ્રેસના નેતા નાના પટોલેએ ઉઠાવ્યો હતો. ફડણવીસે ગૃહને માહિતી આપી હતી કે રાજ્ય પરિવહન બસમાં ફસાયેલા કેટલાક મુસાફરોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ગઢચિરોલી-નાગપુર રોડ બંધ કરી દેવામાં આવ્યો છે. જોકે વૈકલ્પિક માર્ગ પરના ટ્રાફિકને કોઈ અસર થઈ નથી.

## તમાચા-મુક્કાની

ઉકેલ લાવવામાં આવ્યો ન હતો અને ભારપૂર્વક જણાવ્યું કે તેમને તેમના કૃત્યનો કોઈ અફસોસ નથી.

મંગળવારે રાત્રે આકાશવાણી એમએલએ હોસ્ટેલમાં બનેલી આ ઘટનાનો એક વીડિયો સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ પર વાયરલ થયો છે.

વીડિયોમાં ગાયકવાડ કેન્ટીન સંચાલકને માર મારતા અને બિલ ચૂકવવાનો ઇનકાર કરતા તેમ જ બિલિંગ કાઉન્ટર પર બેઠેલા સ્ટાફના સભ્યને વારંવાર થપ્પડ મારતા જોવા મળે છે, જેના કારણે તે નીચે પડી ગયો હતો.

'મેં બે-ત્રણ વખત પહેલા પણ ખોરાકની નબળી ગુણવત્તા અંગે ફરિયાદ કરી હતી. આ વખતે ખોરાક બિલકુલ અસ્વીકાર્ય હતો. હું ચાલુ વિધાનસભા સત્રમાં આ મુદ્દો ઉઠાવીશ,' એમ ગાયકવાડે એક પ્રાદેશિક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું. ગાયકવાડની અગાઉ પણ આવા જ કાર્યોની પણ ટીકા થઈ છે.

તેમણે કેન્ટીનના કર્મચારીને શા માટે માર માર્યો તે અંગે પૂછવામાં આવતા, ગાયકવાડે કહ્યું હતું કે, હું એક વિધાનસભ્ય અને યોદ્ધો છું. મારી ફરિયાદો સાંભળવામાં ન આવ્યા પછી જ મેં નિયંત્રણ ગુમાવ્યું. ઘણી ફરિયાદો છતાં જો કોઈ ધ્યાન ન આપે, તો શું કરવું જોઈએ? શું મારે મરી જવું જોઈએ? મને મારા કાર્યોનો કોઈ અફસોસ નથી.

આવું વર્તન કોઈને શોભતું નથી. તે રાજ્ય વિધાનસભા અને વિધાનસભ્ય તરીકેની છબીને અસર કરે છે, એમ ફડણવીસે ગૃહમાં કહ્યું હતું.

# હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

સ્વ. વિનોદરાય પોપટલાલ કક્કડના પત્ની ભાનુમતિબેન (ઉં.વ.૮૦) તે ૬-૭-૨૫ના યુએસ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે વરવાળાવાળા સ્વ. રતનબેન કાનજી જટણીયાના દીકરી. તે સ્વ. પારિતોષ વિનોદરાય કક્કડ, ભાવિની મલય આશાણી. દિપાલી હેમેન દત્તાણીના માતુશ્રી. તે જસ્મીનાના સાસુ. તે જય-શ્વેતા અને ભવ્યના દાદી. ડૉ. મનન, ધ્રૂવ અને વિરાના નાની. તેમની પ્રાર્થનાસભા ૧૧-૭-૨૫ શુક્રવારના ૫ થી ૭ ઠે. હાલાઈ લોહાણા બાલાશ્રમ, મંગુભાઈ દત્તાણી રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (વે.)

**કોળી પટેલ**

ગામ કછોલી, હાલ ભાયંદર, વાસંતીબેન પટેલ રવિવાર, તા. ૬-૭-૨૫ના શ્રીચરણ પામ્યાં છે. તે સ્વ. ગુલાબભાઈ મકનજીનાં પત્ની. હરેનભાઈ, સ્વ. નિલેશભાઈ, આશાબેનનાં માતા. દિલીપભાઈ, વૈશાલીબેનનાં સાસુ. વિનયનાં નાની. ધૃતિનાં દાદી. બેસણું ગુરુવાર, તા. ૧૦-૭-૨૫ના ૨ થી ૪. તેમજ પુષ્પાણી ગુરુવાર, તા. ૧૭-૭-૨૫ના ૩ થી ૫ નિવાસસ્થાને રાખેલ છે. રૂમ નં. ૩૦૩, ત્રીજે માળે, બિલ્ડિંગ નં. ૧૫, સોનમ જ્યોતિ. બિલ્ડિંગ, ફેઝ-૭, ન્યૂ ગોલ્ડન નેસ્ટ, ભાયંદર (ઈસ્ટ).

**કચ્છી સેવક બ્રાહ્મણ**

કપાઈઆ તા. મુન્દ્રા હાલે મલાડ, શાંતિલાલ કલ્યાણજી રાસ્તેના પુત્ર અનિલ (ઉં.વ. ૫૦) તા. ૮-૭-૨૫ના રામશરણ પામ્યા છે. તે યોગેશ, ભારતી ભરત તિલક, વર્ષા લક્ષ્મણ આચાર્ય, જયશ્રી જયંત પંડણ, પ્રતીમા મનોજ દેવધર, ભાવના નીખિલ સાવલાના ભાઈ. નયનાના દિયર, રસિલા ચંપકલાલ રાફતેના ભત્રીજા. પ્રાર્થનાસભા તા. ૧૧-૭-૨૫ના ૪ થી ૬. ઠે. લાલા બાપાનું મંદિર, મકરાની પાડા, મલાડ (ઈસ્ટ).

**પરજીયા સોની**

મૂળ ગામ લાઠી, હાલ કાંદિવલી સ્વ. જમનાદાસ લાખાભાઈ સુરુના ધર્મપત્ની ગં. સ્વ. રમાગૌરી (ઉં. વ. ૮૧) તા. ૭-૭-૨૫ ને સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મનીષભાઈ, પ્રીતીબેન વિનોદકુમાર પરજીયા, પ્રશાંતભાઈના માતુશ્રી. તે જમનાદાસ ધનજીભાઈ ધાણક પડધરીવાળાના દીકરી. ડિમ્પલબેનના સાસુ. નયનના નાની અને નિયતિના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૫ને ગુરુવારે ૪ થી ૬. પ્રાર્થનાસભાઃ શિવ સત્યમ સોસાયટી, ફતેહબાગ, એસ. વી. રોડ, કાંદિવલી પોલીસ સ્ટેશનની સામે, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી ભાટિયા**

અ.સૌ. વસંત તે અરુણ મથુરાદાસ સંપટના ધર્મપત્ની (ઉં.વ. ૭૦) માલતીબેન મથુરાદાસ (અલ્પઈવાળા)ના પુત્રવધૂ. વિઠ્ઠલદાસ જીવણલાલ વેદ (આદોનીવાળા)ના પુત્રી. ધર્મેશના માતુશ્રી. હાલ થાણા તા. ૯-૭-૨૫, બુધવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઈસુતાર જ્ઞાતિ**

રાણપુર નિવાસી, હાલ મુલુંડ, સ્વ. ભીમજીદાસ નાગરદાસ પાણસણીયાના પુત્રવધૂ તથા સ્વ. પ્રવિણકુમાર પાણસણીયાના પત્ની. ભારતીબેન પાણસણીયા (ઉં.વ. ૭૬) તા. ૬-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જેઠાલાલ ડાહ્યાલાલ સોલંકી તથા ગં.સ્વ. બાળાબેન સોલંકીની પુત્રી. અપૂર્વ, શિલ્પા, કૈલાશનાં માતુશ્રી. સ્વ. રસિકભાઈ ભીમજીદાસ પાણસણીયા તથા સ્વ. શારદાબેનના નાનાભાઈની પત્ની. પ્રફુલ્લાબેન, સ્વ. દિનેશભાઈ તથા યોગેશભાઈનાં ભાભી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૧-૭-૨૫, શુક્રવારના ૪થી ૬ વાગ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામુંઃ શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (પશ્ચિમ).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ઉખરલા નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. તારાબેન મનોરદાસ શાહના સુપુત્ર અરવિંદભાઈ (ઉં.વ. ૭૯) તા. ૭-૭-૨૫, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જ્યોતિબેનના પતિ. મિતુલના પિતાશ્રી. પ્રિયંકાના સસરા. સ્વ. ચંપાબેન પ્રાણજીવનદાસ કુબેરદાસ મોદીના જમાઈ. નાઈરાના દાદા. તેમની પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૫, ગુરુવારે ૫.૦૦થી ૬.૩૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈ).

**લેઉઆ પટેલ**

દહેમીવાળા, હાલ-મલાડ, કરન અને સોનાલીનાં માતુશ્રી હર્ષિલાબેન રસીકભાઈ પટેલ તા. ૭-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પુત્રવધૂ શિલ્પાબેન, પૌત્ર રીધાન, વીર, જમાઈ-જીતકુમાર, ગં.સ્વ. રમીલાબેનના દેરાણી. હસમુખભાઈ, સૌ. સંગીતાબેન, ગં.સ્વ. પ્રવિણાબેનના ભાભી. તા. ૧૧-૭-૨૫ના શુક્રવારે ૪થી ૬. સ્થળઃ લવડેલ રેસીડેન્સી, રામબાગ લેન, એસ.વી. રોડ, પેટ્રોલ પંપની બાજુનો રોડ, મલાડ (વેસ્ટ).

**વિશા સોરઠિયા વણિક**

માધવપુરવાળા હાલ વસઈ નિવાસી, નાથાલાલ શાહ (ઉં.વ. ૮૬) તેઓ કેશવજી ખમજીના દીકરા. જયાબેનના પતિ. વિમલ, હિના, રૂપા, નીપાના પિતા. હેતલ, રાકેશ, વિપુલ અને વિમલના સસરા. તેઓ ગોવિંદજી જીવનના જમાઈ. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. સુરેશભાઈ, સ્વ. ભીખીબેન, મંજુબેન, કલ્પીબેનના ભાઈ. સોમવારના તા. ૭-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ઉગલવાણવાળા હાલ ભાયંદર (ઈસ્ટ) ગં.સ્વ. ચંદ્રીકાબેન કાંતિલાલ ધરમશીભાઈ મહેતાના સુપુત્ર કિરણભાઈ (ઉં.વ. ૬૦) તા. ૮-૭-૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે જીતેશ, વિપુલ, હેમંત, ભાવના તથા ભારતી હિરેનકુમાર શાહના મોટાભાઈ, રૂપલ છાયા ઉષાના જેઠ. રિયા, કાજલ, હિતાન્શીના મોટાપપ્પા. ધામેલવાળા નાગરદાસ લક્ષ્મીદાસ મહેતાના ભાણેજ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**

વલસાડ નિવાસી, હાલ મુંબઈ, પરેશ શેઠ (ઉં.વ. ૬૪) તે સ્વ. ઈન્દિરા અને સ્વ. અરવિંદ ગમનલાલ શેઠના પુત્ર. સાધનાના પતિ. અ. સૌ. શ્રધ્ધા ચિંતનકુમાર શાહ, અ. સૌ. મનાલી કેતનકુમાર વેદના પિતા. ચિ. રિવાનના નાના. અ. સૌ. રૂપલ પરેશકુમાર ડૉક્ટરના ભાઈ. સ્વ. જયાલક્ષ્મી, સ્વ. રજનીકાંત જયંતિલાલ કોઠારીના જમાઈ. સોમવાર, ૭/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરૂવાર, ૧૦/૭/૨૫ના ૫ થી ૭ બાલાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ કેશોદ, હાલ કાંદીવલી, ચંદ્રકાંત વિઠલાણી (ઉં.વ. ૮૧) તે સ્વ. દેવકુંવરબેન તુલસીદાસ વિઠલાણીના સુપુત્ર. દેવયાનીના પતિ. મયૂર અને ધવલના પિતા. સ્વ. મનસુખલાલ, પ્રભુદાસ, રમેશચંદ્ર, સ્વ. કાંતાબેન લક્ષ્મીદાસ સૂચક, સ્વ. ગુલાબબેન જયંતીલાલ પૂજારા, સ્વ. તારાબેન વંદ્રાવનદાસ તન્ના, સ્વ. કુમુદબેન હિંમતલાલ ઠકરારના ભાઈ. સ્વ. રાધાબેન ઇશ્વરલાલ રૂપારેલિયાના જમાઈ. રૂપા અને શ્વેતાના સસરા. તા. ૯/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧/૭/૨૫ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, બીજે માળે, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**કચ્છી ભાટિયા**

થાણાનાં અ. સૌ. વસંતબેન (ઉં.વ. ૭૦). તે અરુણ સંપટનાં પત્ની. માલતીબેન મથુરાદાસ (અલ્પઈવાળા)નાં પુત્રવધૂ. વિઠ્ઠલદાસ જીવણલાલ વેદ (આદોનીવાળા)નાં પુત્રી. ધર્મેશનાં માતા. તા. ૯-૭-૨૫, બુધવારના શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક વહેવાર બંધ છે.

**નવગામ વિસાનાગર વણિક**

માણસા નિવાસી હાલ કાંદિવલી, સુરેન્દ્ર શાહ (ઉં.વ. ૭૯) તે સ્વ. ચંપાબેન નટવરલાલ તુલસીદાસ શાહના પુત્ર. તે સ્વ. પ્રતિમાબેનના પતિ. તેજલ, સોનલ, રૂપલના પિતાશ્રી. સ્વ. હસમુખભાઈ, સ્વ. કૈલાશબેનના ભાઈ. સ્વ. કાંતાબેન વ્રજલાલ હરગોવનદાસ શાહના જમાઈ. પરાગભાઈ, સપનાબેનના કાકા, મંગળવાર, તા. ૮-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૭-૨૫ શુક્રવારના ૫ થી ૭, પહેલે માળે, લોહાણા મહાજનવાડી, શંકરમંદિર પાસે, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

હાલ નાલાસોપારા, સ્વ. કમલેશ ઠક્કર (ઉં.વ. ૮૫) તે જસવંતિબેનના પતિ. સ્વ. રંભાબેન લીલાધર ઠક્કરના પુત્ર. તે સ્વ. રાધાબેન રતિલાલ મીરાણીના જમાઇ. રશ્મી સુરેશ તન્ના, દિપ્તી અતુલ કાનાબાર, નેહલ નિલેશ રૂપારેલિયા, મુકુંદ અને ભાવેશના પિતા. પૂજા યશ ઠક્કર અને માનવના દાદા. સ્મિથ, હાર્દિક, રોહિત, જય, બંસરી જિમિશ માણેક અને ચાંદની યોગેશ આહિરના નાના. તા. ૫/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

પાટણવાળા હાલ ગોરેગાંવ, ગં. સ્વ. નિર્મળાબેન મણિયાર (ઉં.વ. ૬૮) તે સ્વ. સુરેશભાઈ કાનજીભાઈ મણિયારના ધર્મપત્ની. ભક્તિ તથા જાગૃતિના માતુશ્રી. સ્વ. ઓધવજી ખીમજીભાઈ મચ્છરના દીકરી. સ્વ. શામજીભાઈ કરશનજી પડિયા (સ્વ. મણીભાઈ શામજીભાઈ પડિયા)ના ભાણેજ. ૬/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૦/૭/૨૫ના ૫ થી ૬. આર્ય સમાજ હોલ, પ્લોટ નં ૨૨૮, રોડ નં ૧૫, ગોરેગાંવ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા દિશાવાળ વણિક**

હાલ બોરીવલી મધુ રાજેશ શાહ (ઉં.વ. ૬૩) તે ૪/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે કુસુમબેન, નિરંજનાબેન તથા કૈલાશબેનના ભાભી. હેમંત તથા અંકિતના માતુશ્રી. પ્રિયંકા તથા કાજલના સાસુ. નિત્યાના દાદી. ડુંગરવાળા બાબુલાલ ભાઈદાસના દીકરી. દમયંતીબેન તથા મહેશભાઈના બહેન. સાદડી પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મુંબઈ નિવાસી, સ્વ. પ્રતાપભાઈ કાપડિયા (ઉં.વ. ૯૫) તે સ્વ. મૃદુલાબેન (બેનાબેન)ના પતિ. કિરણ, વિનોદ, સ્વ. નીતા તથા જયશ્રી હર્ષદભાઈ માધવાણીના પિતા. બિંદુ તથા બીનાના સસરા. અંકિતા ગૌરવ ઠક્કર, અદિતિ તરૂણ સિંઘાનિયા, અનુજા તથા યશોષના દાદા. કેનેનોર (કેરલા) નિવાસી સ્વ. કરસનદાસ માખેચાના જમાઈ. ૭/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

પાદરવાળા હાલ મુંબઈ, કિરણબેન ગોહિલ (ઉં.વ. ૭૬) ૭/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ. ધરમશીભાઈ રતિલાલ ગોહિલના ધર્મપત્ની. સ્વ. ભુપતભાઇ તથા મનુભાઈના ભાભી. અશ્વિન, વિજય, સંજય, મનીષ, હિતેષ, મીના, પ્રફુલાના ભાભુ. દિપકકુમાર શાંતિલાલ મકવાણાના મોટાસાસુ. પ્રાર્થનાસભા ૧૦/૭/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**પરજીયા સોની**

મુળ લાઠી હાલ મલાડ, રમેશભાઈ જગડા (સોની) (ઉં.વ. ૮૨) તા. ૯/૭/૨૫ને બુધવાર અવસાન થયેલ છે. તે સ્વ. હરીભાઇ નાજાભાઈ જગડાના પુત્ર. જયશ્રીબેનના પતિ. ભગવાનદાસ દુર્લભદાસ સાગરના જમાઈ. સ્વ. પ્રભુદાસ, કેશુભાઈ, શારદાબેન સુશીલાબેન અને મંગળાબેનના ભાઈ. જય તથા સ્વ. ઉમેશના પિતા. બેસણું તા. ૧૦/૭/૨૫ને ગુરુવારના ૪ થી ૬. સોનીવાડી શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મીરારોડ નિવાસી, અશોક માનસત્તા (ઉં.વ. ૬૭) ૭/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જયાબેન તથા સ્વ. પરમાનંદભાઈ કાનજીભાઈ માનસત્તાના પુત્ર. જશવંતીબેન તથા સ્વ. ઠાકરશીભાઈ રૂગનાથ ભોજાણીના જમાઈ. ભારતીબેનના પતિ. સ્વ. કાજલ તથા રાહુલના પિતા. અશ્વિન તથા સ્વ. ગીતાબેન કિરીટકુમાર સાદરાણીના મોટાભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાળ**

ગામ સાવરકુંડલા હાલ મુંબઈ, સ્વ. ભગતશ્રી માધાભાઈ અને સોનાબેનના જ્યેષ્ઠ પુત્ર. સ્વ. વાલજીભાઈ અને સ્વ. રાજીબેનના જમાઈ સ્વ. રામજીભાઈ વેગડ (ઉં.વ. ૬૯) તા. ૩૦-૬-૨૫ સોમવારે રામચરણ પામ્યા છે. તે ગં. સ્વ. લક્ષ્મીબેનના પતિ. સ્વ. રવિ, સંજય, આશાના પિતાજી. દિલીપ, લલિતાના સસરા. સ્વ. ઉમાબેન, ગંગાબેન, રણછોડભાઈ, અર્જુનભાઈ દક્ષાબેન સુમનના ભાઈ. (બારમું) તા. ૧૧/૭/૨૫ના શુક્રવારે સાંજે ૫ વાગ્યે. એ૪ હા.વીરમેઘમાયા માર્ગ, તુલશીવાડી, મું. ૩૪.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

મૂળ ગામ કચ્છ ભુજ, હાલે મુલુંડ ચેકનાકા, રમાંબેન જોશી (શિવ) (ઉં.વ. ૭૮) તા. ૭ જુલાઈ રવિવારના રામશરણ પામેલ છે. સ્વ. ચંદ્રાબહેન પુરૂષોત્તમ રત્નેશ્વરની સુપુત્રી. સ્વ. તુલસીદાસ કરુણા શંકર શિવના પત્ની. સ્વ. ઈન્દિરા લાભશંકરના ભાભીજી. વંદના જોશીના સાસુમા. કલ્પેશ, અલકાના માતાજી. મિનલ હિતેશ ચટ્ટમંદ્રા (હાલે સાંગલી)ના કાકીમાં .બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૫ના ગુરુવારે ૫ થી ૭. સારસ્વતવાડી ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

અરનાવાઝ બહેરામ દસ્તુર તે મરહુમ બહેરામના ધન્યાની. તે મરહુમો રતી માનેકશા બારીયાના દીકરી. તે રોશની, ખુશનુમા, મહાઝરીન ને માનેકના માતાજી. તે ગેવ, અદીલ, દરેન, ઝુબીનના સાસુ. તે મરહુમો બહેરામ ને કેકોબાદના બહેન. તે રુશાદ, દેલઝીન, દીઓર, શેનલ, માહઆફ્રીન, બહેઝાદ, ત્રીતી, પોરુશપના મમઈજી. (ઉં. વ. ૭૯) રે. ઠે.: જી-૫, ખુશરુબાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારી કોલાબા.

રુસી રતનશા કરંજીયા તે મરહુમ દોલીના ધની. તે મરહુમો ધનમાય રતનશા કરંજીયાના દીકરા. તે રોશની ને યાસમીનના પપા. તે જીમી ને મરહુમ પરસીના સસરા. તે મરહુમો માનેક, જીમી ને સપલના ભાઈ. તે મહેરુઝ, શારમીન, યઝદાનના મમાવા. (ઉં. વ. ૧૦૩) રે. ઠે.: સી. એમ.બનાજી બિલ્ડિંગ, ફ્લેટ નં. ૨, ભોંઈતળિયે, ફોરજેટ ક્રોસ લેન, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ-૪૦૦૦૨૬.

ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

બહેરામ મહેરજી ખંબાટા તે યાસમીનના ધની. તે મરહુમો નાજુ મહેરજી ખંબાટાના દીકરા. તે આરઝાન ને રુઝાનના પપા. તે નીકીતા ને માહરુખના સસરા. તે યઝદી, શીરીન, રોડાના ભાઈ. તે એમીરા, તાવીયા, દમીતાના ગ્રેનપા. તે શાઝાદ, પરીઝાદ, ક્યારસના નીસ/નેવયુ. (ઉં. વ. ૭૯) રે. ઠે.: બહેરામ મહેરજી ખંબાટા એમ. એન. બનાજી બિલ્ડિંગ, ફ્લેટ નં. ૩, ઑગસ્ટ ક્રાંતિ મેદાન, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૭-૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે સેથના અગિયારીમાં છે.

નરગીસ જહાંગીર મીર્ઝા તે મરહુમ જહાંગીરના ધન્યાની. તે મરહુમો નાજામાય નરીમાન ચીનોઈના દીકરી. તે નોઝર ને ફરીદાના માતાજી. તે યાસમીન ને ફ્રામના સાસુજી. તે જીમી ને મરહુમ પેરીનના બહેન. તે કૈવાન ને ખુશનમના બપઈજી. (ઉં. વ. ૮૯) રે. ઠે.: ૯૦૧, લેન્યાન્દ્રી ટોવર, પ્લોટ ૪૯/૨, સેકટર ૧૯એ નેરૂલ, નવી મુંબઈ-૪૦૦૭૦૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૭-૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે બેનેટ નં. ૫ માં ડુંગરવાડી.

શર્લી દારાયસ કાંદાવાલા તે દારાયસના ધન્યાની. તે મરહુમો કેતી દીનશા હાંસોતીયાના દીકરી. (ઉં. વ. ૭૧) રે. ઠે.: ફ્લેટ નં. ૧૫, દિનશા બિલ્ડિંગ, દાદાભાઈ રોડ, વિલેપાર્લે (વે.), મુંબઈ-૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૭-૨૫ના દિને બપોરે ૩.૪૫ના બેનેટ નં. ૫ માં ડુંગરવાડી પર.

પરવેઝ બહેરામ ઈરાની ફરીદાના ધણી. તે મરહુમ હોમાય બહેરામ ઈરાનીના દીકરા. તે સાયરસ ને પરીનાઝના ડેડી. તે કાયરાના બપાવા. તે શીરીન ને હોશબાનુના ભાઈ. (ઉં. વ. ૭૯) રે. ઠે.: ૭૨૨, પારસી કોલોની, દિનશા માસ્ટર રોડ, દાદર, મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છે.

# જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

લીંબડી નિવાસી હાલ અંધેરી, સ્વ. રમેશચંદ્ર હીરાલાલ મણિયારના ધર્મપત્ની મધુબેન મણિયાર (ઉં.વ. ૭૪) તા. ૮-૭-૨૫, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે વિશાલ તથા અમીતના માતુશ્રી. તથા જિગ્ના અને હીરલના સાસુ. દર્શન, દૃષ્ટિ, યશ્વી, દિશાના દાદી. હેતવીના મોટાસાસુ. જોરાવરનગર નિવાસી અમૃતલાલ જીવરાજ મહેતાના સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૧-૭-૨૫, શુક્રવારના ૪થી ૬. અમૃતબાગ, બજાજ રોડ, વિલેપાર્લા (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પુનડીના વસનજી ખીમજી નંદુ (ઉં.વ. ૯૨) તા. ૭-૭-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ ખીમજી કરમશીના પુત્ર. જવેરબેનના પતિ. મહેશ, ભાવના, નિલેશના પિતા. લખમશી, તુંબડી ચંચલબેન હીરજી, કોડાય ભાનુમતી ભાવાનજી, સાકરબેન રતિલાલના ભાઈ. પુનડીના દેમીબાઈ ધારશી ઉમરશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠેઃ નિલેશ નંદુ. ૧૦૧ નિલેશ નિવાસ, પડવળ નગર, થાણા (વે).

**દિગમ્બર જૈન**

લિંબડી નિવાસી હાલ વાશી, નવી મુંબઈ મહેન્દ્રભાઈ શાહ (ઉં.વ. ૭૧) કસ્તુરીબેન હિંમતલાલ વ્રજલાલ શાહના સુપુત્ર. સ્વ. વિનુભાઈ, સ્વ. નિતિનભાઈ, નલિનભાઈ, મિલનભાઈ, રસિલાબેન કનકકુમાર શાહ, સ્વ. ઈલાબેન તરુણકુમાર વસાણીના ભાઈ. ગીતાબેન, સ્વ. સરોજબેન, કોકિલાબેન, રીટાબેનના દીયર. તા. ૭-૭-૨૫, સોમવારના દેહ પરિવર્તન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી, હાલ આણંદ, સતીષભાઈ હરજીવનદાસ માટલીયાના ધર્મપત્ની અ.સૌ. ગુણવંતીબેન (ઉં.વ. ૮૧) તા. ૮/૭/૨૫ના મંગળવાર અરિહંતશરણ પામેલ છે. તે જયેશભાઇ, પિયુષભાઈના માતુશ્રી. દીપાબેન તથા સેજલબેનના સાસુ. ધરતી યશ શાહ, અવની, ક્રિના, વત્સલના દાદી. પિયરપક્ષે ઢસા નિવાસી, સ્વ. વ્રજલાલભાઈ જેઠાલાલ કપાસીના પુત્રી. સ્વ. વિમળાબેન ધીરુભાઈ માટલીયા, હીરાબેન શાંતિભાઈ માટલીયાના દેરાણી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.


મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

વિશેષ
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

આજે ગુરુપૂર્ણિમાના અવસરે...



# લાડકી

# શું કહે છે આ શિષ્યો એમના પથદર્શક એવા ગુરુજી માટે...

*ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ,*
*ગુરુ દેવો મહેશ્વર, ગુરુ સાક્ષાત પરબ્રમ્હ,*
*તસ્મૈ શ્રી ગુરુ વે નમઃ*

ગુરુપૂર્ણિમાનો દિવસ આ શ્લોક વગર અધૂરો છે.

ગુરુ એટલે અજ્ઞાનરૂપી અંધકારથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જનારી શક્તિ. વ્યવહારિક દૃષ્ટિએ શિક્ષક અથવા માર્ગદર્શકને પણ 'ગુરુ' તરીકે સંબોધવામાં આવે છે.

'ગુ' એટલે અંધકાર, 'રુ' એટલે અંધકારને દૂર કરનાર....

અજ્ઞાનનો અંધકાર દૂર કરે તે ગુરુ.

ગુરુપૂર્ણિમાનું હિન્દુ સંસ્કૃતિમાં ખૂબ જ મહત્ત્વ છે. આ દિવસે ગુરુ- શિષ્ય પરંપરા ખાસ યાદ આવે. આમ જોઈએ તો આજે ગુરુ - શિષ્ય પરંપરા બહુ ઝડપથી લુપ્ત થઇ રહી છે. જે વિદ્યાર્થીઓ કલા સાથે જોડાયેલા છે એ લોકો ખાસ ગુરુપૂર્ણિમા જેવો પાવન અવસર ખૂબ જ ઉત્સાહપૂર્વક મનાવે છે. ગુરુ-શિષ્ય પરંપરા ભારતની પ્રાચીન સંસ્કૃતિની એક અનોખી શિક્ષણ પદ્ધતિ છે, જેમાં શિષ્ય (વિદ્યાર્થી) ગુરુ (શિક્ષક) પાસે રહીને શિક્ષણ, જીવનમૂલ્યો અને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ પરંપરાની શરૂઆત ઋગ્વેદના યુગથી માની શકાય છે, જેમાં વિદ્યાર્થીઓ ગુરુના આશ્રમમાં રહીને ગુરુકુળ પદ્ધતિથી ભણતા હતા. આ પદ્ધતિ માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતી સીમિત નહોતી, પરંતુ જીવન જીવવાની રીત, સંસ્કાર, સેવા અને શ્રદ્ધા પણ શીખવતી હતી.

ગુરુપૂર્ણિમા સાથે સંકળાયેલી છે 'ગુરુ- શિષ્ય પરંપરા'.

આ પરંપરાની જો વાત કરીયે તો એકલવ્ય જરૂરથી યાદ આવે. એકલવ્ય એ ભારતીય ઉપખંડના મહત્ત્વના એવું હિન્દુ ધર્મના મહાગ્રંથ 'મહાભારત'માં દર્શાવવામાં આવેલું એક પાત્ર છે તે હિરણ્ય ઘણું નામના શિકારીનો પુત્ર હતો. ગુરુ દ્રોણે ધનુર્વિદ્યા શીખવવાની ના પાડી તેથી એમની મૂર્તિને ગુરુપદે સ્થાપી વિદ્યા મેળવનાર એકલવ્યની ગુરુભક્તિ મહાન હતી. એના ગુરુએ માંગણી કરતા ગુરુદક્ષિણા રૂપે પોતાના જમણા હાથનો અંગૂઠો એણે ગુરુને સમર્પિત કરી દીધો હતો.

ગુરુપૂર્ણિમા એ માત્ર એ માત્ર પરંપરા નહીં, પણ એક અવસર છે આભાર વ્યકત કરવાનો. શિષ્યભાવ જાગૃત કરવાનો અને જીવનમાં નમ્રતાથી આગળ વધવાનો...

આ અવસરે 'મુંબઈ સમાચારે' અમુક ગુરુ- શિષ્ય જોડી સાથે વાત કરી છે. આવો, એમને મળીને જાણીયે એ બધા ગુરુ- શિષ્ય પરંપરા વિશે શું કહે છે...

## નમ્રતા મહેતા : હર એક દિવસ ગુરુ પૂર્ણિમા

દક્ષા મશરૂવાલા એ એક ઓડિસી ડાન્સર છે. ગુરુપૂર્ણિમા વિશે એ કહે છે કે, આ એક વર્ષો જૂની એવી પરંપરારૂપી એક સાંકળ છે, જે હું મારા ગુરુ પદ્મવિભૂષણ ગુરુ કેલુચરન મહાપાત્ર પાસેથી શીખી એ હવે હું મારા શિષ્યોને શીખવાડું છું. આ પરંપરાને જાળવી રાખવા માટે ખૂબ જ મહેનત કરવી પડે છે.

દક્ષાજી એક યથાર્થ વાત કરે છે કે, બધા જે શીખવે તે ગુરુ નથી હોતા. ગુરુને સમજવાવાળો વર્ગ અલગ છે. ગુરુની વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે.

દક્ષાજી ગુરુપૂર્ણિમાનું સેલિબ્રેશન કઈ રીતે કરે તે જણાવતા કહે છે કે, હું એક પ્રોગ્રામનું આયોજન કરુ છું, જેમાં મારા બધા જ શિષ્યો હોય. હું એમને ૧૦ મિનિટનો પરફોર્મન્સ વીડિયો બતાવું છું કે જેમાં મારા ગુરુએ પરફોર્મ કર્યું હોય. આ વીડિયો બતાવવાનું એક જ કારણ કે, મારા શિષ્યો હાવ-ભાવ જુએ, હાથની મુદ્રા અને ઓવરઓલ બોડી લેન્ગવેજને જુવે. પહેલાના ડાન્સમાં કેવી ભાવ ભક્તિ હતી જે હવે જોવા નથી મળતી. ત્યારબાદ જે શિષ્યોને ડાન્સમાં ૧૦ થી ૧૨ વર્ષ થઇ ગયા હોય એમને હું સોલો પર્ફોર્મ કરવા માટે સ્ટેજ આપું છું. ત્યાર પછી બીજી કોઈ યંગ ડાન્સર બીજી કોઈ શૈલીમાં પરફોર્મ કરે છે. યંગ ડાન્સરને સ્ટેજ આપવાનું એક જ કારણ કે, એ બીજા માટે એક પ્રેરણા સ્તોત્ર બની શકે. કોઈ પણ કલા શીખવા માટે તેની સાધના કરવી પડે છે, અને તમારી પાસે જો એક સાચો માર્ગદર્શક હોય તો જીવન સાર્થક થઇ જાય છે.

૩૦ વર્ષીય નમ્રતા મહેતા એમના ગુરુ દક્ષા મશરૂવાલાને યાદ કરતા કહે છે કે એ મારી સ્કૂલમાં નૃત્ય શીખવાડતા હતા અને હું એમની પર્સનાલિટીથી ખૂબ આકર્ષિત થઇ ગઈ હતી. છેલ્લાં ૨૫ વર્ષથી હું એમની પાસેથી ઓડિસી નૃત્ય શીખું છું. એ મને એક બાળક તરીકે, એક છોકરી તરીકે અને એક સ્ત્રી તરીકે જોઈ છે. આ બધા જ ઉંમરના તબક્કામાં હું એમની પાસેથી ઘણું શીખી છું. ગુરુપૂર્ણિમા ઉજવવા માટે કોઈ ચોક્કસ દિવસની જરૂર નથી. મારા માટે તો બધા જ દિવસ એમની સાથે એક ઉત્સવ જ છે. એમની પાસેથી હું માત્ર નૃત્ય નથી શીખી, પરંતુ જીવન કેમ જીવવું તે પણ એમણે મને શીખવ્યું છે.



દક્ષા મશરૂવાલા
નમ્રતા મહેતા

## જાહ્નવી શ્રીમાંકરઃ મારા બંને ગુરુની રીત નિરાળી

જાહ્નવી આમ તો આજે એક સફળ ગાયિકા છે. એમ તો ઘણા ગુરુ પાસેથી તાલીમ લીધી છે, પણ અહીં આપણે સ્વ. કૌમુદીબહેન મુન્શી અને સ્વ. પુરુષોત્તમ ઉપાધ્યની વાત કરશું.

જાહ્નવીએ ૯ વર્ષની ઉંમરથી કૌમુદીબહેન પાસ સંગીતનો અભ્યાસ કરવાનું ચાલુ કર્યું, જે એ લગભગ ૨૩ વર્ષ સુધી શીખ્યું. કૌમુદીબહેન સંગીતના હકુમતના એક્કા હતાં. એ પોતે જ ગીતો કમ્પોઝ કરતા . એમને સાહિત્યનું બહોળું જ્ઞાન હતું. એમણે માત્ર મને સુગમ સંગીત જ નથી શીખવ્યું. કૌમુદીબહેને મને લોક સંગીત, ભક્તિ સંગીત, સેમી કલાસિકલ, ઠુમરી, દાદરા, હોરી, કજરી, હોરી વગેરે પણ શીખવ્યું છે. એ પોતે ગીતો લખતાં અને પોતાનાં જ શિષ્યો પાસે રેકોર્ડિંગ કરાવતા.

ત્યાર બાદ જાહ્નવીએ સ્વ. પુરુષોત્તમ ઉપાધ્યાય પાસે લગભગ એક દાયકા સુધી તાલીમ લીધી. જાહ્નવી કહે છે કે, સંગીત શીખવાડનારા તો ઘણા છે. પરંતુ બધાની પોત પોતાની એક સ્ટાઇલ-શૈલી હોય છે. જ્યારે આપણે કોઈ ગુરુ સાથે જોડાઈએ છીએ ત્યારે એમની જે માન્યતા હોય કે એમની જે વેલ્યુ સિસ્ટમ હોય તેનાથી આપણે પ્રભાવિત થઇએ છીએ.

ગુરુપૂર્ણિમાના દિવસને યાદ કરતા જાહ્નવી કહે છે કે, તમારા ગુરુ માટે જે ભાવના છે તે તમે ક્યારે પણ વ્યક્ત કરી શકો છો. કૌમુદીબહેન જ્યારે હયાત હતાં ત્યારે ગુરુપૂર્ણિમાના દિવસે અમે બધા જ સ્ટુડન્ટ કોઈ એકના ઘરે ભેગા થઈ સૌથી પહેલાં ગુરુને વધાવીએ અને ત્યાર બાદ કૌમુદીબહેને જ શીખવાડેલાં ગીતો એમની સમક્ષ રજૂ કરીએ...

જાહ્નવી ઉમેરે છે કે, ૨૦૧૬માં મેં ખાસ મારા ગુરુ સ્વ.કૌમુદીબહેન માટે એક પ્રોગ્રામ કરેલો, જેમાં સંગીતની દુનિયાના અનેક જાણીતાં કલાકારો હાજર હતા. એ પ્રોગ્રામની ખાસ વાત એ હતી કે, મેં મારા ગુરુ એટલે કે કૌમુદીબહેનની હાજરીમાં એમને ગૌરવપૂર્વક સન્માન આપ્યું. આ ગુરુપૂર્ણિમાના અવસરે એમને યાદ કરીને એમણે જે મને શીખવ્યું છે તે પરંપરા હું જીવંત રાખી શકું તે જ પ્રભુને પ્રાર્થના.



સ્વ. કૌમુદીબહેન મુન્શી     સ્વ. પુરુષોત્તમભાઈ ઉપાધ્યાય     જાહ્નવી શ્રીમાંકર

## નિરલ શાહ : શિષ્યની ખૂબી બહાર લાવે એ ગુરુ...

મુંબઈનાં શેફાલી શાહ ચિત્રકળાનાં શિક્ષક છે. અનેક પ્રતિષ્ઠિત એવૉડ વિજેતા એવા શેફાલીજીએ એમનાં ઘણા શિષ્યોના દિલ પણ જીત્યાં છે. એ માત્ર શિક્ષક જ નથી, પણ એક પ્રેરણાસ્તોત્ર છે. ૧૯૮૮થી એ આ કળામાં સક્રિય થયાં દરમિયાન ઘણા શિષ્યોના સંપર્કમાં આવ્યાં.

ગુરુપૂર્ણિમા વિશે શેફાલીજી કહે છે કે, આજના યુવાવર્ગને તો ખબર પણ નથી, પણ પહેલાના મારા સ્ટુડન્ટ્સ બધા રાહ જોતા હોય કે ગુરુપૂર્ણિમા ક્યારે આવશે...એ દિવસે અમે શું અમારા ટીચર માટે સ્પેશિયલ કરી શકીયે? સ્ટુડન્ટ્સમાં અંદર અંદર સ્પર્ધા થાય કે કોણ સરસ પ્રેઝન્ટેશન કરશે. પહેલાં શિષ્યો સાથે એક ફેમિલી જેવું બોન્ડિંગ હતું. પહેલાંના સ્ટુડન્ટ-શિષ્યો તો હજુ મને ગુરુપૂર્ણિમાના દિવસે મળવા આવે છે. પહેલાં શિષ્યોમાં ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા હતી તે હવે જોવા નથી મળતી...

શેફાલી રાજની શિષ્ય નિરલ શાહ અને એમનો પરિવાર શેફાલીજી પાસેથી ચિત્રકલા શીખ્યો છે. નિરલ કહે છે કે, 'શિક્ષક તરીકે એ કયારે પણ તમને કોઈ વસ્તુ કરવા માટે ફોર્સ નથી કરતા, પણ તમારી અંદર જે ખૂબીઓ છે એને કઈ રીતે સંવારીને એ બહાર લાવે છે... હું છેલ્લા ૩૦ વર્ષથી શેફાલી મિસ માટે ગુરુપૂર્ણિમા ઉજવું છું. આ અવસર તમે કઈ રીતે સેલિબ્રેટ કરો તે મહત્ત્વનું નથી. ગુરુ તમારો ભાવ જુએ છે. મને ગુરુપૂર્ણિમાના દિવસે એમની સાથે રહેવું ખૂબ જ પસંદ છે. એમની માટે કોઈ સ્પેશિયલ કાર્ડ બનાવવા કે, એમને કોઈ ખાસ ગિફ્ટ આપવી કે પછી એમની સાથે બહાર જમવા જવું એ જ અમારી ઉજવણી... એમને મને માત્ર ચિત્રકલા જ નથી શીખવી, પણ જીવનમાં કેવા અવનવા રંગ પૂરી એને કઈ રીતે ઉત્તમ બનાવવું એના પાઠ પણ મેં શીખ્યાં છે ....'



શેફાલી શાહ
નિરલ શાહ

**ગુરુપૂર્ણિમાના આજના અવસરે આપણું જીવન ઘડનારા દરેક માર્ગદર્શકને - તમામ ગુરુઓને પ્રણામ સાથે સલામ પણ કરીએ, જેમણે આપની વિચારશક્તિ અને અસ્તિત્વને નવી દિશા આપી છે.**

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# જિંદગીનાં બંધનો વચ્ચે મુક્તિની ઝંખના



**સુહાની** અઢાર વર્ષે એડલ્ટ થઈ ત્યાં સુધીમાં બે વાત પાક્કે પાયે શીખી ચૂકેલી. એક કે આઝાદીની વાતો એવા લોકો માટે હોય છે, જેમની પાસે કરવા માટે કંઈ હોતું નથી. બીજુંઃ દુનિયા સોહામણી લાગે, જ્યારે એને ઘોળીને પી જનાર વ્યક્તિ તમારું હમરાહ બન્યું હોય...

આ બંન્ને વાત એણે ઋષિ પાસેથી શીખેલી. અગિયારમા ધોરણમાં અન્ય શહેરમાંથી ટ્રાન્સફર લઈને આવેલો એ છોકરો. લાંબો, થોડા વિખરાયેલા રહેતા વાળ, શર્ટની અડધી વાળેલી બાંયો. અવાજ ઘૂંટાયેલો ને ખુલેલું હાસ્ય. સ્વભાવે તદ્દન નિષ્ફિકર એવો એ ક્લાસમાં સૌથી છેલ્લે પ્રવેશ કરતો. જ્યારથી આવ્યો ત્યારથી શિક્ષકોના માથાનો દુઃખાવો બની ગયેલા ઋષિ પાછળ અન્ય સ્ટુડન્ટ્સ દીવાના હતા, કારણ કે શિક્ષક હોય કે સહાધ્યાયી, ક્લાસમાં જવાબ એવી રીતે આપતો જાણે કોઈ વાતની એને પરવાં જ ના હોય. બીજી તરફ સુહાની ક્લાસમાં ટોપ કરનારા વિદ્યાર્થીઓમાંની એક હતી. ભણેશરી, શાંત અને કામથી કામ રાખનારી. એની દુનિયા ઋષિથી બિલકુલ અલગ, છતાંય જ્યારે એક દિવસ ક્લાસ પત્યા પછી ઋષિ એની પાસે આવ્યો અને સીધું પૂછી લીધું,: 'હાય, અહીં ઊભા રહેવા મળશે? આર યુ કમ્ફર્ટેબલ?' એના એક હાથમાં સિગારેટ હતી. એ જોઈ સુહાની ખચકાય ઊઠી, પણ ના પાડી શકી નહીં, કારણકે, ઋષિ એને ગમતો.

એણે અનેકવાર અરીસા સામે ઊભા રહી ઋષિ સાથે વાત કરવાનું રિહર્સલ કરેલું. સામે ચાલી વાત શરૂ કરવાનું વિચારેલું. ઋષિ કંઈ પૂછે તો એને 'હા' પાડવાની પ્રેક્ટિસ કરેલી, પણ હકીકતમાં એ ક્ષણ કંઈક અજીબ હતી. ધુમાડાથી ભરેલી. ના પાડવા મજબૂર કરે એવી ને તેમ છતાં અંદરથી રોમેરોમ પર કબ્જો જમાવનારી.એ સાંજે બન્ને ટ્યુશન ક્લાસ પાછળ તૂટેલી દીવાલને અઢેલી બેઠા. ઋષિએ ફરી સિગારેટ સળગાવી. જાણે કોઈ મોટો મીર મારતો હોય એ અદાથી એણે સુહાની સામે જોયું. સુહાની ઉધરસ ખાતા બોલીઃ 'તું કેમ આ કરે છે?' જવાબમાં ઋષિએ ખભ્ભા ઉલાળી, આંખ મીંચકારતા કહ્યું,: 'કારણકે, હું કરી શકું છું. મને એ વાતથી નફરત છે કે કોઈ મને કંટ્રોલ કરે...' એણે સિગરેટ બતાવતા કહ્યુંઃ

'મને જે મરજી પડે એ પ્રમાણે હું કરું..'

સુહાનીના હૃદયમાં એ એક વાક્યએ ઋષિને હીરો બનાવી દીધો, કારણ કે સુહાની જાણતી હતી કે મરજી મુજબ જીવવું એટલે શું? એના મા-બાપ એની દરેક પરીક્ષા, માર્ક્સ, પ્રવૃત્તિ, મિત્રો, ભવિષ્ય બધા પર નજર રાખતા આવેલાં . એવું લાગતું કે જાણે સુહાનીનાં સપનાઓ પણ એમણે નક્કી કરેલાં છે. એની સામે પોતાની મરજી મુજબ જીવતાં, જે ગમે તે કરતાં, સંપૂર્ણ સ્વતંત્રતાના માલિક એવા આ છોકરાથી લગાવ થવા લાગ્યો. દિવસો જતાં ધીમે-ધીમે એ વધારે સમય ઋષિ સાથે વિતાવવા લાગી. પહેલા ટ્યુશનમાં બંક મારતી થઈ. પછી એક દિવસ 'ગ્રુપ સ્ટડીમાં છું' એમ કહી બહાના બનાવતા શીખી. હરવું-ફરવું, બિન્દાસ્ત રખડવું, વરસાદમાં પલળવું ને કાફેમાં ચાની ચુસ્કી લેતાં ઋષિનાં સ્વચ્છંદી સપનાઓમાં ભાગીદાર બનવું. સુહાનીને જિંદગી હવે ખરેખર સોહામણી લાગવા લાગી. ઋષિ સાથે એને બહુ મજા આવતી....એમાં ને એમાં દિવસો ક્યાં પસાર થઈ જતા, એનો લગીરેય ખ્યાલ રહેતો નહીં. ઋષિ એને કહેતો, 'મારે તો પહાડોમાં જવું છે. દરિયા કિનારે રખડવું છે. અહીંથી ક્યાંક દૂર ચાલ્યા જવું છે. જ્યાં મને કોઈ જ ના ઓળખતું હોય. જ્યાં સ્કૂલ ના હોય, ભણવાનું ના હોય, પરીક્ષાઓ ના હોય. બસ, એયને મોજ કરવાની, જિંદગી જીવવાની અને ખુશ રહેવાનું..!'.

સુહાની આવા કોઈ અપેક્ષા કે દબાણ વગરના જીવનની વાતો રસપૂર્વક સાંભળતી. પોતે કેટલી બંધનમાં છે એ વિચારે વ્યથિત પણ થતી. એના મનના એક ખૂણામાં મુક્ત જીવનની અનેક કલ્પનાઓ આકાર લેતી રહેતી. એ ઋષિની આઝાદીભર્યા વિચારોને બ્રહ્મવાક્ય માફક જહનમાં ઉતારતી રહેતી.

-પણ, સુખમય જીવનના ખ્યાલોમાં તિરાડ પડી.

પ્રિ-બોર્ડર્સનાં રિઝલ્ટમાં સુહાની એક વિષયમાં ફેલ થઈ. જેમાં પાસ થયેલી એ વિષયોમાં પણ નાપાસ બરાબર જ માર્ક્સ આવેલા. પપ્પાએ બે દિવસ એની સાથે વાત ના કરી. મમ્મી રોઈ-રોઈને અડધી થઈ ગઈ, પણ સુહાનીને નાપાસ થયાનો વસવસો હોય એવું એમને વર્તાયું નહીં એટલે સુહાની પર બંધનો લદાવાના શરૂ થયાં.

એ રાત્રે એણે ઋષિને માંડ શોધ્યો. સ્ટ્રીટ લાઇટ નીચે બેસેલો એ મસ્ત મજાનો પોતાની ધુનમાં ખોવાયેલો હતો. સુહાની હાંફતી હાંફતી એની પાસે પહોંચીઃ

'યાર, હું ફેલ થઈ ગઈ...' ઋષિએ એની સામે જોયું. ફરી એ જ ખભ્ભા ઉલાળી નિષ્ફિકરો જવાબ આપ્યોઃ

'તો શું થઈ ગયું? ભણવું-ગણવું તો મજાક કહેવાય. હવે તું મારી જેમ મુક્ત છો. ફ્રી બર્ડ. સમજી? ચાલ, આજે તો થઈ જાય...' કહી સિગારેટ એની સામે ધરીઃ

'તારો મૂડ ઠીક કરવાનો આ સરળ રસ્તો છે...!'

-અને સુહાનીનો પિત્તો ગયો. એને સમજાયું કે, એની અને ઋષિની જિંદગી વચ્ચે એક મોટી ભેદરેખા છે. જેને પાર કરવાની લાલચ એના પતન માટે કારણભૂત બની છે. અને હવે જો એ નહીં રોકાય તો વિનાશ પણ એ જ કરશે.

સુહાનીએ ધીમા પણ મક્કમ સ્વરે કહ્યુંઃ

'ફેલ થવું એટલે શું તને ખબર પડે છે.? જોકે તને શું ફરક પડે. કદાચ હું તારા પગલે એટલા માટે ચાલી હતી કે, મને લાગ્યું હતું કે તું બોલ્ડ છે-બહાદુર છે, પણ ના.. એ મારો ભ્રમ હતો. તું આઝાદીના નામે બંધનોથી ભાગતો કાયર છો.' આટલું કહી સુહાની ત્યાંથી ચાલી નીકળી. ઋષિએ એને જવા પણ દીધી.

ફાઈનલ એક્ઝામને બહુ વાર નહોતી. સુહાનીએ ભણવામાં જીવ રેડી દીધો. રાતોના ઉજાગરા કર્યા, કોઈ સાથે વાતો ના કરી, ના ફોન કે ના ટીવી...જોકે, હવે રાત થોડીને વેશ ઝાઝા હતાં.અંતે સુહાનીએ બોર્ડ પાસ કર્યે છૂટકો કર્યો. બહુ શાનદાર માર્ક્સ તો ના આવ્યા, પણ તેમ છતાં એને સંતોષ થયો. ત્યાં સુધીમાં ઋષિ સ્કૂલ છોડી ચૂક્યો હતો. એ કહેતો એમ પરીક્ષાઓ પણ કદાચ નહોતી આપી. કોઈ કહેતું કે, એ શહેર છોડીને ચાલ્યો ગયો છે.

આજે પણ કોલેજમાં સુહાની ક્યારેક કોઈને સિગારેટ પીતા કે જોરશોરથી મ્યુઝિક વગાડતા કે ઝડપથી બાઇક ચલાવતા જોતી તો એને ઋષિ યાદ આવી જતો. એને સમજાયું હતું કે પોતે ઋષિને નફરત નહોતી કરતી. હા, ક્યારેક જો ફરી મળી આવે તો એને 'થેન્ક યુ' ચોક્કસ કહેવા માગતી હતી, કારણ કે એ છોકરો અજાણપણે સુહાનીને જિંદગીના સાચા મુક્તિ-બંધનનો અહેસાસ કરાવી ગયેલો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# ગણતરી કરીને નિર્ણય લેવાનું મને કદી આવડ્યું જ નહીં



(ભાગઃ ૨)

**નામઃ મેરેલિન મનરો**

સમયઃ ૫ ઓગસ્ટ, ૧૯૬૨ (સવારે ૩.૫૦)

સ્થળઃ ૧૨૩૦૫ ફિફ્થ હેલેના ડ્રાઈવ, બ્રેન્ટવૂડ, લોસ એન્જેલસ

ઉંમરઃ ૩૬ વર્ષ

આજે, મારા મૃત્યુ પછી વિચારું છું તો મને સમજાય છે કે, હું જન્મ સાથે જ અદ્ભૂત સદ્ભાગ્ય અને ભયાનક દુર્ભાગ્ય મારી સાથે લઈને જન્મી હોઈશ! મેં ટૂંકી જિંદગીમાં જે સફળતા જોઈ, એ આવનારા વર્ષોમાં પણ કદાચ કોઈ અભિનેત્રી નહીં જોઈ શકે... અને, મેં મારા અંગત જીવનમાં જે પીડા, અપમાન અને દુઃખો જોયા એ પણ કદાચ બીજી કોઈ સ્ત્રી નહીં અનુભવી શકે.

અનાથ આશ્રમમાં એક નવી સમસ્યા શરૂ થઈ... ૧૨ વર્ષની ઉંમરે અને અનાથ આશ્રમના બાળકોને, સ્વયંસેવકોને, અધિકારીઓને એક સાથે સમજાવા લાગ્યું કે, હું ખૂબ સુંદર હતી! સહુ-ખાસ કરીને, પુરુષ કર્મચારીઓ મને લાડ કરતા, અમુક રીતે સ્પર્શ કરતા... ૧૧થી ૧૩ વર્ષની ઉંમર સુધીમાં મને સમજાઈ ગયું હતું કે, હવે આ પરિસ્થિતિ સાથે કામ પાડીને જ હું અહીં ટકી શકીશ. ૧૩-૧૪ વર્ષની છોકરીમાં જે ‘સર્વાઈવલ ઈન્સ્ટિન્ક્ટ’નો ઉદય થાય એ મારામાં જાગવા લાગી હતી. હવે મને શ્રેષ્ઠ ભોજન મળતું, મારી પથારી મુલાયમ અને ચોખ્ખી રહેતી. બહારથી આવતા ડોનેશનનાં કપડામાંથી મને સારામાં સારા વસ્ત્રો મળી જતાં. બીજી છોકરીઓ કરતાં મારાં રમકડાં પણ નવા અને મજાનાં રહેતા... બદલામાં મારે આ કર્મચારીઓ, અધિકારીઓને મારા શરીર પર હાથ ફેરવવા દેવો પડતો. હું એ પણ સમજી ગઈ હતી કે, ક્યાં અટકી જવું! પહેલી વખત દુર્વ્યવહાર થયો ત્યારે હું એટલી નાની હતી કે, જે થઈ રહ્યું હતું એને સમજી શકી નહોતી... પરંતુ, અહીં તો મને બરાબર સમજ પડતી હતી! એ મારા શરીરના ગુપ્તભાગ તરફ હાથ લંબાવે કે તરત જ હું જોરજોરથી બૂમો પાડવા લાગતી, દુઃખે છે, દુઃખે છે એટલે ડરીને એ ત્યાં જ અટકી જતા જોકે, એમને બીજીવારની આશા આપવાનું હું ચૂકતી નહીં, જેથી મારી પરિસ્થિતિ સચવાઈ રહે!

અનાથ આશ્રમમાં હું ૧૬ વર્ષની થઈ ત્યારે પહેલીવાર જેમ્સ એડવર્ડ ડોગેટ્રીને મળી. એક સીધો સાદો છોકરો હતો. લોસ એન્જેલસ શહેરની બહાર આવેલા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારની એક ફેક્ટરીમાં કામ કરતો. વધારાના સમયમાં અનાથ આશ્રમમાં પીરસવાનું, રાંધવાનું કામ કરવા આવતો, જેમાંથી એને વધારાના પૈસા મળતા. જેમ્સ અન્ય છોકરાઓ જેવો નહોતો. એને મારી સુંદરતામાં, શરીરમાં રસ નહોતો-અથવા એને હું ગમતી હતી, પરંતુ એ મને અન્ય છોકરાઓની જેમ ગંદી નજરે નહોતો જોતો. એ મારી સાથે વાતો કરતો. મારે માટે પુસ્તકો લઈ આવતો. પોતાના ભાવિ જીવનના સપનાં મારી સાથે શેર કરતો. એને પોતાને એક ફેક્ટરી શરૂ કરવી હતી. જીવનમાં આગળ વધવું હતું, ‘મોટા માણસ’ બનવું હતું. એ સમાજની સેવા કરવા માગતો હતો ખાસ કરીને, અનાથ બાળકો માટે ખૂબ કામ કરવા માગતો હતો કારણ કે, એના પિતા બહુ નાની ઉંમરે ગુજરી ગયા હતા. એની માએ ફેક્ટરીમાં મજૂરી કરીને એને મોટો કર્યો હતો. એ ૧૭ વર્ષનો હતો ત્યારે એની મા પણ ગુજરી ગઈ... જેમ્સ એક સંવેદનશીલ અને સ્નેહાળ વ્યક્તિ હતો. ધીરે ધીરે એ મને ગમવા લાગ્યો. એ મારો આદર કરતો. અમે એની સાઈકલ પર બેસીને ખુલ્લા ખેતરોમાં અને તળાવ ઉપર ફરવાં જતાં. એણે કોઈ દિવસ મારો હાથ પકડવા સિવાય બીજી કોઈ ચેષ્ટા કરી નહોતી, જેનાથી હું પણ પ્રભાવિત થઈને એનું સન્માન કરવા લાગી હતી. અનાથ આશ્રમની સુપ્રિન્ટેન્ડેન્ટ મેડમે એક દિવસ મને પૂછ્યું, ‘તને જેમ્સ ગમે છે?’ મેં ‘હા’ પાડી. એમણે મને કહ્યું, ‘એ ખૂબ સારો છોકરો છે. તારે મોટા થઈને એની સાથે ઘર વસાવવા વિશે વિચાર કરવો જોઈએ...’

આજે વિચારું છું તો મને સમજાય છે કે, હું જિંદગીભર ઉતાવળમાં રહી. મારા તમામ નિર્ણયો એક ક્ષણમાં કરેલા નિર્ણયો હતા. લાંબુ વિચારીને સારા અને ખરાબનો હિસાબ કરીને ગણતરી કરીને નિર્ણય કરવાનું મને કદી આવડ્યું જ નહીં. હું સતત ઈમ્પલસિવ અને ઈમોશનલ રહી. હમણા આ ઘડીએ મને જે સાચું લાગે તે સાચું! જે વિચાર્યું એનો અમલ કરી નાખવામાં હું પળવારની ય રાહ જોતી નહીં... એટલે, ‘મોટા થવાની’ રાહ જોઈ શકું એમ નહોતી. એક ગુરુવારે જેમ્સ જ્યારે અનાથ આશ્રમના કિચનમાં કામ કરી રહ્યો હતો ત્યારે એની સાથે ટમેટા સમારતી વખતે મેં એને પૂછ્યું, ‘તું મારી સાથે લગ્ન કરીશ?’

‘પણ, તું તો ૧૬ વર્ષની છે!’ એને આશ્ચર્ય થયું હતું, ‘ને હું ફક્ત ૨૧ વર્ષનો... આપણે...’ એ મને ખોવા માગતો નહોતો, પરંતુ એને મારી ઉતાવળ કદાચ સમજાતી નહોતી. ‘હા કે ના.’ મેં એને પૂછ્યું. એની પાસે હા પાડ્યા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો... શનિવારની સાંજે નજીકના ચર્ચમાં અમે લગ્ન કરી લીધાં. હું અનાથ આશ્રમમાંથી મારો સામાન લઈને એના ઘરમાં રહેવા આવી ગઈ. અમે નવપરિણિત યુગલની જેમ આનંદથી, પ્રેમથી રહેવા લાગ્યા. હું ભોજન બનાવતી, અમે સાંજે સાથે જમતાં, એ સવારે ફેક્ટરીએ જતો. એ હજી પણ અનાથ આશ્રમમાં વધારાનું કામ કરવા જતો! લગ્નના ૨૦-૨૨ દિવસ પછી એક દિવસ મેં એને કહ્યું, ‘હું પણ ફેક્ટરીમાં કામ કરીશ.’ એને નવાઈ લાગી, પરંતુ મારા આગ્રહ સામે ફરી એકવાર એ ટકી શક્યો નહીં. બીજે દિવસે એની સાઈકલ પર બેસીને હું એની સાથે ફેક્ટરીએ ગઈ. ફેક્ટરીના મેનેજરે મને જોતાં જ કામે રાખી લીધી. હવે હું પણ ફેક્ટરીની સ્ત્રીઓ સાથે તૈયાર કપડાં પેક કરવાનું કામ કરવા લાગી. ધીરે ધીરે મને ફાવટ આવી ગઈ. અમારા બંનેની આવકથી ઘરની સ્થિતિ સુધરી. અમે બંને મોજથી રહેવા લાગ્યા. મેં જેમ્સને કહ્યું કે, મારે બાળક જોઈએ છે. હું ૧૭ વર્ષની ઉંમરે મા બનવા તત્પર હતી, પણ જેમ્સ મારાથી વધુ સમજદાર અને ઘડાયેલો હતો. એણે મને સમજાવીને બે વર્ષ રાહ જોવાનું કહ્યું. મારું શરીર હજી પરિપક્વ નહોતું અને અમારો સંબંધ પણ સમય સાથે વધુ સરસ-સમજદાર અને ગાઢ બનશે એવું એનું માનવું હતું. એને ક્યાં ખબર હતી કે, ભવિષ્ય એક એવો ભયાનક વળાંક લેશે જ્યાંથી અમારા રસ્તા છૂટા પડી જશે! અત્યારે વિચારું છું તો સમજાય છે કે, બાળક ન થયું એ સારું જ થયું. મારું શરીર આવું ન રહી શક્યું હોત... અને, બાળકની જવાબદારી સાથે કદાચ હું આવી અદ્ભૂત કારકિર્દી ન ઘડી શકી હોત!

હું જે ફેક્ટરીમાં કામ કરતી હતી ત્યાં તૈયાર કપડાં બનતાં હતાં. એ તૈયાર કપડાના માર્કેટિંગ માટે એક ફોટોશુટ કરવાનું હતું. ફેક્ટરીમાં ફોટોગ્રાફી કરવા માટે આવેલા ફોટોગ્રાફર્સને મદદ કરવાનું કામ મને સોંપવામાં આવ્યું. ફોટોગ્રાફરે મને જોઈ, સ્વાભાવિક છે કે એને હું એની મોડલ કરતા પણ ખૂબસુરત લાગી!! એણે મને મોડલિંગ કરવા માટે પૂછ્યું. મેં જેમ્સને પૂછ્યું... જેમ્સને કોઈ વિરોધ નહોતો... એણે વિરોધ કરવો જોઈતો હતો... જો એણે એ વખતે ના પાડી હોત તો કદાચ અમારાં લગ્ન ટકી ગયા હોત... તૈયાર કપડાના એ ફોટોશુટ પછી ‘બ્લ્યૂ સ્ટાર’ નામની એજન્સીમાંથી મને મોડલિંગનું કામ મળવા લાગ્યું. સાબુ, તૈયાર કપડા અને એક એવો સમય આવ્યો જ્યારે મેં અન્ડરગાર્મેન્ટ માટે ફોટોશુટ કર્યું. એ અન્ડરગાર્મેન્ટનું ફોટોશુટ ખૂબ ચર્ચિત રહ્યું. એ ફોટોશુટ પછી મને ‘વોગ’ મેગેઝિનમાંથી ફોન આવ્યો. વોગનું વાર્ષિક કેલેન્ડર બહાર પડવાનું હતું જેને માટે એમને મોડેલની જરૂર હતી. વોગ મેગેઝિનનું એ કેલેન્ડર મારી કારકિર્દીનું ટેબલ ટર્ન કરી ગયું... એક જ વર્ષમાં હું આખા અમેરિકાનો જાણીતો ચહેરો, બલ્કે એક ક્રેઝ બની ગઈ! અત્યાર સુધી મારું નામ નોર્મા જિન બેકર હતું.

જેમ્સ હવે મારી આવી તસવીરો સહી શકે એમ નહોતો. એણે પહેલાં પણ એક-બે વાર મને ઓછાં વસ્ત્રોમાં મોડલિંગ કરવાની ના પાડી હતી, પરંતુ મને જે પ્રકારના પૈસા અને પ્રસિદ્ધિ મળી રહ્યા હતા એનાથી હું એટલી બધી અભિભૂત હતી કે, જેમ્સની વાત સાંભળવામાં મને કોઈ રસ નહોતો. વોગના કેલેન્ડર માટે મને ૧૯૪૫માં ૫૦૦ ડૉલર મળ્યા. ફેક્ટરીમાં રોજ ૧૨ કલાક/આખો મહિનો કામ કર્યા પછી મને દોઢસો ડોલર માંડ મળતા... એને બદલે મોડલિંગના કામમાં રોજના ૭૫થી ૧૦૦ ડોલર મળતા થઈ ગયા હતા. જેમ્સે મને કડક શબ્દોમાં કહી દીધું, ‘મોડલિંગ કરવું હોય તો આ લગ્ન નહીં ટકે.’

પૈસા અને પ્રસિદ્ધિની સામે લગ્ન મને તદ્દન બિનજરૂરી લાગ્યા... બલ્કે જેમ્સની રોકટોક મને બોજ લાગી... બે જ વર્ષનાં લગ્નજીવન પછી અમે છૂટાછેડા લીધાં. છૂટાછેડાના એક જ અઠવાડિયા પછી મારો કેલેન્ડરમાં છપાયેલો ફોટો જોઈને મને એક ફિલ્મની ઓફર આવી. મારું નામ નોર્મા જિન બેકર હતું, મેં જેમ્સ એડવર્ડનું નામ મારી સાથે જોડ્યું નહોતું... જે એજન્ટ ફિલ્મની ઓફર લઈને આવ્યો એણે મને કહ્યું કે, મારે નામ બદલવું જોઈએ. મને પણ લાગ્યું કે, નામની સાથે મારી ઓળખ અને નસીબ બધું જ બદલાઈ જશે, કદાચ!

એજન્ટે મને નવું નામ આપ્યું, ‘મેરેલિન મનરો.’ (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# એક પંથ દો કાજ



‘મમ્મી, મારી પેલી લટકતી ઝુમ્મરવાળી બુટ્ટી ક્યાં છે? સવારથી શોધું છું. અને પેલી કાળી મેક્સી ધોબીમાંથી આવી કે નહીં?’

‘મીનુ બેટા, આપણે લગ્નમાં નહીં, બેહણામાં જઈએ છીએ. એ તને યાદ છે ને?’

‘અને મમ્મી, તને યાદ હશે જ કે તેં હજાર વાર કહ્યું છે કે મીનુ બેટા, હંમેશાં સજીધજીને જ તારે તો ઘરની બહાર નીકળવાનું. ભલે ને પછી પડોશમાં કેમ ન જવાનું હોય! ગમે ત્યારે સારા ઘરનાં તને જોઈ લે અને તેને તું ગમી જાય તો ટાઢા પાણીએ ખસ જાય. એટલે મોમ, હું ટાઢે પાણીએ ખસ કાઢવા માટે કાળા રંગનો લોંગ ગાઉન ને કાળી બુટ્ટી શોધું છું. અને મમ્મા, જો આ રિલ બતાવું. એક સાથે ત્રણ સાડી ફ્રી અને એક ગાઉન સાથે બે ગાઉન ફ્રી. આમ દરેક કપડાં ઉપર બે જોડ તો ફ્રી મળશે. એક બમ્પર સેલ ઇસ્કોન મોલમાં આવ્યું છે.’

‘અરે વાહ! મીનુ, આપણે બેહણામાં જઈએ છીએ એ હોલ પણ આ મોલની બરાબર પાસે જ છે. એટલે મોટી સાઇઝના થેલા લઈ લેજે. અને તારા પપ્પા પાસેથી બધી જાતના કાર્ડ પણ લઈ લેજે. મારી ક્રેડિટ તો પૂરી થઈ ગઈ છે. હજી તારી ક્રેડિટ ઉપર પપ્પા કદાચ કાર્ડ આપે પણ ખરા. જો નહીં આપે તો કઈ રીતે પૈસા પડાવવા એની અગિયાર ટિપ્સ મેં તને શીખવી છે. બાકી મારી ટ્રેનિંગ ઉપર મને પૂરો વિશ્વાસ છે. ફતેહ કરો!’

મીનુને પપ્પા નામની બેન્કમાંથી પૈસા પડાવવાના કામે લગાડી, રમાબહેન ફળિયાના જેટલાં ગાડી અને ડ્રાઇવરવાળા બહેનો હતાં, એમને ‘એક પર બે થી ત્રણ ફ્રી’ નો સોમરસ પીવડાવ્યો કે તરત થેલા અને કાર્ડ લઈને સહુ હાજર! સાંજના મોડું થાય તો ઝોમેટો, સ્વીગી અને ક્યાં તો બધાએ પતિદેવોને સીધા હોટલ પર જ બોલાવી લેવા એમ નક્કી કરી ઍક્શન પ્લાન- એક તરફ કદમ ઉપાડ્યા.

પ્રથમ તો બેહણામાં ‘ફક્ત પાંચ મિનિટ જ બગાડવી’ એવું નક્કી કરીને નીકળ્યાં હતાં. નક્કી થયા મુજબ દરેકે રમાબહેનને જ ફોલો કરવાનાં. એમનાં નકશે કદમ જ ચાલવું. બેહણાના હોલમાં પ્રવેશદ્વાર ઉપર લીંબુ -પાણી આપવામાં આવતું હતું. રમાબહેને ‘ગરમી ઘણી છે. બધા બે બે ગ્લાસ લીંબુ પાણી પી લ્યો.’ એવો આદેશ આપ્યો..

મીનુ એમનાથી વધારે સ્માર્ટ! એટલે એણે કહ્યું, ‘દરેક જણ પાણીની બોટલમાં પણ આ જ્યુસ ભરી લો. સાંજ સુધી કામ આવશે.’

બધી માનુનીઓએ તરત જ કહ્યા મુજબ બોટલોથી લઈ વૉટર બેગ સુધ્ધાં ભરી લીધી. લોકો ગરમીમાં પાણીની પરબ બંધાવે. જ્યારે આ તો લીંબુ-પાણીની પરબ! વાહ, ભાઈ વાહ! રમાબહેન તો રમાબહેન પણ દીકરી મીનુ તો એનાથી પણ વધારે સ્માર્ટ છે, હોં! આટલું બધું લીંબુનું પાણી આ મોંઘવારીમાં લેવા જઈએ તો આજે કેટલાનું થાય!

બહારના તાપમાંથી અંદરના એ.સી. હોલમાં સહુનો જીવ શાંત થઈ ગયો. ઉપર બે બે ગ્લાસ લીંબુ શરબત. ભાઈ વાહ!

રમાબહેને બીજો આદેશ આપ્યોઃ ‘બહેનો, અંદર ઠંડક સારી છે. તો આપણે ફોટા પર ફટાફટ ફૂલો ચડાવીને પાછળના એ.સી. નીચે શાંતિથી થોડાં ગપ્પાં મારશું. એટલે પેલી બાજુ જે ચા આપી રહ્યા છે, તે આપણી તરફ પણ આવશે. એટલે જેને ચા વગર માથું દુખતું હોય, તે ચા- કોફી કે બંને પીવું હોય તો બંને પી લેશે. પેટ્રોલ ખર્ચીને આવ્યાં છીએ એ હંમેશાં યાદ રાખવું સમજ્યા ને? આ ચા-પાણી પતે, થોડાં ગપ્પાં પણ પતે, પછી નિરાંતે સેલમાં જશું.’

મૃતકની છબી ઉપર ફટાફટ ફૂલો ચડાવીને બધા પાછળ બેઠાં. ત્યાં દૂરની કાકી સાસુ રમાબહેન પાસે આવીને મીનુને જોઈને બોલ્યાં, ‘રમાવહુ, તારી મીનુ તો કાળા ગાઉનમાં ફિલ્મી હીરોઈન જેવી લાગે છે. મારી પાસે ચાર - પાંચ છોકરાના બાયોડેટા છે. બિઝનેસમેન છે. ગાડી અને બંગલામાં રાજ કરશે.’

‘કાકીમા, હું બહેરી નથી. જરા ધીમું બોલો. બધા આ તરફ ડોકિયાં કરીને જુએ છે.’

ત્યાં પાછળના ટોળામાંથી એક બહેન આવ્યાં અને બોલ્યાં, ‘તમારી દીકરી સુંદર અને સુશીલ લાગે છે. જુઓ, આ મારું કાર્ડ. તેમાં એડ્રેસ, ફોન નંબર લખેલો છે. મારા બે અને મારા દિયર - જેઠના પણ બે બે છોકરા કુંવારા છે. દીકરીને જે ગમે એની સાથે ચોકઠું ગોઠવાઈ જશે. ટોટલ છ છોકરા અમારાં જ કુટુંબના છે. અમે પણ હીરાનો બિઝનેસ કરીએ છીએ.’

બાજુમાં બેઠેલાં કાકી સાસુને થયું, મેં મારા ભાઈના વાંઢા છોકરા હારુ વાત ચલાવી ત્યાં આ હીરા ઘહવાવાળી ક્યાંથી ટપકી પડી? એટલે એ કહેવા લાગ્યાં, ‘બહેન, અમારાં કુટુંબમાં તો કોઈ હીરા ઘહવા હારે વાત ચલાવતા નથી. હીરાવાળાના ધંધા ગમે ત્યારે બેહી પડે. એના કરતાં તો હારી નોકરી કરતા હોય અથવા હારો ટકોરાંબંધ ઊજળો ધંધો કરનારા હારા. હું કેવું છે, રમાવહુ તમારું?’

રમાવહુ કહે તો પણ હું કહે? વાતનું વતેસર થઈ જાય તે પહેલાં અહીંથી ભાગવું રહ્યું, નહીંતર ખરેખરનું બેસણું ભારે પડહે.

‘હારું હારું કાકીમા અને બેન, તમારી પણ વાત ધ્યાનમાં રાખીશ. હવે અમારે જરા બીજાના બેહણામાં જવાનું છે માટે અમે નીકળીએ.’ એમ કહીને રમાબહેન એની ફોજ લઈને ભાગ્યાં. બાજુના હોલમાં સેલ જોવા ગયાં, પણ એવાં ધક્કે ચડ્યાં, કે ન પૂછો વાત! એક સાથે બે ફ્રી જોવામાં એક સારું હોય, પણ બીજાં બે શનિવારીનાં કપડાં જેવાં! કોઈ ઉપર બટન તૂટેલાં, તો કોઈના ઉપર ડાઘા. તો કોઈની બાંય લાંબી - ટૂંકી. કપડાં ખોલી ખોલીને જોવામાં જ બધાને હાંફ ચડી ગયો. ધક્કે ધક્કે ખરીદી કર્યા વિના બહાર નીકળ્યાં. ત્યાં કાકીહાહુ અને પેલાં હીરા ઘસવાવાળા બિઝનેસમેનનાં ઘરનાં માતાજી સામે મળ્યાં.

‘કેમ અલી રમા વહુ, તું તો બીજા બેહણામાં જવાની હતી ને?’

હાજર જવાબી ને સ્માર્ટ મીનુ બોલી, ‘કાકીમા, એક બેહણામાંથી આ બીજા બેહણામાં જ આવ્યાં છીએ. પેલે ત્યાંથી પણ ખાલી હાથ અને અહીંયાથી પણ ખાલી હાથ...! આ જુઓ, થેલા ખાલી જ છે.’

‘રમા વહુ, તારી મીનુ તો ખરેખર હોશિયાર છે હોં! વિચાર હોય તો કહેજે.’ અને પછી કતરાતી નજરે પેલાં બીજા બહેન તરફ પણ ધરાર જોઈ જ લીધું. કારમાં બેસીને વોટર બેગમાંથી બધાએ લીંબુનું પાણી લઈ પી લીધું... કે વહેલું આવે ઘર! ■

ફેશન
ખુશી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# એવર ફ્રેશ ફ્લોરોસન્ટ કલર્સ

ફ્લોરોસન્ટ કલર (Fluorescent Color) એ એવા રંગો હોય છે જે સામાન્ય રંગોની તુલનાએ ઘણાં વધુ બ્રાઇટ અને અટ્રેક્ટિવ લાગે છે. આ રંગો પ્રકાશના પ્રકાશમાં વધુ ઝળહળતા લાગે છે, ખાસ કરીને UV લાઈટ અથવા બ્લેક લાઈટમાં તો તેઓ બહુ બ્રાઇટ દેખાય છે. ફ્લોરોસન્ટ કલર્સ ઊજળા અને આકર્ષક હોય છે. ફ્લોરોસન્ટ કલર્સને નિયોન કલર્સ પણ કહેવામાં આવે છે. આ કલર્સ યન્ગ યુવતીઓ પર વધારે સારા લાગે છે. આ કલર્સ દિવસ દરમિયાન પણ ખૂબ જ આકર્ષિત લાગે છે.આ કલર્સમાં રેડ, ગ્રીન, યેલ્લો ઓરેન્જ, બ્લુ, પર્પલ વગેરે જેવા કલરનો સમાવેશ થાય છે. નિયોન કલર્સમાં કપડાં તો આવે જ છે સાથે અક્સેસરિઝ પણ એટલી જ સુંદર હોય છે. રોડ સાઈન બતાવવા માટે પણ નિયોન કલરનો ઉપયોગ થાય છે. ચાલો જાણીયે ફ્લોરોસન્ટ કલરના કપડાં અને એક્સેસરીઝ કઈ રીતે અને કોણ પહેરી શકે.

આઉટફિટ - ફ્લોરોસન્ટ કલરના આઉટફિટમાં ઘણી વેરાઈટી આવે છે. જો માર્કેટ સર્વે કરીએ તો ખ્યાલ આવે કે સૌથી વધારે ટી શર્ટનું વેચાણ થાય છે . ફ્લોરોસન્ટ કલરના આખો આઉટફિટ પહેરવા માટે એક ચોક્કસ પ્રકારની પર્સનાલિટી હોવી જોઈએ. જયારે કોઈ પણ એક ગારમેન્ટ પહેરવું હોય તો તેને કોઈ બીજા ગારમેન્ટ સાથે મિક્સ એન્ડ મેચ કરી પહેરી શકાય જેમકે, ડેનિમ સાથે કોઈ પણ કલરનું ફ્લોરોસન્ટ ટી શર્ટ પહેરી શકાય. ફુલ લેન્થ ડેનિમ, ડેનિમ શોર્ટ્સ કે પછી ડેનિમ સ્કર્ટ સાથે નિયોન કલરના શર્ટ એક સ્માર્ટ લુક આપે છે. તમે તમારી પર્સનાલિટી મુજબ કલરની પસંદગી કરી શકો. યન્ગ યુવતીઓ નિયૌન કલરના ડ્રેસ પણ પહેરે છે. ડ્રેસની પેટર્ન અને લેન્થ તમે તમારી હાઈટ અને ઉંમર પ્રમાણે સિલેક્ટ કરી શકો. નિયોન આઉટફિટ બે રીતે પહેરી શકાય. એક એ રીત કે આખો ડ્રેસ તમે નિયોન કલરમાં પહેરો કે મિક્સ એન્ડ મેચ કરીને કે પછી બીજી રીત એ કે, ઓવર ઓલ આઉટફીર કોઈ સોલિડ કલરમાં અને માત્ર એક્સેસરીઝ નિયોન કલરમાં. જો તમે નિયોન કલરના આઉટફિટ પહેરવામાં કોન્ફિડેન્ટ ન હોવ તો ન પહેરવા. નિયોન કલર આઉટફિટ એક સ્ટાઇલ સ્ટેટમેન્ટ છે. આ કલર એટલા બ્રાઇટ હોય છે કે ક્રાઉડમાં તમે અલગ તરી આવો છો. નિયોન કલરને બ્રેક કરવા માટે વાઈટ કે બ્લેક કલરનો ઉપયોગ કરવાંમાં આવે છે. જેમકે, પેરેટ ગ્રીન કલરનો કાફ લેન્થનો ડ્રેસ પહેર્યો હોય તો, વાઈટ કલરનો બ્રોડ બેલ્ટ પહેરી શકાય, કે પછી વાઈટ કલરના શૂઝ પહેરી શકાય. જો તમને ઓવર ઓલ લુક બ્રેક કરવા માટે એક કોન્ટ્રાસ્ટ કલરની પસંદગી કરવી હોય તો પેરેટ ગ્રીન કલરના અડ્રેસ્સ સાથે પિન્ક કલરની એક્સેસરીઝ, અથવા તો રોયલ બ્લુ ડ્રેસ સાથે યેલ્લો કલરની એક્સેસરીઝ પહેરી શકાય. આ લુક તમને એક બોલ્ડ લુક આપે છે.



એવર ફ્રેશ ફ્લોરોસન્ટ કલર્સ

ફ્લોરોસન્ટ કલર (Fluorescent Color) એ એવા રંગો હોય છે જે સામાન્ય રંગોની તુલનાએ ઘણાં વધુ બ્રાઇટ અને અટ્રેક્ટિવ લાગે છે. આ રંગો પ્રકાશના પ્રકાશમાં વધુ ઝળહળતા લાગે છે, ખાસ કરીને UV લાઈટ અથવા બ્લેક લાઈટમાં તો તેઓ બહુ બ્રાઇટ દેખાય છે. ફ્લોરોસન્ટ કલર્સ ઊજળા અને આકર્ષક હોય છે. ફ્લોરોસન્ટ કલર્સને નિયોન કલર્સ પણ કહેવામાં આવે છે. આ કલર્સ યન્ગ યુવતીઓ પર વધારે સારા લાગે છે. આ કલર્સ દિવસ દરમિયાન પણ ખૂબ જ આકર્ષિત લાગે છે. આ કલર્સમાં રેડ, ગ્રીન, યેલ્લો, ઓરેન્જ, બ્લુ, પર્પલ વગેરે જેવા કલરનો સમાવેશ થાય છે. નિયોન કલર્સમાં કપડાં તો આવે જ છે સાથે અક્સેસરિઝ પણ એટલી જ સુંદર હોય છે. રોડ સાઈન બતાવવા માટે પણ નિયોન કલરનો ઉપયોગ થાય છે. ચાલો જાણીયે ફ્લોરોસન્ટ કલરના કપડાં અને એક્સેસરીઝ કઈ રીતે અને કોણ પહેરી શકે.

આઉટફિટ - ફ્લોરોસન્ટ કલરના આઉટફિટમાં ઘણી વેરાઈટી આવે છે. જો માર્કેટ સર્વે કરીએ તો ખ્યાલ આવે કે સૌથી વધારે ટી શર્ટનું વેચાણ થાય છે. ફ્લોરોસન્ટ કલરના આખો આઉટફિટ પહેરવા માટે એક ચોક્કસ પ્રકારની પર્સનાલિટી હોવી જોઈએ. જ્યારે કોઈ પણ એક ગારમેન્ટ પહેરવું હોય તો તેને કોઈ બીજા ગારમેન્ટ સાથે મિક્સ એન્ડ મેચ કરી પહેરી શકાય જેમકે, ડેનિમ સાથે કોઈ પણ કલરનું ફ્લોરોસન્ટ ટી શર્ટ પહેરી શકાય. ફુલ લેન્થ ડેનિમ, ડેનિમ શોર્ટ્સ કે પછી ડેનિમ સ્કર્ટ સાથે નિયોન કલરના શર્ટ એક સ્માર્ટ લુક આપે છે. તમે તમારી પર્સનાલિટી મુજબ કલરની પસંદગી કરી શકો. યન્ગ યુવતીઓ નિયૌન કલરના ડ્રેસ પણ પહેરે છે. ડ્રેસની પેટર્ન અને લેન્થ તમે તમારી હાઈટ અને ઉંમર પ્રમાણે સિલેક્ટ કરી શકો. નિયોન આઉટફિટ બે રીતે પહેરી શકાય. એક એ રીત કે આખો ડ્રેસ તમે નિયોન કલરમાં પહેરો કે મિક્સ એન્ડ મેચ કરીને કે પછી બીજી રીત એ કે, ઓવર ઓલ આઉટફીર કોઈ સોલિડ કલરમાં અને માત્ર એક્સેસરીઝ નિયોન કલરમાં. જો તમે નિયોન કલરના આઉટફિટ પહેરવામાં કોન્ફિડેન્ટ ન હોવ તો ન પહેરવા. નિયોન કલર આઉટફિટ એક સ્ટાઇલ સ્ટેટમેન્ટ છે. આ કલર એટલા બ્રાઇટ હોય છે કે ક્રાઉડમાં તમે અલગ તરી આવો છો. નિયોન કલરને બ્રેક કરવા માટે વાઈટ કે બ્લેક કલરનો ઉપયોગ કરવાંમાં આવે છે. જેમકે, પેરેટ ગ્રીન કલરનો કાફ લેન્થનો ડ્રેસ પહેર્યો હોય તો, વાઈટ કલરનો બ્રોડ બેલ્ટ પહેરી શકાય, કે પછી વાઈટ કલરના શૂ પહેરી શકાય. જો તમને ઓવર ઓલ લુક બ્રેક કરવા માટે એક કોન્ટ્રાસ્ટ કલરની પસંદગી કરવી હોય તો પેરેટ ગ્રીન કલરન અડ્રેસ્સ સાથે પિન્ક કલરની એક્સેસરીઝ, અથવા તો રોયલ બ્લુ ડ્રેસ સાથે યેલ્લો કલરની એક્સેસરીઝ પહેરી શકાય. આ લુક તમને એક બોલ્ડ લુક આપે છે.

એક્સેસરીઝ - નિયોન એક્સેસરીઝમાં ઘણી વેરાઈટી આવે છે. નિયોન એક્સેસરીઝ બાળકોમાં તો લોકપ્રિય છે જ પરંતુ યુવાનો પણ નિયોન એક્સેસરીઝ પહેરવાનો ચાન્સ છોડતા નથી. નિયોન એક્સેસરીઝ ખાસ કરીને પાર્ટીમાં ખૂબ જ ચાલે છે. એક્સેસરીઝ તમારા ઓવર ઓલ લુકને બ્રાઇટ અપ કરવા માટે હોય છે. જેમકે તમે બ્લુ ડેનિમ સાથે વાઈટ કલરનું ટોપ પહેર્યું છે તો, નિયોન પિન્ક શેડના ચશ્માં પહેરી શકાય કે પછી તમારા મનપસંદ નિયોન શેડની બેગ વાપરી શકો. નિયોન શેડની એક્સેસરીઝ પહેરવાથી એક ફન્કી લુક આવે છે. તમે કોઈ પાર્ટીમા જવાના હોવ તો બ્લેક એન્ડ બ્લેક ડ્રેસ સાથે નિયોન એક્સેસરીઝ પહેરી શકો. જેમકે, નિયોન ચશ્માં, એક હાથમાં મલ્ટી કલર નિયોન બ્રેસલેટ, નિયોન હેરબેન્ડ અને નિયોન શૂઝ એક અલગ જ લુક આપશે. નિયોન કલર્સ અંધારમાં ખૂબ જ ચળકે છે. તેથી યુવાનો પાર્ટીમાં ખાસ પહેરવાનું પ્રિફર કરે છે. યુવતીઓમાં સિમ્પલ કલરના ડ્રેસ સાથે નિયોન એક્સેસરીઝ એક અટ્રેક્ટિવ લુક આપે છે. નિયોન કલર્સ એટલું સ્ટ્રોંગ લુક આપે છે કે માત્ર એક એક્સેસરીઝ પણ કાફી છે. જેમકે વાઈટ કલરના ડ્રેસ સાથે રોયલ બ્લુ કલરનું કલચ કે પછી ડેનિમના શોર્ટ સ્કર્ટ સાથે પેરેટ ગ્રીન ક્રોપ ટોપ અને પિન્ક કલરના નિયોન શૂઝ એક પરફેક્ટ મોન્સૂન મેજિક લુક આપી શકે. વરસાદની મોસમમાં નિયોન કલરના ડ્રેસ કે એક્સેસરીઝ ખૂબ સુંદર લુક આપે છે. ■

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## શું 'હમ્બલ એરોગન્સ' પુરુષને સફળ થવામાં મદદરૂપ થઈ શકે?

સફળતા એ એક એવું લક્ષ્ય છે જેની પાછળ દરેક વ્યક્તિ દોડે છે, પરંતુ તેનો માર્ગ ઘણીવાર જટિલ અને પડકારજનક હોય છે. ખાસ કરીને પ્રોફેશનલ જગતમાં, જ્યાં સ્પર્ધા અને પ્રભાવનું મહત્ત્વ વધારે છે, ત્યાં વ્યક્તિનો સ્વભાવ અને અભિગમ એની સફળતાને નિર્ધારિત કરે છે. ઘણીવાર એવું જોવા મળે છે કે સરળ-નમ્ર અને શાંત સ્વભાવના લોકો પ્રોફેશનલ ફ્રન્ટ પર પાછળ રહી જાય છે,કારણ કે એ પોતાની ક્ષમતાઓને યોગ્ય રીતે રજૂ કરી શકતા નથી. આવા સંદર્ભમાં, 'હમ્બલ એરોગન્સ' એટલે આત્મવિશ્વાસ સાથે 'નમ્રતા અને અહમ્'નું એક અનોખું સંયોજન,પુરુષને સફળ થવામાં મદદ કરી શકે છે.

'હમ્બલ એરોગન્સ' એ એક એવી ગુણવત્તા છે, જેમાં વ્યક્તિ પોતાની ક્ષમતા અને સિદ્ધિઓ પર ગર્વ અનુભવે છે, પરંતુ તેની રજૂઆત એટલી નમ્ર અને સૌમ્ય રીતે કરે છે કે એ અન્ય લોકોને અભિમાની ન લાગે. આ એક પ્રકારનું સંતુલન છે, જેમાં વ્યક્તિ પોતાની મજબૂતીઓને ઓળખે છે અને તેને આત્મવિશ્વાસ સાથે રજૂ કરે છે, પરંતુ સાથે સાથે બીજાની લાગણી અને મંતવ્યનું સન્માન પણ કરે છે. પ્રોફેશનલ જગતમાં, જ્યાં નેટવર્કિંગ, સંચાર અને નેતૃત્વની ક્ષમતાઓનું મૂલ્યાંકન થાય છે ત્યાં આ ગુણવત્તા ખૂબ જ મહત્ત્વની બની શકે છે.

ઘણીવાર નમ્ર સ્વભાવના લોકો પોતાની સિદ્ધિઓને રજૂ કરવામાં ખચકાટ અનુભવે છે. એ માને છે કે એમનું કામ પોતે જ બોલશે, પરંતુ આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં, જ્યાં દરેક વ્યક્તિ પોતાની ક્ષમતાઓને ઉજાગર કરવા માટે આતુર હોય છે ત્યારે આવો અભિગમ ઘણીવાર નુકસાનકારક બની શકે છે. નમ્રતાને કારણે એ પોતાની પ્રતિભાને યોગ્ય રીતે રજૂ નથી કરી શકતા, જેના કારણે એમની ક્ષમતાઓ નજરઅંદાજ થઈ જાય છે. 'હમ્બલ એરોગન્સ' આવા લોકોને એક એવો માર્ગ બતાવે છે, જેના દ્વારા એ પોતાની ક્ષમતાને આત્મવિશ્વાસથી રજૂ કરી શકે છે, પરંતુ એવી રીતે કે જે અન્ય લોકોને પ્રેરણાદાયી લાગે.

આવી ગુણવત્તા વ્યક્તિને પોતાના વિચારો અને ક્ષમતાઓને એવી રીતે રજૂ કરવાની તક આપે છે કે જેનાથી એની વાતનું વજન પડે. ઉદાહરણ તરીકે, એક પ્રોફેશનલ મીટિંગમાં, જો કોઈ વ્યક્તિ પોતાના વિચારોને નમ્રતાથી, પરંતુ નક્કર રીતે રજૂ કરે તો એની વાતને વધુ ગંભીરતાથી લેવામાં આવે છે. આવું વલણ નેતૃત્વની ભૂમિકામાં પણ અસરકારક છે. નેતા તરીકે, વ્યક્તિએ ટીમને પ્રેરણા આપવી પડે છે અને સાથે સાથે એમનાં મંતવ્યોનું સન્માન પણ કરવું પડે છે. 'હમ્બલ એરોગન્સ' આ બંનેને સાથે લાવે છે નિર્ણયો લેવાની મજબૂતી અને સહયોગી વલણ.



જોકે, અતિશય નમ્રતા કેટલીકવાર નબળાઈ તરીકે જોવામાં આવે છે. પ્રોફેશનલ વિશ્વમાં, જ્યાં દેખાવ અને પ્રભાવ મહત્ત્વના હોય છે,અતિશય નમ્ર વ્યક્તિને ઘણીવાર નજરઅંદાજ કરવામાં આવે છે. હમ્બલ એરોગન્સ આ સમસ્યાને દૂર કરે છે, કારણ કે તે વ્યક્તિને પોતાની ક્ષમતાઓને રજૂ કરવાની તક આપે છે, પરંતુ એ રીતે કે જે અન્ય લોકો સાથે સંબંધને મજબૂત બનાવે. આ ગુણ વ્યક્તિને એવી રીતે ચમકવા દે છે કે જે સહકર્મીઓ અને ઉપરી અધિકારીઓને પ્રભાવિત કરે, નહીં કે એમનામાં ઈર્ષ્યા જન્માવે. ઉદાહરણ તરીકે, એક પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન દરમિયાન જો વ્યક્તિ પોતાના યોગદાનને આત્મવિશ્વાસથી રજૂ કરે, પરંતુ ટીમના અન્ય સભ્યોની પ્રશંસા પણ કરે તો એની છાપ વધુ સકારાત્મક બને છે.

બીજી બાજુ, 'હમ્બલ એરોગન્સ' અપનાવવું સરળ નથી. તેના માટે વિવેક અને નિયંત્રણની જરૂર છે. વ્યક્તિએ પોતાની મજબૂતી અને નબળાઈઓને સમજવી પડે છે અને તેના આધારે પોતાનો વ્યવહાર ઘડવો પડે છે. વધુ પડતો આત્મવિશ્વાસ અભિમાનમાં ફેરવાઈ શકે છે, જે સંબંધને નુકસાન પહોંચાડે છે, જ્યારે વધુ પડતી નમ્રતા વ્યક્તિની ક્ષમતાઓને દબાવી દે છે. આ સંતુલન જાળવવું એ એક કળા છે, જે પ્રેક્ટિસ અને સભાનતાથી શીખી શકાય છે. આ માટે વ્યક્તિએ પોતાની રજૂઆતની શૈલી, શબ્દોની પસંદગી અને શરીરી ભાષા પર ધ્યાન આપવું જરૂરી છે.

આ ગુણવત્તાનો ઉપયોગ વિવિધ પરિસ્થિતિઓમાં અલગ અલગ રીતે થઈ શકે છે. જોબ ઇન્ટરવ્યૂમાં, વ્યક્તિ પોતાની સિદ્ધિઓને આત્મવિશ્વાસથી રજૂ કરી શકે છે, પરંતુ નમ્ર રીતે, જેથી ઇન્ટરવ્યૂઅરને એનો અભિગમ સંતુલિત લાગે. ટીમ મીટિંગમાં આ અભિગમ વ્યક્તિને પોતાના વિચારોને મજબૂત રીતે રજૂ કરવામાં મદદ કરે છે, જ્યારે અન્યનાં મંતવ્યોનું સન્માન પણ જાળવે છે. આ ઉપરાંત, 'હમ્બલ એરોગન્સ' વ્યક્તિને નેટવર્કિંગમાં પણ મદદ કરે છે. ઉદાહરણ તરીકે,એક પ્રોફેશનલ ઇવેન્ટમાં, જો વ્યક્તિ પોતાની કુશળતાને આત્મવિશ્વાસથી રજૂ કરે, પરંતુ સાથે સાથે બીજાની વાતને પણ ધ્યાનથી સાંભળે તો એ વધુ લોકો સાથે સકારાત્મક સંબંધો બનાવી શકે છે.

'હમ્બલ એરોગન્સ' એ એક એવો ગુણ છે, જે પુરુષને પ્રોફેશનલ જગતમાં સફળ થવામાં નિશ્ચિતપણે મદદ કરી શકે છે. તે નમ્રતા અને આત્મવિશ્વાસનું આદર્શ મિશ્રણ છે, જે વ્યક્તિને પોતાની ક્ષમતાઓને રજૂ કરવાની તક આપે છે અને સાથે સાથે અન્ય લોકો સાથે સારા સંબંધ જાળવવામાં મદદ કરે છે. આ ગુણવત્તા વ્યક્તિને નેતૃત્વ, સંચાર અને સહયોગની ક્ષમતામાં મજબૂત બનાવે છે, જે આજના સ્પર્ધાત્મક વિશ્વમાં સફળતા માટે અનિવાર્ય છે. જો કોઈ પુરુષ આ ગુણને અપનાવે તો એ પોતાનાં પ્રોફેશનલ લક્ષ્યોને હાંસલ કરવામાં નિશ્ચિતપણે સફળ થઈ શકે છે. ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પુરુષોનો ઈગો એની ઊંચાઈથી પણ ઊંચો હોય છે...

ડિયર હની,

આમિર ખાનની ફિલ્મ 'તારે જમીન પર ...' આપણે બેએ સાથે જોયું. મેં જોયું કે
ફિલ્મમાં તું હસી પણ ઘણું અને રડી પણ...મારી ય હાલત કૈક એવી જ હતી. આંખો
ભીની થતી હતી. એમાં આમિર ખાનનો એક ડાયલોગ મને સ્પર્શી ગયો. એની હાઈટ
ઓછી એ કારણે એને એની મા અમુક નામે બોલાવતી. આમિરનો એની પત્ની સાથે ઝઘડો
ચાલતો હતો. એ ઘર છોડી માના ઘેર રહેતો હતો, પણ દિવ્યાંગ બાળકો સાથે કામ કર્યા
બાદ એની દ્રષ્ટિ બદલાઈ. પત્ની સાથે પેચ અપ થવામાં છે ત્યારે એ કહે છે, પુરુષનો ઈગો
એની શારીરિક ઊંચાઈ કરતાં સો ગણો ઊંચો હોય છે. અને એ સમસ્યા સર્જે છે...

આ વાત સાથે તું સહમત થવાની જ. કારણ કે, આ વાતનો અનુભવ તને તારા ઘેર અને
આપણા ઘેર પણ થયો જ હશે, વત્તા ઓછા અંશે. મારામાં પણ ક્યાંક એ ઈગો હશે અને
આપણી વચ્ચે કોઈવાર એ આડે આવ્યો છે અને મોટી લડાઈ તો નહિ, પણ બોલાચાલી
તો થઇ જ છે. સારું છે કે, એનાથી વાત આગળ વધી નથી. મેં તારા વ્યક્તિત્વને એટલું જ
સન્માન આપવાનો પ્રયત્ન કર્યો છે. તને ય એનો અહેસાસ છે. તું બીમાર પડી હોય અને હું
તારી પાસેથી દૂર ના જાઉં ત્યારે કેટલાક સ્નેહીઓ મારી ધીમા અવાજે મજાક પણ ઉડાવતા.
એ વાત જવા દે, પણ જ્યારે પુરુષનો ઈગો વધુ પડતો હોય ત્યારે દામ્પત્ય જીવનમાં તબાહી
સર્જાય છે. ખાસ કરીને પતિ-પત્ની બંને નોકરી કે વ્યવસાય કરતા હોય ત્યાં આવી ઘટના
વધુ જોવા મળે છે. પત્ની પોતે આર્થિક રીતે આત્મનિર્ભર હોય ત્યારે એ પતિને યોગ્ય જવાબ
આપે છે અને અપેક્ષા પણ રાખે છે અને એ વાજબી પણ છે. મારે એક કિસ્સો કહેવો છે.
તું એને લગભગ ઓળખે પણ છે. રમેશ અને મોનાનાં લગ્નને પાંચ વર્ષ થયાં હતાં. રમેશ
એક સારી કંપનીમાં સારા પદ પર હતો અને સ્વભાવે થોડો અહંકારી પણ ખરો. એને
હંમેશાં એવું લાગતું કે એ જે નિર્ણય લે છે એ બરાબર છે. મોના કોઈ બાબતે પોતાનો
અભિપ્રાય આપતી કે કોઈ અલગ સૂચન કરતી ત્યારે રમેશ તેને ગંભીરતાથી લેતો નહીં.

એકવાર બંને ઘરના રિનોવેશન માટે પ્લાન કરી રહ્યાં હતાં. મોનાને રસોડામાં અમુક
ફેરફાર જોઈતા હતા, જે વધુ વ્યવહારુ હતા, પરંતુ રમેશને એના ડિઝાઇનર મિત્રએ આપેલો
પ્લાન જ પસંદ હતો. મોનાએ સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ રમેશે કહ્યું કે, 'તને આ
બાબતોની સમજણ ન પડે. જે મેં નક્કી કર્યું છે તે જ બરાબર છે...'

આ નાની વાતથી શરૂ થયેલી દલીલો ધીમે ધીમે મોટા ઝઘડામાં પરિણમી. મોનાને
લાગવા માંડ્યું કે એના અભિપ્રાયની કોઈ કિંમત નથી અને એ સંબંધમાં ગુંગળામણ અનુભવવા
લાગી.

રમેશનો આ ઇગો બંને વચ્ચે દૂરીનું કારણ બન્યો, કારણ કે મોનાએ એની સાથે કોઈપણ
બાબત શેર કરવાનું બંધ કરી દીધું. આવું ઘણાં ઘરોમાં બને છે. કોઈ મુદે ચર્ચા થતી હોય
અને પત્ની અભિપ્રાય આપે પતિ કહેતો હોય છે 'તું કમાય છે કેટલું કે તારો અભિપ્રાય
આપવા બેઠી છો?' અથવા 'પૈસા હું કમાઉં છું એટલે મને ખબર છે કે ક્યાં ખર્ચ કરવા..
'આવી દલીલો જ ક્યારેક મોટું સ્વરૂપ લઇ લે છે, જે આગળ જતાં ઘણા કિસ્સામાં તો વાત
ઘરભંગ થવા સુધી પહોંચે છે.

પુરુષ પ્રધાન સમાજ છે એ વાસ્તવિકતા છે, પણ દીકરીઓ હવે ભણીગણીને આગળ
વધવા લાગી છે. ઘણા ક્ષેત્રોમાં નામ કાઢ્યું છે. સ્ત્રીની આ પ્રગતિ ઈગો જેનો મોટો હોય
એવા પુરુષને સદતી નથી. સૌથી વિચિત્ર વાત તો એ છે કે, આમાં સાક્ષર કે નિરક્ષર
એવું કોઈ અંતર નથી. ગામડાનો પુરુષ હોય કે શહેરનો
મધ્યમ વર્ગનો પુરુષ હોય કે પછી તવંગર. સામાન્ય પુરુષ
હોય કે પછી સેલીબ્રિટી... પુરુષ આખરે પુરુષ હોય છે.
પેલી જાહેરાતમાં આવે છે ને, 'મેન વિલ બી મેન...',
પણ સમય બદલાયો છે. પુરુષ અને સ્ત્રી બંને વચ્ચે ભેદભાવ
રખાય તો એ નુકસાન બંને પક્ષે છે. સાથે સાથે ચાલવામાં
જ બંનેનું જ નહિ બધાનું ભલું છે.

તારો બન્ની

## જીવનસંધ્યાએ કોઈનું અશક્ય સપનું પૂરું કરવાનું પુણ્ય...

સંધ્યા છાયા
feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

ગોકળદાસને પહેલેથી જ લોકોમાં બહુ રસ. લોકો સાથે હળવું-મળવું એમની સાથે વાતો કરવી ગોકળદાસને ગમે. પ્રૌઢાવસ્થા સુધી તો કામ-ધંધો કરતા હતા એટલે વાર-તહેવારે પ્રસંગોપાત લોકોને મળવાનું થતું. હા, વ્યાપારી અને ગ્રાહકોને મળવાનું અને વાતો કરવાનું થાય. ગોકળદાસ જ્યારે લોકોને મળે ત્યારે બહુ પ્રેમથી વાતો કરે.

વાતો કરતા કરતા એમનાં દુઃખ દર્દ જાણે. સામી વ્યક્તિના મનની વાત જાણી લે. વ્યક્તિનું દુઃખ જાણ્યા પછી એમના મનમાં એનું દુઃખ દૂર કેવી રીતે કરવું એ વિચાર ચાલે.

ધીમેધીમે ધંધો દીકરાઓને સોંપીને ગોકળદાસ નિવૃત્ત થઈ ગયા. હવે એમની પાસે સમય જ હતો. વાંચનનો પણ શોખ સાહિત્ય રસિક માણસ એટલે પોતાના સમાજના મેગેઝિનના તંત્રી તરીકે સેવા આપવા માંડ્યા.

તંત્રી તરીકે મેગેઝિન તો ચલાવતા, પણ વધારે એમનું ધ્યાન લોકહિત માટે રહેતું. વળી મેગેઝિન નામનું હથિયાર એમના હાથમાં હતું. એ હથિયારનો એમણે યોગ્ય ઉપયોગ કર્યો. સમાજના માંધાતાઓ પાસે મદદની ટહેલ નાખી શિક્ષણ માટે, મેડિકલ માટે, મેડિક્લેઈમ માટે, કેન્સર માટે, વિધવાઓ માટે સહાય કરવાની યોજનાઓ જાહેર કરી.

કોઈ સારું કામ કરતું હોય તો દાતાઓને પૈસા દેવાનો વાંધો હોતો જ નથી. દાતાઓ ઈચ્છતા હોય છે કે એમના પૈસાનો યોગ્ય ઉપયોગ થાય એટલે ગોકળદાસને ફંડ મળતું ગયું અને એમનો લોકસેવાનો યજ્ઞ ચાલુ થઈ ગયો, પણ એ આ બધું જે કરે છે તેવું ઘણાં લોકો કરે છે. ગોકળદાસને હજુ કંઈક કરવું હતું.

એક વાર ગોકળદાસ સમાજના કોઈ પ્રસંગે બોરીવલીથી આગળના સબર્બમાં ગયા હતા. એ પ્રસંગમાં ઘણાં બધાં લોકો ભાયંદર, નાલાસોપારા, વસઈ, વિરારથી આવ્યા હતાં. મોટાભાગના લોકો બહુ જ સાધારણ સ્થિતિના હતા.

ગોકળદાસે એમની સાથે વાત કરતા બે વસ્તુ એમના ધ્યાનમાં આવી. આમાંના ઘણાં લોકો એવાં હતાં જેઓ શ્રીનાથજીના




દર્શન કરવા નાથદ્વારા જવા ઈચ્છતા હતાં, પરંતુ આર્થિક પરિસ્થિતિને કારણે જઈ શકતા ન હતા. ઉંમર લાયક વૃદ્ધોને થતું કે એક વાર પણ જો નાથદ્વારા જઈને શ્રીનાથજીની ઝાંખી થઈ જાય તો જીવન સફળ થઈ જાય. અને બીજી વાત ગોકળદાસના ધ્યાનમાં આવી કે આમાંથી કેટલાંય લોકો પોતાના જીવનમાં ક્યારેય એરોપ્લેનમાં નથી બેઠાં. આજે પણ આવી સ્થિતિ છે લોકોની એ જાણીને ગોકળદાસને આશ્ચર્ય થયું. એમણે મનમાં ગાંઠ બાંધી કે આ લોકોને શ્રીનાથદ્વારાની યાત્રા કરાવવી છે અને વિમાનમાં પણ બેસાડવા છે.

ગોકળદાસે પોતાના પ્રયત્ન ચાલુ કરી દીધાં. દાતાઓ મળી ગયા. ગોકળદાસની બીજી પણ એક નોંધનીય વાત તે કે એ ફક્ત દાતાઓ પર મદાર નથી રાખતા. જ્યાં કામ અટકે ત્યાં પોતાના તરફથી ખૂટતી રકમ ઉમેરીને પણ કામ પાર પાડે. જે લોકો શ્રીનાથદ્વારાની યાત્રા કરવા માગતા હતાં, જીવનમાં એક પણ વાર શ્રીનાથજીની ઝાંખી કરવા આર્થિક પરિસ્થિતિને કારણે જઈ શક્યા ન હતા તેવાં સિનિયર સિટીજનને સ્પેશ્યલ બસ કરીને શ્રીનાથજીબાવાના દર્શન કરાવ્યા. નાથદ્વારામાં સરસ જગ્યાએ ઉતારો આપ્યો.

બે દિવસ સુધી આઠે સમાના દર્શન કરાવ્યા. વૃદ્ધોની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. એમણે તો માની જ લીધું હતું કે આ જનમમાં તો હવે શ્રીનાથજીબાવાની ઝાંખી કરવાથી રહ્યાં, પણ એમનું અશક્ય લાગતું સપનું ગોકળદાસે પૂરું કર્યું.

આ જાત્રામાં ગોકળદાસ સાથે એમનો પરિવાર પણ જોડાયો, જેથી સાવ અશક્ત વૃદ્ધ હોય તો એમનો હાથ પકડવો કે વ્હીલચેરમાં લઈ જવા મદદરૂપ થઈ શકે. આમ ગોકળદાસે તન-મન-ધનથી વૃદ્ધોની સેવા કરીને એ વૃદ્ધોના આશીર્વાદ મેળવ્યા.

વૃદ્ધોને યાત્રા તો કરવી હવે એમની ઈચ્છા પૂર્ણ કરવાની હતી એરોપ્લેનમાં બેસાડવાની. એની પણ વ્યવસ્થા ગોકળદાસે કરી.

મુંબઈથી અમદાવાદ સવારની વહેલી ફલાઈટમાં લઈ ગયા. માત્ર અને માત્ર જે લોકો ક્યારેય એરોપ્લેનમાં બેઠાં ન હોય એમના માટે જ આ વ્યવસ્થા હતી. વૃદ્ધોએ તો કોઈ દિવસ એરપોર્ટ પણ જોયું ન હતું. બધાં રાજીરાજી અને રોમાંચિત થઈ ગયા.

અમદાવાદ પહોંચીને ચા-પાણી નાસ્તો કરાવ્યો. અક્ષરધામ લઈ ગયા. બપોરનું જમણ કરાવીને બસમાં પાછા મુંબઈ લઈ આવ્યા. આવી બે- ત્રણ ટ્રીપ એમણે કરી. જેની કલ્પના પણ ન કરી હોય તેવી પ્લેનની મુસાફરીથી આર્થિક રીતે નબળા વૃદ્ધજનો તો રાજીના રેડ થઈ ગયા.

આવી સેવા ખરેખર કોઈ કરી રહ્યું છે અને તમે પણ કરી શકો છો. આ લખવાનું પ્રયોજન એ જ છે કે આ વાંચીને વાંચકો પ્રેરણા લઈ શકે.

વૃદ્ધાવસ્થા એટલે અસહાયતા, વૃદ્ધાવસ્થા એટલે બીમારી, વૃદ્ધાવસ્થા એટલે રોદણાં રડવા એવું નથી. જીવન-સંધ્યાએ સંધ્યા-છાયા હોવી જોઈએ. પોતે કોઈના જીવનમાં ઉજાસ પાથરવાનો છે, છાયા આપવાની છે, પ્લેનમાં વૃદ્ધોને ફેરવવાનો વિચાર ખરેખર નવો છે, આજ સુધી બીજાં કોઈને આવ્યો છે કે નહીં તેની ખબર નથી. આવી તો કેટલીયે સેવા કરી શકાય છે. ■

# ઈન્ડિગોના વિમાનમાં ખામી સર્જાતા પાછું ફર્યું

## ૧૭૫ ઉતારુ અને ક્રૂ સલામત

પટણા : દિલ્હી જઈ રહેલું ઈન્ડિગોનું વિમાન જયપ્રકાશ નારાયણ ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઊપડ્યાના બાદ પક્ષી અથડવાને લીધે એક એન્જિનમાં ટેક્નિકલ ખામી સર્જાતા તે પાછું હવાઈમથક પર આવ્યું હતું. હવાઈમથકના અધિકારીઓએ કહ્યું હતું કે બધા ૧૭૫ ઉતારુ અને ક્રૂ સલામત છે.

પટણા હવાઈમથકે એક નિવેદનમાં કહ્યું હતું કે આઈજીઓ૫૦૦૯ વિમાન પટણાથી દિલ્હી જઈ રહ્યું હતું. આ વિમાન ભારતીય સમય પ્રમાણે સવારના ૮-૪૨ કલાકે ઊપડ્યું હતું.

નિરીક્ષણમાં રનવેમાં એક પક્ષીના ટુકડા મળ્યા હતા. એપ્રોચ કંટ્રોલ યુનિટે આની જાણ પ્લેનના પાઈલટને કરી હતી. પાઈલટે એક એન્જિનમાં ધ્રુજારી થતી હોવાથી પાછા હવાઈમથકે આવવા દેવાની વિનંતી કરી હતી. વિમાન પાછું ભારતીય સમય મુજબ ૯-૦૩ કલાકે ઊતર્યું હતું. વિમાનનું ફરી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

એરલાઈન્સ પેસેન્જરને તેમના મુકામે ફરી મોકલવા વૈકલ્પિક વ્યવસ્થા કરશે.

૫૧ મુસાફર સાથેની ઇન્ડિગો ઇન્દોર-રાયપુર ફ્લાઇટ મંગળવારે ટેક્નિકલ ખામીને કારણે ટેકઓફ કર્યા પછી તરત જ એરપોર્ટ પર પાછી ફરી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

ઇન્દોરના દેવી અહલ્યાબાઈ હોલકર એરપોર્ટના ડિરેક્ટર વિપિનકાંત સેઠે જણાવ્યું હતું કે, ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટ નંબર ૬ઇ-૭૨૯૫માં વિમાને ઇન્દોરથી ઉડાન ભરીને લગભગ ૬૦ નોટિકલ માઇલનું અંતર કાપ્યા બાદ ટેક્નિકલ ખામીનો ખ્યાલ આવ્યો હતો.

મંગળવારે સવારે ૬.૩૫ વાગ્યે વિમાન ઇન્દોર એરપોર્ટથી ઉડાન ભરી ગયું હતું અને થોડીવાર પછી, પાઇલટે એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) ને જાણ કરી હતી, જેના પછી તે ટેક્નિકલ કારણોસર પાછું ફર્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

એરપોર્ટ ડિરેક્ટરે ટેક્નિકલ ખામીની વિગતો આપ્યા વિના દાવો કર્યો હતો કે વિમાને ''ઇમરજન્સી લેન્ડિંગ'' કર્યું ન હતું.

(એજન્સી) ■



**ટ્રેન રોકો:** બિહાર વિધાનસભાની ચૂંટણી અગાઉ મતદાર યાદીમાં ધરમૂળથી સુધારા કરવાની હાથ ધરવામાં આવેલી કામગીરીના વિરોધમાં ઈન્ડિયા બ્લૉક દ્વારા જાહેર કરવામાં આવેલા બિહાર બંધ દરમિયાન પ્રદર્શનકર્તાઓએ ટ્રેન રોકી દીધી હતી તે સમયે ત્યાં ઊભેલા સુરક્ષા અધિકારીઓ. (એજન્સી)

# ભારતીય મૂળના શબીહ ખાન બન્યા એપલના ચીફ ઓપરેટિંગ ઓફિસર

નવી દિલ્હીઃ એપલ ઈન્ક. એ ભારતીય મૂળના શબીહ ખાનને ચીફ ઓપરેટિંગ ઓફિસર (સીઓઓ) તરીકે નિયુક્ત કર્યા છે. આઇફોનનું ઉત્પાદન કરતી કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે એપલમાં ૩૦ વર્ષથી કાર્યરત ખાન (૫૮) હાલમાં સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ-ઓપરેશન્સ છે. તેઓ આ મહિનાના અંતમાં જેફ વિલિયમ્સનું સ્થાન લેશે.

૧૯૯૫માં એપલમાં જોડાતા પહેલા તેમણે જીઇ પ્લાસ્ટિકમાં 'એપ્લિકેશન ડેવલપમેન્ટ એન્જિનિયર' અને ચીફ 'એકાઉન્ટ ટેક્નિકલ લીડર' તરીકે કામ કર્યું હતું. ખાનનો જન્મ ૧૯૬૬માં ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં થયો હતો. તેમણે અમેરિકામાં સ્થાયી થતાં પહેલાં સિંગાપોરમાં સ્કૂલનો અભ્યાસ કર્યો હતો. તેમણે ટફ્ટ્સ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર અને મિકેનિકલ એન્જિનિયરિંગમાં ડ્યુઅલ સ્નાતકની ડિગ્રી અને રેનસેલર પોલિટેકનિક ઇન્સ્ટિટ્યૂટમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી છે.

ખાને લગભગ ત્રણ દાયકાથી કંપનીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. ૨૦૧૯માં તેમને કંપનીના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ (ઓપરેશન્સ) બનાવવામાં આવ્યા હતા. છેલ્લા છ વર્ષમાં તેમણે એપલની વૈશ્વિક સપ્લાય ચેઇનનું નેતૃત્વ કર્યું અને યોજના, ખરીદી, ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને ઉત્પાદન પરિપૂર્ણતાની દેખરેખ રાખી હતી. ■

# સીબીઆઇને મળી મોટી સફળતા, ૨૩ વર્ષથી ફરાર મોનિકા કપૂર અમેરિકામાં ઝડપાઇ

વોશિંગ્ટનઃ સીબીઆઇને મોટી સફળતા મળી હતી. લગભગ ૨૩ વર્ષથી ફરાર રહેલી ઉદ્યોગપતિ મોનિકા કપૂરની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઇને આરોપી મોનિકા કપૂરને અમેરિકાથી ભારત પરત લાવવામાં સફળતા મળી છે.

મોનિકા કપૂર ૨૦૦૨ના આયાત-નિકાસ કૌભાંડમાં મુખ્ય આરોપી છે અને વર્ષોથી અમેરિકામાં છુપાયેલી હતી.

મોનિકા ઓવરસીઝની માલિક મોનિકા કપૂરે તેના બે ભાઈઓ રાજન ખન્ના અને રાજીવ ખન્ના સાથે મળીને નકલી એક્સપોર્ટ દસ્તાવેજો જેમ કે શિપિંગ બિલ, ઇન્વોઇસ અને બેન્ક સર્ટિફિકેટ તૈયાર કર્યા હતા. આ નકલી દસ્તાવેજોના આધારે તેણે ૧૯૯૮માં ૬ રિપ્લેનિશમેન્ટ લાઈસન્સ હાંસલ કર્યા હતા જેની મદદથી ૨.૩૬ કરોડ રૂપિયાનું ડ્યુટી-ફ્રી ગોલ્ડ આયાત કર્યું હતું. આ પછી આ લાઈસન્સને અમદાવાદ સ્થિત કંપની ડીપ એક્સપોર્ટ્સને પ્રીમિયમ ભાવે વેચી દીધું હતું. ડીપ એક્સપોર્ટ્સે આનો ઉપયોગ સોનાની આયાત કરવા માટે કર્યો, જેના કારણે સરકારને ૧.૪૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

સીબીઆઈ તપાસ બાદ ૩૧ માર્ચ ૨૦૦૪ રોજ મોનિકા કપૂર, રાજન ખન્ના અને રાજીવ ખન્ના વિરુદ્ધ આઇપીસીની કલમ ૧૨૦-બી, ૪૨૦,૪૬૭,૪૬૮, અને ૪૭૧ હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

દિલ્હીની સાકેત કોર્ટે ૨૦ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ રાજન અને રાજીવ ખન્નાને દોષિત ઠેરવ્યા હતા પરંતુ મોનિકા કપૂર તપાસ અને ટ્રાયલથી દૂર રહી હતી. ૧૩ ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ કોર્ટે તેને ગુનેગાર જાહેર કરી દીધી હતી અને ૨૦૧૦માં તેમની સામે રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવી હતી. સીબીઆઈએ ૨૦૧૦માં અમેરિકાને મોનિકા કપૂરના પ્રત્યાર્પણ માટે વિનંતી કરી હતી. લાંબી કાનૂની પ્રક્રિયા અને અમેરિકન એજન્સીઓ સાથે સતત સંકલન પછી આખરે તેને ભારત લાવવામાં આવી હતી. સીબીઆઈની ટીમ અમેરિકા ગઈ અને તેને કસ્ટડીમાં લઈને ભારત પરત આવી હતી. ■

# દિલ્હી એરપોર્ટ વિશ્વનું નવમું સૌથી વ્યસ્ત એરપોર્ટ બન્યું, ૭.૭ કરોડથી વધુ મુસાફરોએ કરી અવરજવર

નવી દિલ્હીઃ દિલ્હી એરપોર્ટ વિશ્વનું નવમું સૌથી વ્યસ્ત એરપોર્ટ રહ્યું હતું. દિલ્હી એરપોર્ટમાં વર્ષ ૨૦૨૪માં ૭.૭ કરોડથી વધુ મુસાફરોનું સંચાલન કરવામાં આવ્યું હતું. એક રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી હતી. 'એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ' (એસીઆઇ) ની વિશ્વના ૨૦ સૌથી વ્યસ્ત એરપોર્ટની યાદીમાં અમેરિકાનું એટલાન્ટા એરપોર્ટ ૧૦,૮૦,૬૭,૭૬૬ મુસાફરોની અવરજવર સાથે ટોચ પર છે. આ પછી દુબઈ એરપોર્ટ (૯,૨૩,૩૧,૫૦૬ મુસાફરો) બીજા સ્થાને છે અને અમેરિકાનું ડલ્લાસ/ફોર્ટ વર્થ એરપોર્ટ (૮,૭૮,૧૭,૮૬૪ મુસાફરો) ત્રીજા સ્થાને છે.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ''વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક મુસાફરોનો ટ્રાફિક ૯.૪ અબજ મુસાફરોની અવરજવર સાથે નવી ઊંચાઈએ પહોંચ્યો હતો. આ આંકડો ૨૦૨૩ કરતા ૮.૪ ટકા વધુ અને મહામારી પહેલાના (૨૦૧૯) સ્તર કરતા ૨.૭ ટકા વધુ છે.'' યાદીમાં ટોચના ૨૦ એરપોર્ટમાં ગયા વર્ષે કુલ ૧.૫૪ અબજ હવાઈ મુસાફરોએ અવરજવર કરી હતી. જે વૈશ્વિક ટ્રાફિકના ૧૬ ટકા જેટલું હતું.

દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટે ગયા વર્ષે ૭૭.૮ મિલિયન મુસાફરોનું સંચાલન કર્યું હતું, જે તેનું રેન્કિંગ સુધારીને નવમા સ્થાને પહોંચ્યું હતું, જ્યારે ૨૦૨૩માં તે ૧૦મા સ્થાને હતું. આ આંકડો વિમાનમાં સવાર અને વિમાનમાંથી ઉતરનારા કુલ મુસાફરોની સંખ્યાના આધારે છે જ્યારે સ્ટોપઓવર તરીકે ટ્રાન્ઝિટ મુસાફરોની ગણતરી એકવાર કરવામાં આવી હતી. એસીઆઇએ જણાવ્યું હતું કે આ યાદીમાં અમેરિકાના મહત્તમ છ એરપોર્ટનો સમાવેશ થાય છે.

યાદીમાં ટોચના ૧૦ એરપોર્ટમાં જાપાનનું હાનેડા (ચોથું), લંડનનું હીથ્રો (પાંચમું), અમેરિકાના ડેનવર(છઠ્ઠું), તુર્કીનું ઇસ્તંબુલ (સાતમું), અમેરિકાનું શિકાગો (આઠમું) અને ચીનનું શાંઘાઈ (દસમા) સામેલ છે. એસીઆઇ ૧૭૦ દેશોમાં કુલ ૨,૧૮૧ એરપોર્ટનું સંચાલન કરતા ૮૩૦ સભ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. ■

# 'મહારાષ્ટ્રની ચૂંટણીમાં ગોટાળા થયા, અમે બિહારમાં થવા દઈશું નહીં': રાહુલ ગાંધી

પટનાઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ને ફાયદો પહોંચાડવા માટે ગોટાળા કરવામાં આવ્યા હતા અને કેન્દ્રની એનડીએ સરકાર આ વર્ષના અંતમાં યોજાનારી બિહાર ચૂંટણીમાં પણ આવું જ કરવા માગે છે.

રાહુલ ગાંધીએ બિહારમાં મતદાર યાદીના ખાસ સુધારણા સામે પટનામાં ચૂંટણી પંચના કાર્યાલય સુધી વિરોધ કૂચ દરમિયાન 'ઇન્ડિયા' (ઇન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઇન્ક્લુઝિવ એલાયન્સ) ગઠબંધનના કાર્યકરોને સંબોધતા કહ્યું હતું કે, ''મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને એનડીએને ફાયદો પહોંચાડવા માટે ગોટાળા કરવામાં આવ્યા હતા. તેઓ બિહારમાં પણ તેનું પુનરાવર્તન કરવા માગે છે જેને અમે થવા દઈશું નહીં''

તેમણે કહ્યું હતું કે, ''ચૂંટણી પંચે બંધારણનું રક્ષણ કરવું જોઈએ. તે ભાજપના નિર્દેશો પર કામ કરી રહ્યું છે. આ ચૂંટણી કમિશનરોને ભાજપ દ્વારા જ નિયુક્ત કરવામાં આવ્યા છે. મતદાર યાદીની વિશેષ સુધારણા ચૂંટણી ચોરીનો પ્રયાસ છે. અમે ચૂંટણી પંચને મતદારો, ખાસ કરીને યુવાનોના (મતદાન) અધિકારો છીનવી લેવા દઈશું નહીં.'' લોકસભામાં વિરોધ પક્ષના નેતા સવારે રાજ્યની રાજધાની પહોંચ્યા હતા. તેમની સાથે રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) ના નેતા તેજસ્વી યાદવ, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી-લેનિનવાદી) લિબરેશનના મહાસચિવ દીપાંકર ભટ્ટાચાર્ય, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઇ) ના મહાસચિવ ડી રાજા અને અન્ય વિપક્ષી પક્ષોના વરિષ્ઠ નેતાઓ હતા.

પટનાના આયકર ગોલંબરથી શરૂ થયેલી વિરોધ કૂચ દરમિયાન ગાંધી અન્ય નેતાઓ સાથે એક વાહન પર સવાર થયા હતા. બિહારમાં વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીની ખાસ સુધારણા (એસઆઇઆર) ના વિરોધમાં મહાગઠબંધન દ્વારા બોલાવવામાં આવેલા રાજ્યવ્યાપી બંધને ધ્યાનમાં રાખીને બુધવારે રાજ્યના ઘણા ભાગોમાં રેલ અને માર્ગ ટ્રાફિક ખોરવાયો હતો. વિરોધ પક્ષોના નેતાઓએ પટનામાં મહાત્મા ગાંધી સેતુ પર ટાયર સળગાવીને વિરોધ નોંધાવ્યો હતો. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| શીતકપાટ | ગરણી |
| ગાળણ | ચીપિયો |
| લાટણે | પ્યાલો |
| પેલા | ફ્રિજ |
| चिमटा | વેલણ |

### ઓળખાણ પડી?

સ્ત્રી સશક્તીકરણના ઉદાહરણ તરીકે ગયા વર્ષે કયા દેશમાં ચાર બાળકની માતાને લશ્કરનું જનરલનું સર્વોચ્ચ પદ આપ્યું હતું?



અ) યુગોસ્લાવિયા
બ) ચેક રિપબ્લિક
ક) કેનેડા
ડ) નામિબિયા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ધિ | ૨ પુ | રઃ | ૩ સ | ર | ■ | ૪ થાં | ૫ ભ | ૬ લો |
| શ્વા | ■ | રા | ■ | ખ્ય | ■ | ૭ ઇ | ■ | ૮ ગા | ભા |
| ૯ સ | ૧૦ ર | વા | ળો | ■ | ૧૧ ઇ | ન્દ્રિ | ય | ■ | મ |
| ૧૨ ઘા | સ | ■ | ■ | ૧૩ અ | સુ | યા | ■ | ૧૪ ઘ | ણી |
| ૧૫ ત | મ | ૧૬ સ | ■ | રે | ■ | ૧૬-અ તી | ૧૭ ત | ર | ■ |
| ■ | ■ | ૧૮ લિ | પ્સા | ■ | ૧૯ ખ | ત | ર | ના | ક |
| ૨૦ અ | વ્વ | લ | ■ | ૨૧ મૌ | ■ | ■ | ણું | ■ | ■ |
| બી | ■ | ■ | ૨૨ અ | ન | ૨૩ હ | દ | ■ | ૨૪ સ | ૨૫ મ |
| ૨૬ હા | ૨૭ ડો | ૨૮ હા | ડ | ■ | ર | ■ | ૨૯ હે | વા | લ |
| ૩૦ લ | બા | ડ | ■ | ૩૧ દા | ખ | લા | ત | રી | કે |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | | ■ | | ■ | ૧૧ | |
| ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | | ■ | | ■ | ૧૯ |
| ■ | ■ | ૨૦ | | | ■ | ૨૧ | | | |
| ૨૨ | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | ■ | | | ■ |
| ૨૬ | | | ■ | ■ | ૨૭ | ૨૮ | ■ | ૨૯ | ૩૦ |
| | ■ | ■ | ૩૧ | ■ | ૩૨ | | ૩૩ | ■ | |
| ૩૪ | | | | | ■ | ૩૫ | | | |

**આડી ચાવી**

૧. પહેચાન (૪)
૩. ઘરનો સામાન (૫)
૭. આપણો ---નો સાથ (૩)
૮. તાંતણા (૨)
૯. માહિતી, જાણકારી (૩)
૧૧. શઠ, ધૂર્ત (૨)
૧૨. વાણીનું પ્રથમ રૂપ (૨)
૧૩. વિવાહ, સગાઈ (૩)
૧૫. ---પૂર એટલે ઘણુબધું, અઢળક (૨)
૧૬. નિસાસો, છાંટો, ફાટ (૩)
૧૮. ત્રાંસી આંખોવાળો (૨)
૨૦. તલબ, ભાવ, લત (૩)
૨૧. ગ્રામપંચાયતનો અધ્યક્ષ (૪)
૨૨. ઘણા લોકોને ---ની ટેવ હોય (૩)
૨૪. છુટ્ટી (૨)
૨૬. ઉંઘમાંથી ઉઠવું (૩)
૨૭. એક નાનકડું માપ (૨)
૨૯. વિશિષ્ટ (૨)
૩૨. કંટાળો, તિરસ્કાર (૩)
૩૪. દમથી, ધમકાવીને, બળાત્કારે (૫)
૩૫. જાળ, પ્રપંચ, કાવતરું (૪)

**ઊભી ચાવી**

૧. તમારી ઓળખાણ બતાવો (૫)
૨. માટે, કાજે (૩)
૩. નક્કર (૨)
૪. ખેલ, ક્રીડા (૩)
૫. સાચે જ, હકીકતમાં (૪)
૬. રિસાઈ જવાની ટેવવાળું (૩) (જો.છૂ.)
૭. પૂર આવે એટલે બધું --- થાય (૭)
૧૦. સુગંધીદાર પદાર્થ (૩)
૧૪. દાખલો, ઉદાહરણ (૨)
૧૫. જિંદગી, ભવાટવિ (૪)
૧૭. દૂભાવું (૪)
૧૯. ઝાળ, ઈજા, દીપ્તિ (૨)
૨૨. એક પ્રસિદ્ધ વિષ્ણુભક્ત (૪)
૨૩. પગલું (૨)
૨૫. જે જન્મેલું છે તે (૩)
૨૮. સારું બોલનાર (૩)
૩૦. બધે જ (૩)
૩૧. મનાઈ (૨)
૩૩. એક મોટું ઝાડ (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. પુરુષના દાદાની એકમાત્ર પુત્રવધૂના સગ્ગા ભાઈની સગ્ગી ભાભી પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) મામી બ) ફોઈ ક) ભાણેજ ડ) માસી

### જાણવા જેવું

અંગ્રેજી શબ્દો Discovery અને Invention એટલે નવી શોધ. અલબત્ત બંનેમાં એક મહત્ત્વનો ફરક એ છે કે પૃથ્વી પર હયાત હોય અને શોધી કાઢ્યું હોય એ Discovery કહેવાય જેમ કે અમેરિકા જ્યારે અસ્તિત્વ ન હોય અને શોધાય એ Invention કહેવાય જેમ કે ટેલિફોન.

### સુડોકુ-૯૦૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | ૫ | | | | |
| | ૮ | | | ૯ | | ૧ | | |
| ૪ | ૩ | | ૧ | | | | | |
| ૮ | | | | | ૬ | | | ૯ |
| | | ૪ | | ૧ | | ૫ | | |
| ૩ | | | ૭ | | | | | ૧ |
| | | | | | ૩ | | ૪ | ૫ |
| | | ૬ | | ૮ | | | ૭ | |
| | | | | ૨ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૬ | ૮ | ૭ | ૫ | ૨ | ૩ | ૯ |
| ૨ | ૩ | ૯ | ૬ | ૪ | ૧ | ૫ | ૭ | ૮ |
| ૫ | ૭ | ૮ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ |
| ૯ | ૬ | ૭ | ૨ | ૧ | ૪ | ૮ | ૫ | ૩ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૮ | ૭ | ૯ | ૧ | ૬ |
| ૧ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ | ૪ | ૨ | ૭ |
| ૮ | ૨ | ૪ | ૧ | ૯ | ૩ | ૭ | ૬ | ૫ |
| ૬ | ૫ | ૩ | ૭ | ૨ | ૮ | ૧ | ૯ | ૪ |
| ૭ | ૯ | ૧ | ૪ | ૫ | ૬ | ૩ | ૮ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં રાજા - મહારાજાનું વાહન શોધી કાઢો
ઘર વેચીને તીરથ કરવું એ નરી મૂર્ખાઈ કહેવાય.

### નોંધી રાખો

આંતરિક શાંતિ હોય તો બાહ્ય તોફાનની અસર નથી થતી. આત્મજ્ઞાનથી લૌકિક સમસ્યાનું નિવારણ જલદી થાય છે.

### માઈન્ડ ગેમ

વિશ્વમાં અનેક ઠેકાણે ખેતીવાડી થાય છે. એક એવો કયો દેશ છે જ્યાં ખેતી કરવાનું પ્રમાણ શૂન્ય બરાબર છે એ જણાવો.

અ) ઉરુગ્વે બ) સ્વિટ્ઝર્લેન્ડ
ક) વેટિકન સિટી ડ) બલ્ગેરિયા

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| गंज | કાટ |
| गंडा | મંતરેલો દોરો |
| गच्ची | અગાશી |
| गदारोळ | શોરબકોર |
| गणकयंत्र | કમ્પ્યુટર |

ઓળખાણ પડી?
વૈશાલી શડાંગુળે

માઈન્ડ ગેમ
ટીટેનિયમ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
દર

ગુજરાત મોરી મોરી રે
સાળો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) લજીતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) નૂતન લિપીન શાહ (૧૧) જ્યોતી ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) ભાવના કર્વે (૧૫) જયંતી પદમશી ચીખલ (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) પ્રવીણ વોરા (૧૯) વીણા સંપટ (૨૦) દેવેન્દ્ર સંપટ (૨૧) અંબરીષ ઓઝા (૨૨) અંજુ ટોલીયા (૨૩) મહેશ દોશી (૨૪) અલકા વાણી સિડની (૨૫) કિશોર બી. સંઘરાજકા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ડાયના સંતોક (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) પુષ્પા ખોના (૩૦) નિતીન જયંતીલાલ બજેરીયા (૩૧) શિરીષ ઉદેશી (૩૨) અરવિંદ કામદાર (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હીના દલાલ (૩૮) રમેશ દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) ગીતા ઉદેશી (૪૨) પ્રતિમા પમાણી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેશ દોશી

# ગુજરાતમાં વિકાસના દાવાઓની પોલંપોલ, છેલ્લાં ૫ વર્ષમાં ૧૭ પુલ ધરાશાયી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ નવ જુલાઈએ તૂટી પડતા સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે, આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૨ લોકોનાં મોત થયા હોવાની સત્તાવાર માહિતી મળી હતી, જ્યારે ૮થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જોકે, આ ગુજરાતમાં બ્રિજ ધરાશાયી થવાની પહેલી ઘટના નથી. છેલ્લાં પાંચ વર્ષમાં આવા ૧૭ જેટલા પુલ અને માળખાકીય વિકાસના પ્રોજેક્ટ્સ ધરાશાયી થઈ ચૂક્યા છે, જે તંત્રની બેદરકારી અને ભ્રષ્ટાચાર પર ગંભીર સવાલો ઊભા કરે છે, અને વિકાસના દાવાઓની પોલ ખોલે છે.

રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં ધરાશાયી થયેલા પુલો પર એક નજર કરીએ તો ગંભીરા બ્રિજ દુર્ઘટના (૯ જુલાઈ ૨૦૨૫), બોટાદમાં પુલ ધોવાયો (જૂન ૨૦૨૫), મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઇટ (૫ નવેમ્બર, ૨૦૨૪), બોડેલી-છોટાઉદેપુર પુલ (૨૮ ઓગસ્ટ ૨૦૨૪), ચોટીલાના હબિયાસર ગામ પાસેનો પુલ ધરાશાયી (૨૭ ઓગસ્ટ ૨૦૨૪), મોરબીના હળવદમાં પુલ ધરાશાયી (૨૬ ઓગસ્ટ ૨૦૨૪), સુરત શહેરમાં ઉદ્ઘાટન પહેલાં જ નમી ગયો મેટ્રોનો પુલ (૩૦ જુલાઈ ૨૦૨૪), મહેસાણાના આંબેડકર બ્રિજમાં ગાબડું (૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪), પાલનપુરમાં નિર્માણાધીન ઓવરબ્રિજ તૂટી પડ્યો (૨૩ ઓક્ટોબર ૨૦૨૩), ખેડા જિલ્લાના બામણગામથી પરિએજને જોડતો બ્રિજ ધરાશાયી (૪ ઓક્ટોબર ૨૦૨૩), ધંધુસરનો ૪૫ વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી (૫ જુલાઈ ૨૦૨૩), મોરબીનો ઝૂલતો પુલ દુર્ઘટના (૩૦ ઓક્ટોબર ૨૦૨૨),રાજકોટના માધાપર ચોકડી પાસે બ્રિજ ધરાશાયી (૨૫ જાન્યુઆરી ૨૦૨૨),મુમતપુરા બ્રિજનો એક સ્પાન પડ્યો (૨૧ ડિસેમ્બર ૨૦૨૧), મહેસાણા બાયપાસ હાઈવે પરનો બ્રિજ બેન્ડ થઈ ગયો (૨૪ જાન્યુઆરી ૨૦૨૦),રાજકોટ જિલ્લાના આજીડેમ ચોકડી પાસે પુલ તૂટી પડ્યો (૨૦૨૦), સુરતમાં પીપોદ ફલાયઓવર બ્રિજ (૨૦૧૯), અમદાવાદનો હાટકેશ્વર પુલ (બાંધકામ ૨૦૧૭, ક્ષતિગ્રસ્ત ૨૦૨૧-૨૨) થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લાં પાંચ વર્ષમાં ઉપરાઉપરી બ્રિજ ધરાશાયી થવાની આ ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકાર જે ''વિકાસ''ના દાવા કરે છે, તેની જાળવણી અને ગુણવત્તા પર કેટલું ધ્યાન અપાય છે.

ભ્રષ્ટાચાર અને તંત્રની બેદરકારીને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે, અને અનેક પરિવારોએ પોતાના વ્હાલસોયા ગુમાવ્યા છે. દુર્ભાગ્યપૂર્ણ રીતે, સરકાર ફક્ત સહાયની રકમ ફાળવીને ફરી આ નાગરિકોને જીવના જોખમે જીવવા માટે છોડી દે છે, જ્યારે જવાબદારી નક્કી થતી નથી અને ગુણવત્તા નિયંત્રણના માપદંડો હજુ પણ કાગળ પર જ રહે છે. ■

# ગુજરાતમાં કાર માર્કેટ સુસ્ત, કારનું વેચાણ ઘટ્યુંઃ હવે તહેવારો પર બજારની નજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાર માર્કેટ સુસ્ત જોવા મળી રહ્યું છે. વર્ષ ૨૦૨૫ના પહેલા છ મહિનામાં કારના વેચાણમાં યર-ઓન-યર ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૪માં જાન્યુઆરીથી જૂનની વચ્ચે ૧,૮૩,૮૬૬ કારનું રજિસ્ટ્રેશન થયું હતું, જ્યારે વર્ષ ૨૦૨૫ના પહેલા છ મહિનામાં ૧,૬૧,૩૬૨ કારનું રજિસ્ટ્રેશન થયું છે. જે દર્શાવે છે કે, ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી પડકારોનો સામનો કરી રહી છે. ડીલર્સનું કહેવું છે કે, વર્ષના આરંભમાં શેર માર્કેટમાં થયેલો ઘટાડો, ભારત અને પાક વચ્ચેનો તણાવ અને જિયોપોલિટિકલ સમસ્યાઓના કારણે કારનું વેચાણ ઘટ્યું છે. રથયાત્રામાં ઘણા ટુ-વ્હિલર વેચાયા હતા, પરંતુ કારનું વેચાણ પ્રમાણમાં ઓછું થયું હતું. મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના ડેટા મુજબ, જૂન મહિનામાં કારના વેચાણમાં ગત વર્ષ કરતા ૮.૨ ટકા જેટલો સામાન્ય વધારો થયો હતો. આ મહિનામાં કુલ ૨૩,૭૪૪ કાર વેચાઈ હતી. જ્યારે કે ગત વર્ષે જૂનમાં ૨૧,૯૪૬ કારનું વેચાણ થયું હતું. જોકે,ગત વર્ષ કરતા આ વર્ષે કારનું વેચાણ ઓવરઓલ ઓછું રહ્યું છે. ■

# રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે હર્ષ સંઘવીએ ખાસ સમીક્ષા બેઠક યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી નિપૂણા તોરવણે, તમામ પોલીસ કમિશનર તેમજ તમામ રેન્જના વડા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં ડ્રગ્સ સામે ચાલી રહેલી ઝુંબેશ અનુસંધાને ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા એનડીપીએસના કેસોમાં અગાઉની સરખામણીમાં બમણાથી પણ વધુ કેસો કરવામાં આવતા હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવી સ્થાનિક પોલીસ પણ એનડીપીએસના કેસ કરવા અંગે સૂચના આપી હતી. તે ઉપરાંત માત્ર ૧૫ દિવસમાં ડ્રગ્સ માફિયાઓ સામે પીઆઈટી એનડીપીએસના મહત્તમ ૧૭ કેસ કરવા બદલ પ્રધાને ગુજરાત પોલીસને અભિનંદન પાઠવ્યા હતા અને હજુ મહત્તમ કેસ કરવા સૂચના આપી હતી.

ગુજરાતમાં ગેરકાયદે રીતે વસતા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ થયેલી કાર્યવાહી માટે પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તે ઉપરાંત રાજ્યમાં ગુજટોક હેઠળ કરવામાં આવેલી સઘન કાર્યવાહીની પણ મંત્રીએ સરાહના કરી હતી. ગુજટોક હેઠળ પાંચ મહિનામાં મહત્તમ આઠ કેસ કરી ૭૭ આરોપીઓ સામે કેસ કરવા આવ્યા હતા.

રાજ્યમાં અસામાજિક તત્ત્વો વિરુદ્ધ કરવામાં આવેલી કામગીરીનો રીવ્યુ કરવામાં આવ્યો હતો. અસામાજિક તત્વો વિરુદ્ધ થયેલી ઐતિહાસિક કામગીરી બદલ અભિનંદન પાઠવી આવા તત્ત્વો સામે હજુ કડકમાં કડક કાર્યવાહી કરવાની દિશામાં ચોક્કસ રણનીતિ ઘડવા સૂચના આપી હતી.

તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી તા. ૩૧મી મે ૨૦૨૫ દરમિયાન અસામાજિક તત્ત્વો સામે કરવામાં આવેલી કાર્યવાહીમાં ૫૮૨ ગેરકાયદે દબાણ દૂર કરાયાં હતા, ગેરકાયદેસર વીજ જોડાણ અંતર્ગત ૧૮૬૧ સામે કાર્યવાહી, ૬૮૯ રીઢા ગુનેગારો સામે જામીન રદ કરવા અંગેની કાર્યવાહી તેમજ અસામાજિક તત્ત્વોના બેંક એકાઉન્ટ તપાસી ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો કરનાર ૩૯૦ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અસામાજિક તત્ત્વો વિરુદ્ધ કરવામાં આવેલી આ કાર્યવાહી ગુજરાત પોલીસ દ્વારા ખૂબ સારી રીતે કરવામાં આવી છે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યવાહી હજુ કડક બનાવવા હર્ષ સંઘવી દ્વારા સૂચના આપવામાં આવી હતી. ■

# અમદાવાદના ઉત્તર, દક્ષિણ અને પૂર્વ ઝોનના ૧૭ વોર્ડમાં ત્રણ દિવસ પાણી કાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં બુધવારથી ત્રણ દિવસ માટે પાણી કાપ મુકાયો છે. શેઢી બ્રાન્ચ કેનાલમાં ઈરિગેશન ડિપાર્ટમેન્ટ દ્વારા ગેટના મેઈન્ટેનન્સનું કામ હાથ ધરવામાં આવ્યું હોવાથી પાણીનું લેવલ ઓછું કરવામાં આવશે. જેના કારણે રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી શોર્ટ સપ્લાય થશે. આ સ્થિતિને લીધે શહેરના પૂર્વ વિસ્તારમાં પાણી કાપની અસર જોવા મળશે. શહેરના ઉત્તર, દક્ષિણ અને પૂર્વ એમ ત્રણ ઝોનમાં ૧૭ વોર્ડમાં પાણી કાપને લીધે લોકોને હેરાન થવાની નોબત આવી શકે છે. જોકે, લોકોને વધુ મુશ્કેલી પડે નહીં તે માટે બોરવેલ ચલાવવા માટે સૂચના આપવામાં છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવતા દક્ષિણ ઝોન, પૂર્વ ઝોન અને ઉત્તર ઝોનમાં કોર્પોરેશન દ્વારા રાસ્કા ખાતેના ૧૦૦ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પાણીની સપ્લાય પૂરી પાડવામાં આવે છે. આ માટે શેઢી કેનાલ બ્રાન્ચમાંથી રાસ્કા ખાતે પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જોકે, હવે શેઢી બ્રાન્ચ કેનાલમાં ગેટના મેઈન્ટેનન્સનું કામ કરવાનું હોવાથી ઈરિગેશન ડિપાર્ટમેન્ટ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીના પગલે શેઢી કેનાલમાં પાણીનું લેવલ ઓછું થઈ ગયું છે.

દરમિયાન, શેઢી કેનાલમાં પાણીનું લેવલ ઓછું થવાના લીધે આગામી ત્રણ દિવસ એટલે કે ૯ જુલાઈથી ૧૧ જુલાઈ સુધી રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી પાણીની સપ્લાય પુરતી થઈ શકશે નહીં. બુધવારથી પૂર્વના મણિનગર, વટવા, જશોદાનગર, ઈસનપુર, લાંભા, નારોલ,, નરોડા, નિકોલ, રામોલ, હાથીજણ, ઠક્કરબાપાનગર, બાપુનગર, વસ્ત્રાલ, અમરાઈવાડી, ખોખરા, હાટકેશ્વર સહિતના વિસ્તારના રહેવાસીઓને પાણી કાપની અસર થશે.

આ વિસ્તારના લોકોને પાણી કાપની અસર થાય નહીં તે માટે જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પાણી આપવા માટેના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત વોટર સપ્લાય કમિટીના ચેરમેને બોરવેલ ચલાવવા માટે પણ સૂચના આપી છે. કામગીરીને પગલે સાંજનો પાણીનો સપ્લાય પણ ઓછો રહેવાથી રહીશોને મુશ્કેલી પડી શકે છે. જોકે, ત્યારબાદ ૧૨ જુલાઈથી પાણીનો પુરવઠો રાબેતા મુજબ મળતો થાય તે માટે ઝડપી કામગીરી હાથ ધરવામાં આવશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# દાહોદ મનરેગા કૌભાંડઃ પ્રધાન પુત્રો સહિત ત્રણને જામીન, ૨૦માંથી કુલ છ જેલમુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદના બહુચર્ચિત મનરેગા કૌભાંડમાં આખરે બંને પ્રધાન પુત્રો તેમ જ એક સરકારી કર્મચારીના જામીન મંજૂર થતા ત્રણેય સાંજે જેલમુક્ત થયા હતા.કોર્ટે સરકારી કર્મચારી તેમ જ બંને ભાઈઓને શરતોને આધીન જામીન આપ્યા હતા.

દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડમાં ૭૧ કરોડના કામોમાં ગેરરીતિ સામે આવતા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા ફરિયાદ દાખલ કરાવતા પોલીસે ૩૫ જેટલી માલ સપ્લાય કરનાર એજન્સીઓ સામે ગુના દાખલ કર્યા હતા. જેમાં રાજ્યકક્ષાના પ્રધાન બચુભાઈ ખાબડના બંને પુત્ર બળવંત ખાબડની કંપની શ્રી રાજ કન્ટ્રક્શન કુ. પીપેરોએ નવ કરોડના કામો કર્યા હતા. તો કિરણ ખાબડની શ્રી રાજ ટ્રેડર્સે ૨૨ કરોડના કામ કર્યા હતા. આ કામો કાગળ ઉપર પૂર્ણ બતાવી બિલો પાસ કરાવી સરકાર જોડે છેતરપિંડી કરી હતી. આ પ્રકરણમાં બંને ભાઈઓની સાથે અન્ય બે પ્રોપરાઇટર તેમજ સરકારી કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ બંને ભાઈઓને જામીન મળતા પોલીસે વધુ બે ફરિયાદો દાખલ કરી હતી. જેમાં દેવગઢ બારીયાના લવારીયામાં ૨૧ કામો કાગળ ઉપર બતાવી ૧૮.૪૧ લાખનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ પ્રકરણમાં કિરણ ખાબડની જેલ બહારથી ધરપકડ કરાઈ હતી.

બીજા દિવસે ધાનપુર તાલુકાના ભાણપુરમાં થયેલા ૪૯ લાખના કામોમાં ૧૧ કામો કાગળ ઉપર બતાવી બળવંત ખાબડની શ્રી રાજ કન્સ્ટ્રકશન કુ. પીપેરોએ ૩૩ લાખ રૂપિયાના બિલ પાસ કરાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. જેમાં બળવંત ખાબડની ધરપકડ કરવામાં આવી હતી. આમ ત્રણ જુદી જુદી ફરિયાદોમાં છેલ્લા દોઢ એક મહિનાથી બંને ભાઈઓ જેલમાં હતા. તેઓએ જામીન અરજી માટે ચીફ કોર્ટમાં કરતા ફગાવી દીધી હતી. ત્યારબાદ બંને ભાઈઓએ સેશન્સ કોર્ટમાં જામીન મુકતા સેશન્સ કોર્ટે બંને ભાઈઓને શરતી જામીન આપતા બંને ભાઈઓ છેલ્લા દોઢ એક મહિના બાદ પુનઃ જેલમુક્ત થયા છે.ત્રણ ફરિયાદોમાં અત્યાર સુધીમાં ૧૪ પ્રોપરાઇટર મળી ૨૦ની ધરપકડ થઇ છે.

રાજ્યકક્ષાના પ્રધાન બચુભાઈ ખાબડના બંને પુત્રો મનરેગા કૌભાંડમાં આરોપી છે. હજી પોલીસ તપાસ ચાલી રહી છે. પોલીસ દ્વારા ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરવામાં આવી નથી. બન્ને ભાઈઓ પ્રધાન પુત્ર હોવાથી તપાસને અસર પાડી શકે તેવી દલીલો પોલીસ દ્વારા કરવામાં આવી હતી જેના ભાગરૂપે કોર્ટે બંને ભાઈઓને શરતી જામીન આપ્યા હતા જેમાં પોલીસ આ કેસમાં જ્યાં સુધી ચાર્જશીટ કોર્ટમાં રજૂ ન કરે ત્યાં સુધી બંને ભાઈઓ જિલ્લા બહાર રહેશે. બંનેના પાસપોર્ટ જમા લેવાશે. કોર્ટની તારીખો પર બંને ભાઈઓને ફરજિયાત હાજર રહેવું પડશે. ■

# અમદાવાદના સરખેજમાં નેશનલ હાઈવે એલિવેટેડ કોરિડોર પરના સાત ધાર્મિક દબાણ દૂર કરવામાં આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સરખેજથી વિશાલા સુધી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સિક્સલેન એલિવેટેડ કોરિડોર બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે બનનારા આ કોરિડોર માટે સરખેજથી વિશાલા સુધીની રોડ પરના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ હાઈવ ઓથોરિટી દ્વારા ચાંપતા બંદોબસ્ત સાથે આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં ચાર દરગાહ, એક કબ્રસ્તાન, એક મંદિર અને એક નાની દેરીને રોડ પરથી દૂર કરવામાં આવ્યા હતા. ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સરખેજથી જુહાપુરા થઈને વિશાલા સુધીના રોડ પર બનનારા એલિવેટેડ કોરિડોર માટે આ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરી હતી. તંત્રના જણાવ્યા મુજબ, આ રસ્તા પર કપાતમાં આવતાં ધાર્મિક, કોમર્શિયલ તેમજ રહેણાંક મકાનો ભવિષ્યમાં પણ દૂર કરવામાં આવશે. આ કામગીરીને લઈને અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહી હાઇવેના મુખ્ય ભાગોમાં ગેરકાયદે બાંધકામોને દૂર કરવાના ચાલુ પ્રયાસનો એક ભાગ હતો. સરેખેજમાં હાઇવે વિસ્તરણ કાર્યમાં આ ગેરકાયદે બાંધકામો અવરોધ બની રહ્યા હતા, જેને તોડી પાડવામાં આવ્યા હતા. દબાણ દૂર કરવાની કાર્યવાહીનો કેટલાંક સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ, અધિકારીઓએ આ વિશે યોગ્ય સૂચના આપી હતી અને કાનૂની જોગવાઈના આધારે મામલો થાળે પાડી કામગીરી પૂર્ણ કરી હતી. ■

# આજથી ગુજરાતમાં કેન્દ્રીય યુનિવર્સિટીના કુલપતિઓના બે દિવસીય સંમેલનનો આરંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષણ મંત્રાલય દ્વારા ૧૦ જુલાઈથી ગુજરાતના કેવડિયામાં કેન્દ્રીય યુનિવર્સિટીઓના બે દિવસીય કુલપતિ પરિષદનું આયોજન કર્યું છે અને તેનું ઉદ્ઘાટન કેન્દ્રીય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન કરશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (નેપ) ૨૦૨૦ના અમલીકરણના પાંચ વર્ષ નિમિત્તે આ પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. તેનાથી કેન્દ્રીય યુનિવર્સિટીઓના નેતાઓને સંસ્થાકીય પ્રગતિની સમીક્ષા કરવા અને સામૂહિક રીતે આગળના માર્ગને આકાર આપવા માટે એકસાથે લાવશે.

મંત્રાલયના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય યુનિવર્સિટીઓ નીતિના આગામી તબક્કાના લક્ષ્યો સાથે સંમેલિત થાય તે સુનિશ્ચિત કરવા માટે વ્યૂહાત્મક આયોજન, સંસ્થાકીય નવીનતાઓ પર શૈક્ષણિક નેતાઓ વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપવું, વાતાવરણને સક્ષમ બનાવવું અને વહેંચાયેલ પડકારો અને આગામી નીતિગત સીમાચિહ્નો, નિયમનકારી સંક્રમણો અને ૨૦૪૭ના વૈશ્વિક શૈક્ષણિક લેન્ડસ્કેપ માટે સંસ્થાઓને તૈયાર કરવી એ મુખ્ય થીમ છે. આ પરિષદમાં ઉચ્ચ શિક્ષણના મુખ્ય પાસાઓ - શિક્ષણ, સંશોધન અને શાસન - ને બે દિવસમાં ૧૦ વિષયોના સત્રો દ્વારા આવરી લેવામાં આવશે, જે નેપ-૨૦૨૦ ના મુખ્ય સ્તંભો - સમાનતા, જવાબદારી, ગુણવત્તા, સુલભતા અને પોષણક્ષમતા સાથે સંમેલિત હશે.

આ સંમેલનમાં ભાગ લેતી કેટલીક શૈક્ષણિક સંસ્થાઓમાં દિલ્હી યુનિવર્સિટી, હરિયાણા સેન્ટ્રલ યુનિવર્સિટી, આસામ યુનિવર્સિટી, હેમવતી નંદન બહુગુણા ગઢવાલ યુનિવર્સિટી, રાજસ્થાન સેન્ટ્રલ યુનિવર્સિટી, કાશ્મીર સેન્ટ્રલ યુનિવર્સિટી, વિશ્વભારતી, રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટી, ઇન્દિરા ગાંધી નેશનલ ટ્રાઇબલ યુનિવર્સિટી, સિક્કિમ યુનિવર્સિટી, ત્રિપુરા યુનિવર્સિટી, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, અલ્હાબાદ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.આ પરિષદના પરિણામો ભારતમાં ઉચ્ચ શિક્ષણના ભવિષ્યને આકાર આપવામાં અને ૨૦૪૭ સુધીમાં વિકાસ ભારત બનવાના રાષ્ટ્રના સામૂહિક દ્રષ્ટિકોણને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. ■

# વડોદરાની એમએસ યુનિ.ની ગર્લ્સ હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગથી ૧૦૦થી વધુ વિદ્યાર્થિનીઓની તબિયત લથડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની એમએસ યુનિ.ની ગર્લ્સ હોસ્ટેલમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને ફૂડ પોઇઝનિંગની અસર થઈ હતી. ૩૫૦ સ્ટુડન્ટને ભોજન લીધા બાદ મોડી રાત્રે પેટમાં દુખાવો શરૂ થયો હતો. ત્યારબાદ ૧૦૦થી વધુ વિદ્યાર્થિનીને સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. યુનિવર્સિટીના એસ.ડી. હોલમાં મોટા ભાગની વિદ્યાર્થિનીઓને ઝાડાં-ઊલટી થતી હતી. તબિયત લથડતા તમામને તાત્કાલિક સયાજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૧૨૪ વિદ્યાર્થિનીઓને સયાજી હોસ્પિટલના વિવિધ વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ખીર, પનીર અને દાળ-ભાત જમ્યા બાદ ૩૫૦ વિદ્યાર્થીઓને મોડી રાત્રે પેટમાં દુખાવો શરૂ થયો હતો.

૧૦૦થી વધુ વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝનિંગ થઈ ગયા બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય ખાતાના ખોરાક શાખાની ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમ દ્વારા હોસ્ટેલના કેન્ટીન કિચનમાંથી ફૂડ, રો-મટીરીયલ અને પાણીના મળી કુલ ૩૨ નમૂના તપાસ માટે લીધા હતા. ઉપરાંત જે ટાંકીમાંથી પાણી આવતું હતું, તેના છ નમૂના લીધા હતા. આ તમામ નમુના એનેલીસીસ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. જ્યારે કિચનમાં સ્વચ્છતા જાળવવા માટે નોટિસ પણ ફટકારી હતી.

એક વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે, મેં રાત્રે હોસ્ટેલમાં ભોજન લીધું હતું. જેમાં પનીર ભુરજી, ખીર, રોટલી અને ચાવલ ખાધા હતા. રાત્રે એક વાગ્યા પછી તબિયત લથડી હતી અને પેટમાં ખૂબ જ દુઃખતું હતું.

એમએસ યુનિવર્સિટીના ઇન્ચાર્જ વાઇસ ચાન્સેલર પ્રોફેસર ધનેશ પટેલે જણાવ્યું હતું કે, યુનિવર્સિટીના એસ.ડી. હોલમાં જમ્યા બાદ આ ઘટના બની હતી. ચાર હોલની દીકરીઓ મેસમાં જમી હતી. ત્યારબાદ ૩૦૦થી વધુ વિદ્યાર્થીનીઓમાંથી ૭૦થી ૮૦ જેટલી વિદ્યાર્થિનીઓની તબિયત લથડતા સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી.

તમામની સ્થિતિ હાલ સારી છે. તેઓએ રાત્રે પનીરની સબ્જી અને દાળ-ભાત પાપડને બધું ખાધું હતું. આ બાબતે મેસમાં શું સ્થિતિ છે તે ચકાસી અને કાર્યવાહી કરીશું. ■

# સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતા રોડમાં ખાડા પડતાં દિશા કમિટીની બેઠકમાં સાંસદ મનસુખ વસાવા ગુસ્સે ભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજપીપળાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતો રોડ સહિત અન્ય રોડ પર મસ મોટા ખાડા પડી ગયા હોવા બાબતે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ દિશા કમિટીની બેઠકમાં મુદ્દો ઉઠાવ્યો હતો.

જો કે રેલ્વે વિભાગ, નેશનલ હાઈવે સહિત અન્ય સંબંધિત અધિકારીઓ બેઠકમાં હાજર ન રહેતા મનસુખ વસાવા ગુસ્સે ભરાયા હતા. આ બાબતે મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવા સુધીનો રસ્તો જ ખરાબ છે. રાજપીપળાથી અંકલેશ્વર સુધીનો રસ્તો પણ ખૂબ ખરાબ છે.

મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે નેશનલ હાઈવે વાળાનું કામ બગડી ગયું છે, નેશનલ હાઈવેની કચેરી વડિયા ગામમાં હોવા છતાં અધિકારીઓ બેઠકમાં આવ્યા નથી. રોડ રસ્તા બનાવવામાં નેશનલ હાઈવે જેટલું ધ્યાન આપવું જોઈએ એટલું ધ્યાન નથી આપતા. ભારત સરકાર સાથે જોડાયેલી એજન્સીના ઘણા અધિકારીઓ બેઠકમાં ગેરહાજર હતા એ બાબતે હું કેન્દ્ર સરકારમાં રજુઆત કરીશ.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવા માટે નેશનલ અને સ્ટેટ હાઈવેનો રસ્તો પણ ખરાબ છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતો રોડ બિસ્માર છે એ બાબતે તથા દિશા કમિટીની બેઠકમાં નેશનલ હાઈવેના એક પણ અધિકારી હાજર ન રહેતા હું આ બાબતે નીતિન ગડકરીને ફરિયાદ કરીશ.

ઉલ્લેખનીય છે કે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડાતો રાજપીપળાથી કેવડીયા વચ્ચેનો રોડ તદ્દન બિસ્માર બની જતા લોકાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લગભગ ૨૦ કિમીથી પણ વધુ લાંબા રોડ પર મોટા મોટા ખાડા પડી જતા રાહદારીઓ અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

બીજી બાજુ આ રોડ બન્યે થોડો જ સમય થયો ત્યાં તો ખાડા પડી જતા રોડ બનાવવામાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનુ પણ ચર્ચાઈ રહ્યો છે. વેહલી તકે આ રોડનું સમારકામ થાય એ જરૂરી બન્યું છે. ■

# ગુજરાતમાં જીએસટી અમલ બાદ કરદાતાની સંખ્યામાં ૧૪૫ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતમાં તા. ૧ જુલાઈ, ૨૦૧૭ ના રોજ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) લાગુ કરવામાં આવ્યો હતો. આ નિર્ણયથી ભારતમાં વસ્તુની ખરીદી કે સેવા મેળવવા પર માત્ર એક જ જીએસટી કર લાગુ કરવામાં આવ્યો, જ્યારે અન્ય કરને નાબૂદ કરવામાં આવ્યા હતા. ''એક રાષ્ટ્ર, એક કર''ના સિદ્ધાંત સાથે જીએસટીએ કર પ્રણાલીને સરળ બનાવી, કરચોરી ઘટાડી અને વ્યાપાર કરવામાં સરળતા લાવવાનો માર્ગ મોકળો કર્યો છે.

જીએસટી લાગુ થતા વેપારીઓ અને ગ્રાહકો માટે કરની ગણતરી અને તેને ભરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ બની છે. આ ઐતિહાસિક કર સુધારણાના કારણે છેલ્લા ૮ વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં ગુજરાતનું યોગદાન નોંધપાત્ર રીતે વધ્યું છે. જીએસટીએ ગુજરાતને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને ગતિશીલ અર્થતંત્ર બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

જીએસટી લાગુ થયા બાદ ગુજરાતમાં પ્રતિવર્ષ નવા કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૮ વર્ષ પહેલા જીએસટી લાગુ થયો ત્યારે રાજ્યમાં ૫.૧૫ લાખથી વધુ કરદાતાઓ હતા, જેની સામે આજે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૪૫ ટકાના વધારા સાથે રાજ્યમાં કરદાતાઓની સંખ્યા ૧૨.૪૬ લાખને પણ પાર કરી ચૂકી છે, જે બમણાથી પણ વધુ છે. નોંધાયેલા કરદાતાઓની સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત આજે દેશમાં ત્રીજા સ્થાને છે, જે તેની વધતી જતી આર્થિક પ્રવૃત્તિ અને કર શિસ્તનું ઉત્તમ ઉદાહરણ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતનો કરદાતા વૃદ્ધિ દર ૬.૩૮ ટકા નોંધાયો છે, જે રાષ્ટ્રીય વૃદ્ધિ દર ૩.૮૬ ટકા અને અન્ય રાજ્યોની સરખામણીએ ઘણો વધારે છે.

કરદાતાઓની સંખ્યામાં વૃદ્ધિની સાથે સાથે, ગુજરાતના રાજકોષમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૧,૩૬,૭૪૮ કરોડની જીએસટી આવક થઈ છે, જે ગત વર્ષની સરખામણીએ રૂ. ૧૧,૫૭૯ કરોડ વધુ છે. રાજ્યોમાંથી થયેલી જીએસટી આવકની દ્રષ્ટિએ ગુજરાત દેશમાં ત્રીજા સ્થાને છે અને ડોમેસ્ટિક જીએસટીમાં પણ ગુજરાતનો ફાળો ૮.૨ ટકા નોંધાયો છે. ■

# પાલનપુરના સબ ઈન્સ્પેક્ટરને વોન્ટેડ ગુનેગારે કચડી નાખવાનો પ્રયાસ કર્યો

અમદાવાદઃ ગુજરાતના વિવિધ પોલીસ સ્ટેશનોમાં વોન્ટેડ ગુનેગાર સુરેશ રાજપુરોહિતને પકડવા પાલનપુર પોલીસની ટીમ ઉદયપુર પહોંચી હતી. પાલનપુર પોલીસને આરોપી ઉદયપુરના શોભાગપુરા સ્થિત વેગાસ-૬૯ ક્લબમાં હોવાની બાતમી મળી હતી. જે બાદ પોલીસ ટીમ ત્યાં પહોંચી હતી અને વોચ ગોઠવી હતી. આરોપી ક્લબની બહાર કારમાં બેસતાં જ પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેણે કાર રોકવાના બદલે પૂરપાટ ઝડપે હંકારી હતી. આ સમયે કાર પર લટકેલા સબ ઈન્સ્પેક્ટરને કચડવાની કોશિશ કરી હતી. કારના બોનેટ પર લટકેલા સબ ઈન્સ્પેક્ટરે આરોપી પર ફાયરિંગ કર્યું છતાં ગાડી થોભાવી નહોતી. થોડીવાર પછી આરોપી એએસઆઈને નીચે પછાડીને ફરાર થઈ ગયો હતો. ઘટના સંદર્ભે બનાસકાંઠાના એસપી અક્ષર મકવાણાના કહેવા મુજબ, એનડીપીએસના ગુનામાં બનાસકાંઠાથી એક ટીમ રાજસ્થાન ગઈ હતી, જે સંદર્ભે આરોપીએ ગુજરાત પોલીસને જોઈ ગાડી ઉપર ચડાવી દીધી હતી. હાલ પોલીસ વધુ તપાસ કરી રહી છે.આરોપી લગભગ અડધો કિલોમીટર સુધી શેરીઓમાં એસઆઈ સાથે કાર ચલાવતો રહ્યો. એસઆઈ જયદીપે જણાવ્યું કે જ્યારે તેણે બોનેટ પર લટકતાં સુરેશ પર ગોળીબાર કર્યો ત્યારે તેણે ઝડપથી કાર ફેરવી અને મને નીચે પછાડી દીધો હતો. ગેટ તોડ્યા પછી આરોપીએ કાર શેરીઓ તરફ હંકારી. આ દરમિયાન પોલીસ પણ તેનો પીછો કરતી હતી. જેના કારણે ભયનો માહોલ છવાઈ ગયો હતો. સમગ્ર ઘટના અંગેના સીસીટીવી પણ સામે આવ્યા હતા. આ પછી તે ફરાર થઈ ગયો હતો. સબ ઈન્સ્પેક્ટર જયદીપ સરવૈયાએ સુખેર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો હતો. ■

# આજથી ત્રીજી ટેસ્ટ: લૉર્ડ્સમાં ભારત છેલ્લી ત્રણમાંથી બે ટેસ્ટ જીત્યું છે

## ટીમ ઈન્ડિયા અગાઉ ત્રણેય વખત ટેસ્ટ જીતીને સિરીઝમાં આગળ થઈ હતી

લૉર્ડ્સ: ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સમાં ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ત્રીજી ટેસ્ટ શરૂ થશે અને એ જીતીને શુભમન ગિલની ટીમ ૨-૧થી સરસાઈ મેળવી શકશે એ શક્યતા નકારી ન શકાય. લૉર્ડ્સની પિચ પડકારજનક કહેશે, પણ કરુણ નાયરને બાદ કરતા ભારતની સમગ્ર બૅટિંગ લાઇન-અપ ખૂબ જ સારા ફૉર્મમાં છે અને હવે તો જસપ્રીત બુમરાહના પુનરાગમન સાથે બોલિંગ આક્રમણ પણ વધુ મજબૂત થઈ ગયું છે. ભારતે છઠ્ઠી જુલાઈએ બેન સ્ટૉક્સની ટીમને ૩૩૬ રનથી હરાવી દીધી હતી અને એજબૅસ્ટનમાં પહેલી વાર મેળવેલા એ વિજય સાથે ગિલ ઍન્ડ કંપનીનો આત્મવિશ્વાસ બુલંદ થઈ ગયો છે.

આમ તો આ ઐતિહાસિક મેદાન પર ભારતનો રેકૉર્ડ બહુ ખરાબ છે, પરંતુ ૧૯માંથી ભારત જે ત્રણ ટેસ્ટ જીત્યું છે એ ત્રણેયમાં વિજય મેળવવાની સાથે ભારતે સંબંધિત સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી હતી. આ વખતે ટીમ ઇન્ડિયાને ૧-૧ની બરાબરી બાદ હવે લૉર્ડ્સમાં જીતીને ૨-૧થી સરસાઈ લેવાનો મોકો છે. ભારત માટે વધુ સકારાત્મક બાબત એ છે કે લૉર્ડ્સમાં ભારત છેલ્લી ત્રણમાંથી બે ટેસ્ટ (૨૦૧૪માં અને ૨૦૨૧માં) જીત્યું છે. એ બે વિજય વચ્ચેની ૨૦૧૮ની સાલની મૅચમાં ભારતનો એક દાવથી પરાજય થયો હતો.

જો લીડ્સની પ્રથમ ટેસ્ટમાં છથી સાત કૅચ પડતા ન મુકાયા હોત અને બન્ને દાવમાં નીચલી હરોળના બૅટ્સમેનોની લાઇન-અપમાં ધબડકો ન થયો હોત તો ભારત આ સિરીઝમાં ૨-૦થી આગળ થઈ ગયું હોત.

### પહેલી બે ટેસ્ટમાં કુલ રન: ભારતનો વિશ્વવિક્રમ

ભારતે નિવૃત્ત ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલીની ખોટ નથી વર્તાવા દીધી. શુભમન ગિલના નેતૃત્વમાં ભારતીય ટીમે રનનો ઢગલો કર્યો છે. પહેલી બે ટેસ્ટમાં ભારતીયોએ કુલ ૧,૮૪૯ રન (લીડ્સમાં ૮૩૫ રન અને એજબૅસ્ટનમાં ૧,૦૧૪ રન) કર્યા હતા જે કોઈ પણ બે દેશ વચ્ચેની ટેસ્ટ સિરીઝની પ્રથમ બે ટેસ્ટમાં કોઈ એક ટીમે બનાવેલા કુલ રનમાં વિશ્વવિક્રમ છે. ભારતે ઇંગ્લૅન્ડનો ૩૫ વર્ષ જૂનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે. ૧૯૯૦માં ઘરઆંગણે ઇંગ્લૅન્ડે ભારત સામેની પ્રથમ બે ટેસ્ટમાં કુલ ૧,૭૬૪ રન કર્યા હતા.

### ૧૯૩૨માં ભારતની પ્રથમ ટેસ્ટ લૉર્ડ્સમાં

ભારત ૧૯૩૨ની સાલથી ટેસ્ટ-ક્રિકેટ રમે છે અને ૧૯૩૨માં ભારત પોતાની સૌપ્રથમ ટેસ્ટ લૉર્ડ્સમાં જ રમ્યું હતું જેમાં સી. કે. નાયુડુના સુકાનમાં ભારતનો ડગ્લાસ જાર્ડિનની ટીમ સામે ૧૫૮ રનથી પરાજય થયો હતો.

### ૧૯માંથી ૧૨ ટેસ્ટમાં ભારતની હાર

એકંદરે, લૉર્ડ્સમાં ભારતની ૧૯ ટેસ્ટ રમાઈ છે જેમાંથી ત્રણ મૅચમાં ભારતનો અને ૧૨ મૅચમાં ઇંગ્લૅન્ડનો વિજય થયો છે. બાકીની ચાર મૅચ ડ્રૉમાં ગઈ છે.

લૉર્ડ્સમાં ભારત ૧૯માંથી જે ત્રણ ટેસ્ટ જીત્યું છે એ ત્રણેય મૅચ (૧૯૮૬, ૨૦૧૪ અને ૨૦૨૧)ના વિજય વખતે ભારતે સંબંધિત શ્રેણીમાં સરસાઈ મેળવી હતી. પહેલી વાર ૧૯૮૬માં કપિલ દેવના સુકાનમાં ભારતે ડેવિડ ગૉવરની ટીમને પાંચ વિકેટે હરાવીને ત્રણ ટેસ્ટની શ્રેણીમાં ૧-૦થી લીડ લીધી હતી.

૨૦૧૪માં (૨૮ વર્ષે) ભારતે લૉર્ડ્સમાં એમએસ ધોનીના સુકાનમાં ઍલસ્ટર કૂકની ટીમ સામે ૯૫ રનથી વિજય મેળવીને પાંચ મૅચની સિરીઝમાં ૧-૦થી સરસાઈ લીધી હતી. ત્યાર બાદ છેલ્લે ૨૦૨૧માં વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતે લૉર્ડ્સમાં જૉ રૂટની ટીમને ૧૫૧ રનથી પરાજિત કરીને પાંચ મૅચની શ્રેણીમાં ૧-૦થી સરસાઈ મેળવી હતી.

### બુમરાહના કમબૅક પર સૌની નજર

આ વખતે ભારતને ૨-૧થી સરસાઈ લેવાનો બહુ સારો મોકો છે એના કેટલાંક મુખ્ય કારણો છે. કૅપ્ટન શુભમન ગિલ બીજી ટેસ્ટમાં ડબલ સૅન્ચુરી અને સૅન્ચુરી ફટકારીને જબરદસ્ત ફૉર્મમાં છે. વાઇસ-કૅપ્ટન રિષભ પંત તેમ જ કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, રવીન્દ્ર જાડેજા પણ બ્રિટિશ બોલર્સને ફરી ભારે પડી શકે એમ છે.

ટેસ્ટનો વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ સઘન પ્રૅક્ટિસ કરી રહ્યો છે અને બ્રિટિશ બૅટ્સમેનો લૉર્ડ્સમાં તેના કમબૅક પહેલાં જરૂર ગભરાતા હશે અને તેનો સામનો કરવા નવી યોજના વિચારતા હશે. તેને પ્રસિદ્ધ ક્રિષ્નાના સ્થાને ઇલેવનમાં સ્થાન મળી શકે. આકાશ દીપ તથા મોહમ્મદ સિરાજ બીજી ટેસ્ટમાં અનુક્રમે કુલ ૧૦ વિકેટ અને સાત વિકેટ લઈને ખૂબ સફળ રહ્યા એ જોતાં આ ત્રણ ફાસ્ટ બોલર ઉપરાંત અર્શદીપ સિંહનો ટીમમાં ચાન્સ લાગવો મુશ્કેલ છે. જોકે ચાર ફાસ્ટ બોલરનો આતંક બ્રિટિશ ટીમની છાવણીમાં હાહાકાર મચાવી શકે. સ્પિનર્સમાં રવીન્દ્ર જાડેજા ખાસ કરીને ઑલરાઉન્ડર તરીકે ફરી ટીમને ઉપયોગી થઈ શકે, જ્યારે વૉશિંગ્ટન સુંદરે બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં ૧૧૭ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને (ગિલને લાંબો સમય સાથ આપીને) બહુમૂલ્ય ૪૨ રન કર્યા હતા એટલે બૅટિંગમાં ડેપ્થ જાળવી રાખવા તેના ફરી સમાવેશની સંભાવના નકારી ન શકાય. અસરદાર લેફ્ટ-આર્મ સ્પિનર કુલદીપ યાદવનો ચાન્સ આ વખતે લાગશે કે નહીં એ ચર્ચાનો વિષય છે. ■



લંડનમાં ગઈ કાલે રિષભ પંત અને બેન સ્ટૉક્સ. (પીટીઆઈ)

### ઇંગ્લૅન્ડમાં ડ્યૂક્સ બૉલની બબાલ: પંતે મોટી ખામી કાઢી

લંડન: રિષભ પંતે ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન સિરીઝમાં વપરાતા ડ્યૂક્સ બૉલ વિશે સનસનાટીભરી ટિપ્પણી કરી છે. પંતે બ્રિટિશરોના ડ્યૂક્સ બૉલની ગુણવત્તાની ટીકા કરતા કહ્યું છે કે 'ટેસ્ટ માટેના લાલ બૉલનો આકાર આટલી હદે બદલાઈ જતો મેં ક્યારેય નથી જોયો. આ ક્વૉલિટીના બૉલ મોટી સમસ્યા બની ગયા છે અને એ ક્રિકેટના હિતમાં નથી. આ બહુ મોટો પ્રૉબ્લેમ છે. બૉલનો આકાર જ બદલાઈ જાય છે. આવું તે કંઈ હોય? મેં અગાઉ આવું ક્યારેય નથી જોયું.' વર્તમાન શ્રેણીમાં બૉલનો આકાર બદલાઈ જવાની ફરિયાદ લઈને વારંવાર ખેલાડીઓ અમ્પાયર પાસે જતા જોવા મળ્યા છે. પંતે પત્રકારોને સંબોધતા કહ્યું, 'ખેલાડીઓ ખૂબ પરેશાન છે. બૉલમાં ગમે ત્યારે ફેરફાર જોવા મળે છે. ક્યારેક સૉફ્ટ લાગવા માંડે. બૅટિંગમાં હોઈએ ત્યારે બૉલ વિશે બહુ ઍડજસ્ટમેન્ટ કરતા રહેવું પડે છે.'

# વિરાટ નિવૃત્તિ વિશે મૌન તોડતાં બોલ્યો, 'દર ચાર દિવસે દાઢીને કલર કરવો પડે તો સમજી જવાનું કે...'



ઇવેન્ટમાં યુવી સાથે વિરાટ (નીચે) અને ભારતીય ટીમ (ઉપર).



લંડન: વિરાટ કોહલીએ ૧૨મી મેએ ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્ત જાહેર કરીને ક્રિકેટ જગતને ચોંકાવી દીધું ત્યાર પછી સત્તાવાર રીતે કોઈ જ કારણ કે નિવેદન નહોતા આપ્યા, પણ અહીં બે દિવસ પહેલાં એજબૅસ્ટનમાં યુવરાજ સિંહ દ્વારા આયોજિત એક ખાસ કાર્યક્રમમાં નિવૃત્તિ બાબતમાં જાહેરમાં મૌન તોડ્યું હતું.

યુવરાજના 'યુવીકૅન' ફાઉન્ડેશન દ્વારા આયોજિત ચૅરિટી પ્રોગ્રામ અને ડિનર વખતે વિરાટે દિગ્ગજોની હાજરીમાં ટેસ્ટની નિવૃત્તિનું કારણ સ્પીચ દરમ્યાન આડકતરી રીતે જણાવ્યું હતું. વિરાટને સ્ટેજ પર બોલાવવામાં આવ્યો ત્યારે ઍન્કર ગૌરવ કપૂરે તેને ટેસ્ટના રિટાયરમેન્ટ વિશે પૂછ્યું ત્યારે વિરાટ બોલ્યો, 'મેં હજી બે જ દિવસ પહેલાં મારી દાઢીને કાળો કલર કર્યો છે. જ્યારે દર ચાર દિવસે દાઢીને કલર કરવો પડે ત્યારે સમજી જવાનું કે (નિવૃત્ત લેવાનો) સમય આવી ગયો છે.'

વિરાટનું આ કથન સાંભળીને હૉલમાં ઉપસ્થિત તમામ મહેમાનો હસી પડ્યા હતા.

આ કાર્યક્રમના 'મીટ ઍન્ડ ગ્રીટ' સત્ર દરમ્યાન ક્રિસ ગેઇલ, રવિ શાસ્ત્રી તથા કેવિન પીટરસન સહિત ઘણા ક્રિકેટરો અને અન્ય મહાનુભાવો હાજર હતા. મંચ પર વિરાટ શરૂઆતથી નહોતો, પણ પછીથી તે પણ ગેઇલ, શાસ્ત્રી, પીટરસન સાથે જોડાયો હતો.

આ ચૅરિટી કાર્યક્રમમાં શુભમન ગિલના નેતૃત્વમાં ભારતીય ટીમ તેમ જ મહાન ખેલાડીઓ સચિન તેન્ડુલકર, બ્રાયન લારા, ગૌતમ ગંભીર પણ ઉપસ્થિત હતા. સચિનના પરિવારે પણ આ ફંક્શનમાં હાજરી આપી હતી.

વિરાટે મંચ પરથી ટીમ ઇન્ડિયાના ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રીની ખૂબ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે 'જો મને શાસ્ત્રીનો સપોર્ટ ન મળ્યો હોત તો મારી કરીઅર અત્યારે છે એવી કદાચ ન હોત. ખરું કહું તો રવિભાઈ સાથે કામ કરવાનો અવસર ન મળ્યો હોત તો મારી ટેસ્ટ કારકિર્દીમાં જે સુંદર વળાંકો આવ્યા એ ન આવ્યા હોત. રવિભાઈ પ્રેસ કૉન્ફરન્સોમાં જે રીતે મને ટેકો આપતા હતા એવું ભાગ્યે જ જોવા મળતું હોય છે. તેઓ મારી સફરના મુખ્ય હિસ્સો હતા એમ કહું તો જરાય ખોટું નથી.'

વિરાટે ટી-૨૦ ઇન્ટરનૅશનલ અને ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ લઈ લીધું છે અને હવે વન-ડેમાં રમતો રહેશે. ■

# શુભમન ગિલ-સારા તેન્ડુલકર એજબૅસ્ટનની ઈવેન્ટમાં, રિલેશનશિપની ચર્ચા ફરી ઉગ્ર થઈ

એજબૅસ્ટન: આઠમી જુલાઈના મંગળવારે લંડનમાં ભૂતપૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહે કૅન્સરગ્રસ્તોની સારવાર અને કૅન્સર વિશેની જાગૃતિ સંબંધિત યુવીકૅન ફાઉન્ડેશન માટે ચૅરિટી ડિનરનું જે આયોજન કર્યું હતું એમાં ક્રિકેટ જગતની અનેક હસ્તીઓની વચ્ચે શુભમન ગિલ અને સારા તેન્ડુલકરની હાજરી ઊડીને આંખે વળગે એવી હતી. આ સમારોહમાં તેમની ઓચિંતી મુલાકાત થઈ અને એકમેકને મળ્યાં એને પગલે તેમની રિલેશનશિપની લોકોમાં ફરી ચર્ચા થઈ રહી છે.

શુભમન ગિલ આખી ટીમ સાથે આ ડિનરમાં હાજર રહ્યો હતો. આ દરમિયાન તેનો એક ફોટો સોશિયલ મીડિયા પર આગની જેમ વાઇરલ થઇ રહ્યો છે. આ ફોટોમાં ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા સચિન તેન્ડુલકરની પુત્રી સારા તેન્ડુલકર તેની સાથે જોવા મળી હતી.

યુવરાજ સિંહે તેની કેન્સર સામેની લડાઈ જીત્યા બાદ ૨૦૧૧માં યુવીકૅન ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી, જે કેન્સર વિશે જાગૃતિ ફેલાવવા, વહેલા નિદાનને પ્રોત્સાહન આપવા અને દર્દીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનું કામ કરે છે. અહીંના ચૅરિટી ડિનરનો હેતુ આ ફાઉન્ડેશન માટે ભંડોળ એકત્રિત કરવાનો હતો. સોશિયલ મીડિયા પર એક ફોટો વાયરલ થયો હતો, જેમાં શુભમન ગિલ અને સારા તેન્ડુલકર સાથે જોવા મળ્યા બાદ આ ડિનર સૌથી વધુ ચર્ચિત ઇવેન્ટ બની ગઈ હતી.

સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહેલા ફોટામાં ભારતીય કેપ્ટન હસતો જોવા મળે છે અને સારા તેન્ડુલકર તેની સામે બેઠેલી જોવા મળી છે. આ ફોટો તે સમયનો હોવાનું કહેવાય છે જ્યારે ગિલ ટીમ સાથે ડિનર માટે પહોંચ્યો હતો અને સારા પહેલાથી જ ત્યાં હાજર હતી. સારા તેન્ડુલકરે આ ઇવેન્ટનો ફોટો પણ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શૅર કર્યો છે, જેમાં તે તેના મિત્રો સાથે જોવા મળે છે.





શુભમન ગિલનું નામ માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરની પુત્રી સારા તેન્ડુલકર સાથે ઘણી વખત જોડાઈ ચૂક્યું છે. એક સમયે તેમના રિલેશનશિપની અફવાઓ સમાચારમાં હતી. બંને પહેલા સોશિયલ મીડિયા પર એકબીજાને ફૉલો કરતા હતા. તેઓ એકબીજાની પોસ્ટને લાઈક અને કમેન્ટ પણ કરતા હતા. જોકે, શુભમન અને સારાએ ક્યારેય આ અફવાઓ પર ખુલીને કંઈ કહ્યું નથી. ■

# વિઆને લારાનો રેકૉર્ડ ન તોડીને ભૂલ કરી: ગેઈલ



કિંગસ્ટન: સાઉથ આફ્રિકાના કાર્યવાહક સુકાની વિઆન મુલ્ડરે ત્રણ દિવસ પહેલાં બ્રાયન લારાનો અણનમ ૪૦૦ રનનો વર્લ્ડ રેકોર્ડ તોડવાની અમૂલ્ય તક ગુમાવીને પોતાનો દાવ ૩૬૭ રનના સ્કોર પર ડિક્લેર કરી દીધો એ નિર્ણય બદલ વિઆનની વિશ્વભરમાં વાહ-વાહ થઈ રહી છે, પરંતુ લારાના જ દેશ વેસ્ટ ઈન્ડિઝના લેજન્ડ ક્રિસ ગેઈલે વિઆનના નિર્ણયને બ્લન્ડર તરીકે ઓળખાવ્યો છે. ગેઈલનું એવું કહેવું છે કે વિઆને આ રેકૉર્ડ તોડવાની અમૂલ્ય તક જતી નહોતી કરવી જોઈતી.'

વિઆને સોમવારે કહ્યું કે, 'લારાએ ઇંગ્લૅન્ડ સામે અણનમ ૪૦૦ રન કર્યા હતા એ વર્લ્ડ રેકૉર્ડ તેના જેવી મોટી હસ્તીના નામે હોય એ જ ઠીક કહેવાય અને એ ખૂબ સ્પેશિયલ પણ કહેવાય. મેં મારા કોચ શુક્રી કોન્રેડ સાથે આ રેકૉર્ડ બાબતમાં ચર્ચા કરી હતી ત્યારે તેમણે પણ મને કહ્યું હતું કે જો, મોટા સ્કોરના વિક્રમ લેજન્ડ ખેલાડીના નામે રહે એ જ યોગ્ય કહેવાય. મને કોચની આ વાત પણ ખૂબ ગમી હતી. મારા નસીબમાં જે લખાયું હશે એ હું કરીને જ રહીશ, પરંતુ ૪૦૦ રનના આ રેકૉર્ડની વાત કરીએ તો આ વર્લ્ડ રેકૉર્ડ તો લારાના નામે જ શોભે છે.'

જોકે લારાના રેકૉર્ડથી ફક્ત ૩૩ રન દૂર રહેલા વિઆનના નિર્ણય વિશે ક્રિસ ગેઈલનું એવું કહેવું છે કે 'લારાનો વિક્રમ તોડવો કે નહીં એ બાબતમાં શું કરવું અને શું નહીં એ વિચારીને વિઆન માનસિક દબાણમાં આવીને ભયભીત થઈ ગયો હશે અને પછી તે ભૂલ કરી બેઠો. ૪૦૦ રનનો વિક્રમ તોડવાની તક કંઈ વારંવાર ન મળે. હવે પછી કોણ જાણે તું ક્યારે ટ્રિપલ સેન્ચુરી ફટકારીશ. હું ૪૦૦ રનની નજીક પહોંચ્યો હોત તો એ રેકૉર્ડ મેં તોડી જ નાખ્યો હોત.'

ખુદ ગેઈલે ટેસ્ટ ક્રિકેટમાં બે વખત ટ્રિપલ સેન્ચુરી ફટકારી હતી. તેણે શ્રીલંકા સામે ૩૩૩ રન અને સાઉથ આફ્રિકા સામે ૩૧૭ રન કર્યા હતા, પરંતુ લારાના રેકૉર્ડ સુધી નહોતો પહોંચી શક્યો. ગેઇલે એક જાણીતી વેબસાઇટને મુલાકાતમાં કહ્યું હતું કે 'તારે જો લેજન્ડ બનવું હોય તો કેવી રીતે બની શકે? રેકૉર્ડ્સ પોતાના નામે કરીશ તો જ બની શકીશને? વિઆન, તેં ૪૦૦ સુધી પહોંચવાની બહુ મોટી તક ગુમાવી.' ■

# ગિલની ૧૫ ક્રમની છલાંગ: બ્રૂક નંબર-વન

દુબઈ: ઇંગ્લૅન્ડના જો રૂટે ટેસ્ટના બેટસમેનોમાં નંબર-વનની રૅન્ક ગુમાવી છે અને એ સ્થાન તેના જ દેશના હૅરી બ્રૂકે લીધું છે. શુભમન ગિલે ૧૫ નંબરની છલાંગ લગાવી છે અને ૨૧મા સ્થાનેથી છઠ્ઠા સ્થાને આવી ગયો છે.

**ટેસ્ટના ટૉપ-ટેન બૅટ્સમેન**

(૧) હૅરી બ્રૂક, ૮૮૬ પોઈન્ટ (૨) જૉ રૂટ, ૮૬૮ (૩) વિલિયમસન, ૮૬૭ (૪) યશસ્વી, ૮૫૮ (૫) સ્ટીવ સ્મિથ, ૮૧૩ (૬) ગિલ, ૮૦૭ (૭) પંત, ૭૯૦ (૭) ટેમ્બા બવુમા, ૭૯૦ (૯) કામિન્ડુ મેન્ડિસ, ૭૮૧ (૧૦) જૅમી સ્મિથ, ૭૫૩

નોંધ: પંત અને બવુમાના એકસરખા ૭૯૦ પૉઇન્ટ છે એટલે તેઓ એકસરખા સાતમા નંબર પર છે. ■

# ઇંગ્લૅન્ડની ટીમમાં જોફ્રા આર્ચરનું સાડાચાર વર્ષે કમબૅક

લૉર્ડ્સ: ભારત અને ઇંગ્લૅન્ડ પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝમાં ૧-૧ની બરાબરીમાં છે અને હવે ત્રીજી ટેસ્ટ અહીં આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) શરૂ થશે જે માટે ઇંગ્લૅન્ડે પ્લેઇંગ-ઇલેવન જાહેર કરી દીધી છે અને એમાં પેસ બોલર જોફ્રા આર્ચરને સમાવ્યો છે. જોફ્રા આર્ચર સાડાચાર વર્ષે બ્રિટિશ ટેસ્ટ ટીમમાં કમબૅક કરી રહ્યો છે. તેને ૨૭ વર્ષીય પેસ બોલર જૉશ ટન્ગના સ્થાને લેવામાં આવ્યો છે. ટન્ગની ૧૧ વિકેટ વર્તમાન સિરીઝમાં હાઇએસ્ટ છે.

**ઇંગ્લૅન્ડની પ્લેઇંગ-ઇલેવન:** બેન સ્ટૉક્સ (કૅપ્ટન), ઑલી પૉપ (વાઇસ-કૅપ્ટન), જૅમી સ્મિથ (વિકેટકીપર), ઝૅક ક્રૉવ્લી, બેન ડકેટ, જો રૂટ, હૅરી બ્રૂક, ક્રિસ વૉક્સ, બ્રાયડન કાર્સ, જોફ્રા આર્ચર અને શોએબ બશીર. ■



કોચ મૅક્લમ સાથે જોફ્રા આર્ચર.

# નંબર-વન સબાલેન્કા મહામહેનતે ૧૦૪ નંબરની હરીફ સામે જીતી

**▶ પુરુષોમાં નંબર-ટૂ અલ્કારાઝ આસાનીથી સેમિ ફાઇનલમાં પહોંચ્યો**

લંડન: વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપમાં મંગળવારે ક્વૉર્ટર ફાઇનલમાં મહિલા ટેનિસની વર્લ્ડ નંબર-વન બેલારુસની ઍરીના સબાલેન્કા પ્રથમ સેટ હાર્યા બાદ અને બીજા બે સેટમાં સંઘર્ષ કર્યા પછી જીતીને સેમિ ફાઇનલમાં પહોંચી હતી. તેણે સ્પર્ધાની મુખ્ય સેન્ટર કોર્ટ પર જર્મનીની લૉરા સિજમુન્ડને ૪-૬, ૬-૨, ૬-૪થી હરાવી હતી.

૨૦૨૪ની પહેલી ઑક્ટોબરથી વર્લ્ડ નંબર-વનના સ્થાન પર ટકી રહેનાર ખુદ સબાલેન્કાએ મંગળવારના વિજય બાદ કહ્યું હતું કે 'લૉરાએ મને ખૂબ સંઘર્ષ કરાવ્યો. પહેલા સેટના પરાજય બાદ મેં મારા બૉક્સ સામે જોયું અને મનોમન મારી ટીમને કહી રહી હતી કે ટિકિટ બુક કરાવી લેજો, બહુ જલદી આપણે આ સુંદર શહેર અને આ દેશ છોડીને પાછા જવાનું છે.'

સબાલેન્કા ૨૦૨૧માં અને ૨૦૨૩માં પણ વિમ્બલ્ડનની સેમિ ફાઇનલમાં પહોંચી હતી, પરંતુ હારી ગઈ હતી. તે ઑસ્ટ્રેલિયન ઓપનના બે ટાઇટલ અને યુએસ ઓપનનું એક ટાઇટલ જીતી છે, પરંતુ ફ્રેન્ચ ઓપનની જેમ વિમ્બલ્ડનનું એક પણ ટાઇટલ નથી જીતી શકી. સબાલેન્કા આ વર્ષે પહેલી જ વાર સેટ હારી છે.

સબાલેન્કા ગુરુવારની સેમિ ફાઇનલમાં અમેરિકાની આમન્ડા ઍનિસિમોવા સામે રમશે. આમન્ડાએ ક્વૉર્ટરમાં રશિયાની અનાસ્તાસિયા પાવલીચેન્કોવાને ૬-૧, ૭-૬ (૧૧-૯)થી હરાવી હતી.

પુરુષોની એક સેમિ ફાઇનલ લાઇન-અપ બુધવારે સાંજ સુધીમાં નક્કી થઈ ગઈ હતી જેમાં તાજેતરની ફ્રેન્ચ ઓપનનો ચૅમ્પિયન અને સ્પેનનો વર્લ્ડ નંબર-ટૂ કાર્લોસ અલ્કારાઝ અમેરિકાના ટેલર ફ્રિત્ઝ સામે રમશે. ક્વૉર્ટરમાં અલ્કારાઝે કૅમેરન નૉરીને ૬-૨, ૬-૩, ૬-૩થી હરાવ્યો હતો. ટેલરે ક્વૉર્ટરમાં કરેન ખાચાનૉવને ૬-૩, ૬-૪, ૧-૬, ૭-૬ (૭-૪)થી હરાવીને સેમિમાં પ્રવેશ કર્યો હતો. ■



ઍરીના સબાલેન્કા (ડાબે) અને લૉરા સિજમુન્ડ

# ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ફાસ્ટેસ્ટ બોલર ગોર્ડન રૉરકેનું અવસાન

**▶ તેઓ બે ટેસ્ટ ઇંગ્લૅન્ડ સામે અને બે ભારત વિરુદ્ધ રમ્યા હતા: તેમને કારણે નો બૉલના નિયમની સમીક્ષા કરવી પડી હતી**

સિડની: ૧૯૫૯ની સાલમાં ઑસ્ટ્રેલિયા વતી ચાર ટેસ્ટ રમનાર એ સમયના ફાસ્ટેસ્ટ ઑસ્ટ્રેલિયન બોલર ગોર્ડન રૉરકેનું અવસાન થયું છે. તેમણે ૨૭મી જૂને જિંદગીના ૮૬ વર્ષ પૂરા કરીને ૮૭મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. તેઓ ચારમાંથી પહેલી બે ટેસ્ટ ઇંગ્લૅન્ડ સામે અને બાકીની બે ટેસ્ટ ભારત સામે રમ્યા હતા.

ગોર્ડને ચાર ટેસ્ટના સાત દાવમાં ૧૦ વિકેટ લીધી હતી. તેમને ભારત સામેની બે ટેસ્ટમાં બે વિકેટ મળી હતી. ત્યારે તેમણે અબ્બાસ અલી બેગ અને બાપુ નાડકર્ણીને આઉટ કર્યા હતા.

ગોર્ડને ઇંગ્લૅન્ડ સામેની બે ટેસ્ટમાં કૉલિન કાઉડ્રી, ટૉમ ગ્રેવેની અને વિલી વૉટસનની તેમ જ કૅપ્ટન પીટર મે અને ટૉની લૉકની વિકેટ લીધી હતી.

ગોર્ડન ભારત સામે જે બે ટેસ્ટ રમ્યા હતા એ કાનપુર અને દિલ્હીમાં રમાઈ હતી અને જી. એસ. રામચંદ ભારતના અને રિચી બેનો ઑસ્ટ્રેલિયાના સુકાની હતા.

તેમની ટેસ્ટ-કરીઅર વહેલી સમેટાઈ જવા પાછળનું મુખ્ય કારણ એ હતું કે તેઓ બૉલ ફેંકતા ત્યારે પાછળનો પગ એવી રીતે પાછળની દિશામાં ઘસડતા કે એમાં તેમનો જમણો પગ બોલિંગ ક્રીઝથી ઘણો ઉપર રહેતો હતો અને તેમની એ બોલિંગ-સ્ટાઇલને પગલે જ ક્રિકેટના કાયદા ઘડનારાઓએ નો-બૉલને લગતા કાયદાની સમીક્ષા કરવી પડી હતી. ૧૯૫૯માં ભારતના પ્રવાસથી લઈને તેમને પછીથી જે બીમારી લંબાઈ એને કારણે કરીઅર પચીસમા વર્ષે જ પૂરી થઈ ગઈ હતી. ■



# દીપ્તિ શર્મા વર્લ્ડ નંબર-વન બોલર બનવાની તૈયારીમાં

**▶ ટી-૨૦ બોલર્સના રૅન્કિંગમાં પાકિસ્તાનની સાદિયાથી આઠ જ પૉઈન્ટ દૂર**



દુબઈ: આઇસીસીએ ટી-૨૦ની મહિલા ક્રિકેટરોના નવા રૅન્કિંગ બહાર પાડ્યા છે જે મુજબ સ્પિન-ઑલરાઉન્ડર દીપ્તિ શર્મા બોલર્સના રૅન્કિંગમાં બીજા નંબર પર આવી ગઈ છે અને હવે નંબર-વનના ક્રમથી બહુ દૂર નથી. તે થોડા જ દિવસમાં પહેલી વાર આ કૅટેગરીના રૅન્કિંગમાં મોખરે જોવા મળી શકે.

પાકિસ્તાનની સાદિયા ઇકબાલ ટી-૨૦ના બોલર્સના રૅન્કિંગમાં નંબર વન છે. તેના નામે ૭૪૬ રેટિંગ પૉઇન્ટ છે અને દીપ્તિ શર્મા ૭૩૮ના રેટિંગ સાથે તેનાથી ફક્ત આઠ પૉઇન્ટ પાછળ છે. ઑસ્ટ્રેલિયાની ઍનાબેલ સધરલૅન્ડ ૭૩૬ પૉઇન્ટ સાથે ત્રીજા સ્થાને છે.

મૂળ ઉત્તર પ્રદેશની ૨૭ વર્ષની દીપ્તિ શર્મા છ વર્ષથી ટી-૨૦ બોલર્સમાં ટૉપ-૧૦માં છે, પણ ક્યારેય સર્વોચ્ચ સ્થાને નથી પહોંચી શકી. દીપ્તિ ઑસ્ટ્રેલિયાની ઍનાબેલને હટાવીને બીજા નંબર પર આવી ગઈ છે.

ભારતની પેસ બોલર અરુંધતી રેડ્ડીએ પણ ટી-૨૦ બોલર્સના રૅન્કિંગમાં પ્રગતિ કરી છે. તે ૧૧ ક્રમની છલાંગ લગાવીને ૪૩મા સ્થાને આવી ગઈ છે. ■

# ટ્રમ્પની ટેરિફ વૉરની આડઅસર અને કંપની પરિણામની મોસમ અગાઉની સાવચેતી વચ્ચે સેન્સેક્સ ગબડ્યોઃ નિફ્ટીએ ૨૫,૫૦૦ની સપાટી ફરી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારે આયાત ટેરિફ લાદવાની જાહેરાત બાદ વૈશ્વિક અનિશ્ચિતતા ફરી સપાટી પર આવવા સાથે કોર્પોરેટ સેક્ટરની કમાણીની મોસમ ફરી શરૂ થવા અગાઉની સાવચેતીના માનસ વચ્ચે સેન્સેક્સ ૧૭૬.૪૩ પોઇન્ટ અથવા તો ૦.૨૧ ટકા વધીને ૮૩,૫૩૬.૦૮ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૪૬.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૧૮ ટકા વધીને ૨૫,૪૭૬.૧૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત માટે મુખ્ય નિકાસ શ્રેણીમાં આવતા ફાર્માસ્યુટિકલની આયાત પર ભારે ટેરિફ લાદવાની ધમકી બાદ રોકાણકારોનું સેન્ટિમેન્ટ ડહોળાઇ જતાં સવારના સત્રથી જ શેરબજારમાં નિરસ હવામાન જોવા મળ્યું હતું.

ક્ષેત્રીય મોરચે, ટ્રમ્પ દ્વારા તાંબાની આયાત પર ભારે ટેરિફની જાહેરાતને કારણે સ્ટીલ અને એલ્યુમિનિયમ માટે પહેલાથી જ અમલમાં રહેલી ઊંચી જકાતના પગલાંનો વિસ્તાર થયો હોવાથી પછી નિફ્ટી મેટલમાં જોરદાર પીછેહઠ જોવા મળી હતી. નિફ્ટી આઇટી, રિયલ્ટી અને ઓઇલ એન્ડ ગેસ શેરઆંકોમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો.

નોંધવું રહ્યું કે અમેરિકા અને ભારતની વેપાર ડીલ વહેલી પૂરી થશે એવા ટ્રમ્પના કથનને કારણે મંગળવારે ભારતીય શેરબજાર નજીવા ઊંચા સ્તરે બંધ થયા હતા, જેમાં સેન્સેક્સ ૨૭૦.૦૧ પોઇન્ટ અથવા તો ૦.૩૨ ટકા વધીને ૮૩,૭૧૨.૫૧ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૬૧.૨૦ પોઇન્ટ અથવા તો ૦.૨૪ ટકા વધીને ૨૫,૫૨૨.૨૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. ટ્રેડ ડીલની પ્રગતિની અપેક્ષાઓ અને કોર્પોરેટ ક્ષેત્રની આગામી કમાણી સીઝન સારી રહેવાની અપેક્ષાને કારણે વિશ્લેષકો નજીકના ગાળાના બજાર સંભાવનાઓ વિશે આશાવાદી રહ્યા છે.

સેન્સેક્સના શેરોમાં એચસીએલ ટેક, ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને આઇસીઆઇસીઆઇ બેન્ક ટોપ લુઝર હતા, જ્યારે બજાજ ફાઇનાન્સ, એચયુએલ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને પાવર ગ્રીડ ટોપ ગેઇનર હતા. બીએસઈ પર લગભગ ૧૨૦ શેરો તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં ગ્લોબલ હેલ્થ, કૃષ્ણા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, એમઆરએફ, લૌરસ લેબ્સ, કૃષ્ણા ઇન્સ્ટિટ્યૂટ, નવીન ફ્લોરિન, રેમ્કો સિમેન્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે.

નિફ્ટીમાં સૌથી વધુ ઘટનારા શેરોમાં ટાટા સ્ટીલ, એચસીએલ ટેક્નોલોજીસ, હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, એપોલો હોસ્પિટલ્સ, ટેક મહિન્દ્રાનો સમાવેશ હતો, જ્યારે શ્રીરામ ફાઇનાન્સ, બજાજ ફાઇનાન્સ, એચયુએલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, કોલ ઇન્ડિયાનો ટોપ ગેઇનર હતા. ક્ષેત્રીય મોરચે, મેટલ, રિયલ્ટી અને ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ ૧.૪ ટકા ઘટ્યા, મીડિયા, આઇટી, પીએસયુ બેંક ૦.૫ ટકા ઘટ્યા, જ્યારે એફએમસીજી, ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩-૦.૮ ટકા વધ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં મેન બોર્ડ આઇપીઓ આવી રહ્યો છે. એન્થમ બાયોસાયન્સ રૂ. ૩,૩૯૫ કરોડના આઇપીઓ સાથે ૧૪મી જુલાઇએ મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૫૪૦થી રૂ. ૫૭૦ નક્કી થઇ છે, આ સંપૂર્ણપણે ૫.૯૬ કરોડ શેરની ઓફર ફોર સેલ છે. જે ૧૬ જુલાઈએ બંધ થશે. શેરની ફાળવણી ગુરુવાર, ૧૭ જુલાઈએ અને બીએસઇ તથા એનએસઇ પર લિસ્ટિંગ ૨૧ જુલાઈએ થશે. અરજી માટે લોટ સાઈઝ ૨૬ છે.

સેબીએ પાંચ કંપનીઓના આઇપીઓને મંજૂરી આપી છે, જેમાં વીદા ક્લિનિકલ રિસર્ચ, શ્રૃંગાર હાઉસ ઓફ મંગલસૂત્ર, રાઈટ વોટર સોલ્યુશન્સ ઈન્ડિયા, સીડવર્ક્સ ઈન્ટરનેશનલ અને એલસીસી પ્રોજેક્ટ્સનો સમાવેશ છે. કાઇઝેકના શેર તેના રૂ. ૨૪૫ના ઇશ્યૂ ભાવ સામે ૧૪.૨૮ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૨૮૦ના ભાવે લિસ્ટ થયા હતા. ટાટા ઓટોકોમ્પ અને સ્કોડા ગ્રુપે ભારતમાં રેલ્વે કોમ્પોનન્ટના ઉત્પાદન માટે જોઇન્ટ વેન્ચરની જાહેરાત કરી છે.

એક અહેવાલ પ્રમાણે ૧૧ કંપનીઓ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામમાં ૨,૫૦૦ ટકા સુધીના વધારા સાથે બમણો નફો જાહેર કરવાની તૈયારીમાં છે. જૂન મહિનામાં ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો પ્રવાહ ૨૪ ટકા વધીને રૂ. ૨૩,૫૮૭ કરોડ નોંધાયો હોવાનું એમ્ફીએ જણાવ્યું છે.

કિંમતની દ્રષ્ટિએ ભારતનો સૌથી મોંઘો, એમઆરએફ લિમિટેડનો શેર મંગળવારે સત્ર દરમિયાન ચાર ટકાથી વધુ વધારા સાથે અને ફરી એકવાર રૂ. ૧.૫ લાખની થ્રેશોલ્ડને પાર કરી ગયો હતો. મજબૂત લેવાલીને કારણે ઇન્ટ્રાડે ટ્રેડ દરમિયાન શેર રૂ. ૧,૫૦,૯૮૧ની બાવન અઠવાડિયાની નવી ઊંચી સપાટીને સ્પર્શ્યો હતો.

સ્ટોક-સ્પેસિફિક એક્શનમાં, યુએસ શોર્ટ સેલર વાઇસરોય રિસર્ચે અબજોપતિ અનિલ અગ્રવાલના આઇનીંગ જૂથને નાણાકીય રીતે અસક્ષમ અને લેણદારો માટે ગંભીર જોખમી હોવાનું ચિતરનારો અહેવાલ બહાર પાડ્યા બાદ બુધવારે વેદાંત લિમિટેડના શેર સત્ર દરમિયાન આઠેક ટકાના કડાકા બાદ અંતે ત્રણ ટકાથી વધુ ઘટ્યા હતા.

નોમુરા દ્વારા ધીમી વૃદ્ધિ અને મૂલ્યાંકનની ચિંતા વ્યક્ત થયા પછી ફોનિક્સ મિલ્સના શેર ત્રણ ટકા ઘટ્યા હતા, પ્રથમ ક્વાર્ટરના નબળા બિઝનેસ અપડેટ પાછળ યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના શેર ૩.૬ ટકા ઘટ્યા હતા. નોમુરાના ડાઉન કોલ પછી ગોદરેજ પ્રોપર્ટીઝના શેર ૨.૪ ટકા ઘટ્યા, મોતીલાલ ઓસ્વાલના બાય રેટિંગ પર ડેલ્હીવેરીના શેર ૨.૫ ટકા વધ્યા, ઓર્ડર મળ્યાની ચર્ચાએ સિનર્જી ગ્રીનના શેર અને ક્ષમતા વધારાની ચર્ચાએ બાજેલ પ્રોજેક્ટ્સના શેરના લગભગ પાંચ ટકા વધ્યા હતા.

દરમિયાન, અમેરિકન કંપની જેન સ્ટ્રીટે માર્કેટ રેગ્યુલેટર સેબીના આરોપને પડકારવાની તૈયારી શરૂ કરી છે. સેબીએ જેન સ્ટ્રીટ પર વ્યવસ્થિત બજાર હેરફેર દ્વારા રૂ. ૩૬,૫૦૦ કરોડ કમાવવાનો આરોપ મૂક્યો છે.

જ્યારે નિયમનકારના સંશોધન અહેવાલમાં જણાવાયું છે કે રિટેલ એફએન્ડઓ વેપારીઓનો કુલ ચોખ્ખો નુકસાન નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૭૫,૦૦૦ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૧.૦૫ લાખ કરોડ થયો છે.

અમેરિકાની જેન સ્ટ્રીટ સામે સેબીની કાર્યવાહીને પગલે ડેરિવેટીવ્ઝ માર્કેટના વોલ્યુમમાં ધરખમ ઘટાડાની શકયતા જોતાં બજારના અભ્યાસુઓએ ટ્રેડરોને સાવચેત રહેવાની ચેતવણી આપી છે. તેમના મતે સેબીના પગલાં લાંબાગાળે રોકાણકારોના વિશ્વાસ અને બજાર નિરિક્ષણ બાબતે સકારાત્મક ચિત્ર ઊભું કરે છે, પરંતુ ટૂંકાગાળામાં મોટા ખેલાડીઓની એક્ઝિટનો આંચકો અનુભવવો પડશે.

# સ્થાનિક સોનામાં ₹ ૮૮૭ની અને ચાંદીમાં ₹ ૨૨૦ની નરમાઈ

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફની નિતનવી ધમકીઓ સાથે સપાટી પર આવી રહેલી ટ્રેડ વૉરની ચિંતાઓ વચ્ચે આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તથા અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં તેમ જ ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૮૪થી ૮૮૭નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૨૦નો ઘટાડો આવ્યો હતો. આજે ખાસ કરીને સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમ જ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૮૮૪ના ઘટાડા સાથે રૂ. ૯૫,૭૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૮૭ના ઘટાડા સાથે રૂ. ૯૬,૦૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈ ગયો હોવાથી તેની સોનાના ભાવ પર કોઈ અસર નહોતી જોવા મળી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૦ના ઘટાડા સાથે રૂ. ૧,૦૭,૨૮૦ના મથાળે રહ્યા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**TENDER NOTICE FOR REDEVELOPMENT**

**Rajyog Co-operative Housing Society Ltd.**

**invites bids** from reputed **Contractors cum Developers (CCD)** for redevelopment of its entitled **4096.90 Sq. Mtrs** Undivided Land Parcel, forming part of a larger land parcel of **6627.90 Sq. Mtrs,** located at Chandavarkar Road, Borivali (W), Mumbai, under the following **CTS** numbers :

**CTS Nos. : 6/B/1, 14, 15, 16, 16/1, 16/2, 17, 17/1, 17/2, 17/3, and 18 of Village Eksar, Mumbai Suburban District.**

The selected developer shall demolish existing structures, follow the sanctioned layout by **MCGM** and build as per finalised proposed plans under **DCR 33(7)b** of **DCPR 2034** of MCGM, proposing residential cum commercial users consuming FSI of 3.375, within 70 Mtrs.

**Key Details:**

**Rajyog CHSL** owns the undivided layout including **2531 Sq. Mtrs** assigned to **Dipraj CHS Ltd.** Lease deed to be executed.

**Rajyog CHSL** has **3 buildings** with **58 residential units (MOFA Carpet Area incl. balconies: 4368.93 Sq. Mtrs).**

**Access :**

**27.45m wide** Chandavarkar Road, **18.30m wide** Bapu Paranjape Road, and **13.40m wide** proposed **DP Road (East).**

**RFP Forms:**

Available at **PMC's** office **(M/s Prism Consortium), Goregaon East,** from **11/July/2025** to **11/August/ 2025, between 11:00 am-5:00 pm (excluding 2nd & 4th Saturdays, Sundays, and public holidays).**

**Fee:**

**₹1,18,000/- (Non-refundable)** via **Demand Draft / Pay Order** in favour **of M/s. Prism Consortium**

**Submission Deadline:**

Submit Sealed **RFPs** by **21/August/ 2025, 11:00 am to 6:00 pm** at **Society's** office; **along with EMD of ₹10,00,000/-** via **Demand Draft / Pay Order** in favour of **Rajyog CHSL.**

**Note:**

**Society reserves the right to reject any or all tenders without assigning any reason.**

**Contact PMC:**

**M/s. Prism Consortium, 114, Corporate Avenue, Sonawala Road, Goregaon (E), Mumbai- 400063**

**Contact Numbers : 9323562151 / 9987564444**

**Email : info@prismgroup.biz / pmcbyprism@gmail.com**

**www.prismgroup.biz**

**Sd/-**

**Hon. Secretary**

**Place : Mumbai** **Date : 10/07/2025**

# યુએસ શોર્ટ સેલરના અહેવાલથી વેદાંતના શેરમાં આઠ ટકા સુધીનો કડાકો!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના શોર્ટ સેલર હિન્ડન્બર્ગ બાદ હવે બીજા એક શોર્ટ સેલરે ભારત સ્થિત કંપની પર નિશાન સાધ્યું છે. યુએસ શોર્ટ સેલર વાઇસરોય રિસર્ચે અબજોપતિ અનિલ અગ્રવાલના આઇનીંગ જૂથને નાણાકીય રીતે અસક્ષમ અને લેણદારો માટે ગંભીર જોખમી હોવાનું ચિતરનારો અહેવાલ બહાર પાડ્યા બાદ બુધવારે વેદાંત લિમિટેડના શેર સત્ર દરમિયાન આઠેક ટકાના કડાકા બાદ અંતે ત્રણ ટકાથી વધુ ઘટ્યા હતા. આ શેર બીએસઈ પર ઈન્ટ્રા-ડે ટ્રેડમાં શેર ૭.૭૧ ટકા ઘટીને રૂ. ૪૨૧ની નીચી સપાટીને અથડાયા બાદ, મોટાભાગનો ગુમાવેલો હિસ્સો પાછો મેળવીને અંતે ૩.૩૮ ટકાના મોટા ગાબડાં સાથે રૂ. ૪૪૦.૮૦ની સપાટી પર બંધ થયો હતો. એનએસઈ પર, ઈન્ટ્રા-ડેમાં શેર ૭.૮૧ ટકા ઘટીને રૂ. ૪૨૦.૬૫ની નીચી સપાટીને અથડાયા પછી ૩.૨૮ ટકા ઘટીને રૂ. ૪૪૧.૩૦ પર બંધ થયો હતો. વાઇસરોય રિસર્ચે અહેવાલમાં એવું નોંધ્યું છે કે, સમગ્ર જૂથ માળખું નાણાકીય રીતે ટકાઉ નથી, કાર્યકારી રીતે નબળું છે, અને લેણદારો માટે જોખમી છે.

વેદાંતે ઉપરોક્ત અહેવાલને પસંદગીયુક્ત ખોટી માહિતી અને પાયાવિહોણા આરોપોનું દૂષિત સંયોજન ગણાવ્યો હતો. કુદરતી સંસાધનોના દિગ્ગજ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ અહેવાલ આગામી કોર્પોરેટ પહેલને નબળી પાડવા માટે સમય જોઇને હેતુપૂર્વક તેયાર કરવામાં આવ્યો હોઈ શકે છે.

# ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

મુંબઈઃ અમેરિકા સાથે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન આઠ પૈસા મજબૂત થયા બાદ અંતે સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૮૫.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૭૦ ડૉલરની સપાટી પાર કરી ગયા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટ માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૮૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૯૩ અને ઉપરમાં ૮૫.૬૫ સુધી મજબૂત થયા બાદ અંતે ત્રણ પૈસા વધીને ૮૫.૭૦ના મથાળે બંધ રહ્યો હતો. ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા વધીને બંધ રહ્યો હતો. તાજેતરમાં અમેરિકી વહીવટીતંત્ર સાથે ચાલી રહેલી વેપાર વાટાઘાટો અને ટ્રેડ ડીલ થઈ જવાનો આશાવાદ ઉપરાંત અમેરિકાએ ટૅરિફના અમલની મુદત આગામી પહેલી ઑગસ્ટ સુધી લંબાવી હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગનાં વાઈસ પ્રેસિડૅન્ટ અને એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૩૦થી ૮૬.૨૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૩ ટકા વધીને બેરલદીઠ ૭૦.૩૮ ડૉલર અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા વધીને ૯૭.૦૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૭૬.૪૩ પૉઈન્ટનો અને ૪૬.૪૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૬.૧૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## સિટી ન્યૂઝ

# ભાજપ લઘુમતી મોરચાએ પડળકરના નિવેદનની નિંદા કરી

મુંબઈઃ ભારતીય જનતા પાર્ટીના લઘુમતી મોરચાએ પાર્ટીના વિધાનસભ્ય ગોપીચંદ પડળકરના નિવેદનની નિંદા કરી, જેમાં તેમણે ધાર્મિક પરિવર્તનમાં સામેલ ખ્રિસ્તી મિશનરીની હત્યા કરનારને ૧૧ લાખ રૂપિયાનું ઇનામ આપવાની જાહેરાત કરી હોવાના અહેવાલ છે. મુંબઈ ભાજપ લઘુમતી મોરચાના મહાસચિવ અગ્નેલો ફર્નાન્ડિસે આ નિવેદનને અત્યંત બેજવાબદાર, જોખમી ગણાવ્યું હતું અને એવી સ્પષ્ટતા કરી હતી કે પડળકરે કરેલી ટિપ્પણી તેમના અંગત વિચારો છે અને તે પક્ષના સત્તાવાર વલણને પ્રતિબિંબિત કરતા નથી. ભાજપના લઘુમતી મોરચાએ જણાવ્યું હતું કે તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ઔપચારિક રીતે પત્ર લખીને આ બાબતે હસ્તક્ષેપ અને યોગ્ય કાર્યવાહીની માગણી કરી છે. 'અમે પડળકરના નિવેદનથી પોતાને સંપૂર્ણપણે અલગ કરીએ છીએ. હું પોતે એક ખ્રિસ્તી અને લઘુમતી મોરચાના પ્રતિનિધિ તરીકે, ખાતરીપૂર્વક કહી શકું છું કે ભારતમાં ખ્રિસ્તી સમુદાય બળજબરીથી ધર્મ પરિવર્તનને સમર્થન આપતો નથી.

# મહારાષ્ટ્ર સરકાર જમીન વિભાજન કાયદામાં છૂટછાટ આપશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે પહેલી જાન્યુઆરી, ૨૦૨૫ સુધીના પ્લોટ વિભાજન સંબંધી કાયદાને રદ કરીને જમીન વિભાજનને કાયદેસરનો દરજ્જો આપશે, એમ રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે વિધાનસભામાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ૫૦ લાખથી વધુ પરિવારો જમીન વિભાજનના નિયમોથી ઉદ્ભવતા મુદ્દાઓથી પ્રભાવિત થયા હોવાના અહેવાલ છે, તેમણે ઉમેર્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૫ પહેલા પડેલા એક ગુંઠા (આશરે ૧,૦૮૯ ચોરસ ફૂટ)ના કદ સુધીના પ્લોટને કાયદેસર ગણવામાં આવશે, જેનાથી નાગરિકોને સત્તાવાર મિલકતના અધિકારો મળી શકશે. જાન્યુઆરી પછી વિભાજન કરાયેલા પ્લોટોએ વિકાસ સત્તામંડળના ધોરણોનું કડક પાલન કરવું પડશે.

# પાળેલાં પ્રાણીઓ માટે સ્મશાન કેમ નથી?: હાઈ કોર્ટે બીએમસી પાસે જવાબ માગ્યો

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે બુધવારે શહેરમાં પાળેલા પ્રાણીઓ માટે ઇલેક્ટ્રિક સ્મશાનગૃહના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને એ અંગે મુંબઈ મહાનગરપાલિકા પાસે ખુલાસો માગ્યો હતો.

હાઈ કોર્ટે ગયા મહિને એક સમાચાર અહેવાલની આપમેળે નોંધ લીધી હતી. એ સમાચારમાં કહેવામાં આવ્યું હતું કે દેવનાર કતલખાના ખાતે પ્રાણીઓ માટે સ્મશાનગૃહ તૈયાર કરવામાં વિલંબ થયો હતો. ખંડપીઠને બુધવારે મુંબઈ મહાનગરપાલિકા તરફથી હાજર રહેલા એડવોકેટ ઊર્જા ધોંડેએ માહિતી આપી હતી કે દેવનારમાં સ્મશાનગૃહનું બાંધકામ ચાલી રહ્યું છે અને દક્ષિણ મુંબઈના મહાલક્ષ્મી વિસ્તારમાં એક સ્મશાનગૃહ પહેલેથી જ કાર્યરત છે. ઉપનગરીય વિસ્તાર મલાડમાં પણ એક સ્મશાનગૃહ ઉપલબ્ધ છે, એમ તેમણે ઉમેર્યું હતું. ત્યારબાદ ખંડપીઠે મલાડ સ્મશાનગૃહ કાર્યરત છે કે કેમ તે જાણવાની માંગ કરી હતી. હાઈ કોર્ટે સુનાવણી બે અઠવાડિયા સુધી મુલતવી રાખી હતી. ત્યાં સુધીમાં મહાનગરપાલિકાએ તેનું સોગંદનામું દાખલ કરવું પડશે. (પીટીઆઈ)

# મહા મુંબઈ મેટ્રોનો એક દિવસમાં ત્રણ લાખ પ્રવાસીનો રેકોર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહા મુંબઈ મેટ્રો ચાલુ થઈ ત્યારથી પહેલી વાર દૈનિક ત્રણ લાખ મુસાફરોનો આંકડો પાર કર્યો છે. બુધવાર, આઠ જુલાઈ, ૨૦૨૫ના મુંબઈ મેટ્રો રેડ લાઈન સેવન અને ટૂ-એમાં એક દિવસમાં ૩,૦૧,૧૨૭ પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હોવાનું મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ જણાવ્યું હતું.

મહા મુંબઈ મેટ્રો ઓપરેશન કૉર્પોરેશન લિમિટેડે બુધવારે જણાવ્યું હતું કે મહા મુંબઈ મેટ્રોએ એક દિવસમાં ત્રણ લાખનો આંકડો પાર કર્યો છે અને એક ઈતિહાસ રચ્યો છે. મુંબઈ મોડર્ન અને ગ્રીન ટ્રાન્સપોર્ટ તરફ ઝડપથી આગળ વધી રહ્યું હોવાની સોશ્યલ મીડિયા પણ મહા મુંબઈ મેટ્રોએ પોસ્ટ પણ કરી હતી.એમએમઆરડીએના કમિશનર ડૉ. સંજય મુખર્જીએ જણાવ્યું હતું કે ત્રણ લાખ પ્રવાસીઓના રેકોર્ડની સાથે જ વૉટસઍપ ટિકિટનો પણ રેકોર્ડ થયો હતો. બુધવારે ૬૨,૨૮૨ વૉટસઍપ ટિકિટનું વેચાણ થયું હતું.

આ દરમ્યાન એમએમઆરડીએ દ્વારા મેટ્રો લાઈન ટૂ-એ અને સેવન માટે એક ફેર ફિક્સેશન કમિટીની રચના કરવાનો પ્રસ્તાવ પણ રાખવામાં આવ્યો છે. મેટ્રો લાઈન ટૂ-એ અને સેવન ૨૦૨૨ની બીજી એપ્રિલથી મુંબઈગરાની સેવામાં દાખલ થઈ હતી અને હાલ તેનું સંચાલન મુંબઈ મેટ્રો ઓપરેશન કૉર્પોરેશન લિમિટેડ દ્વારા કરવામાં આવી છે, જેમાં આખા અઠવાડિયા દરમ્યાન લગભગ ૨.૬૫ લાખ પ્રવાસીઓ પ્રવાસ કરતા હોય છે.

# માતાના લગ્નેતર સંબંધોની શંકાને લીધે બાળકની પિતૃત્વ ટેસ્ટ કરવાની જરૂર નથીઃ હાઇ કોર્ટ

મુંબઈઃ પતિને પત્ની પર લગ્નેતર સંબંધોની શંકા હોય ત્યારે સગીર બાળકને પિતૃત્વ નક્કી કરવા માટે ડીએનએ ટેસ્ટ કરાવવાનું કારણ બની જતી નથી એમ બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે જણાવ્યું છે.

સગીર વયના છોકરાનો ડીએનએ ટેસ્ટ કરાવવાનો નિર્દેશ આપતા ફેમિલી કોર્ટના આદેશને રદ કરતા જસ્ટિસ આર એમ જોશીએ કહ્યું હતું કે આ પ્રકારની આનુવંશિક તપાસનો આદેશ માત્ર અપવાદરૂપ કિસ્સાઓમાં જ આપવામાં આવે છે.

પહેલી જુલાઈના આદેશમાં ન્યાયમૂર્તિ જોશીએ કહ્યું હતું કે વ્યભિચારના આધારે છૂટાછેડા માટે હકદાર હોવાનો દાવો કરવામાં આવ્યો હોય એ જ કારણસર ડીએનએ ટેસ્ટનો નિર્દેશ આપતો આદેશ પસાર કરવા માટે કેસ નથી બનતો. આ આદેશની નકલ બુધવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી,

આ આદેશ અલગ રહેતી પત્ની અને તેના ૧૨ વર્ષીય પુત્ર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં આપવામાં આવ્યો હતો. આ અરજીમાં ફેમિલી કોર્ટ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૦ના આદેશને પડકારવામાં આવ્યો હતો. એ આદેશમાં બાળકને પિતૃત્વ નક્કી કરવા માટે ડીએનએ પ્રોફાઇલિંગ ટેસ્ટ કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

**મુંબઈ પોર્ટ ઓથોરીટી**

**ટેન્ડર મંગાવતી નોટિસ**

મુંબઈ પોર્ટ ઓથોરીટી હાજી બંદર અને હે બંદર, મઝગાંવ શિવરી રેક્લેમેશન ખાતે **MbPA**ના પ્લોટો પરના માળખાની ખરીદી તોડકામ અને તોડી નંખાયેલા માલસામાનને દૂર કરવા માટે ઓનલાઈન ટેન્ડર નં. ઈ-૩૭/૨૦૨૫-ઈ-ટેન્ડર-કમ-ઈ-ઓક્શન મંગાવે છે. ટેન્ડરની વિગતો MbPAની વેબસાઈટ **http://www.mumbaiport.gov.in** અને **http://www.eprocure.gov.in/eprocure/app** પર ઉપલબ્ધ છે.

ચીફ એંજીનિયર
મુંબઈ પોર્ટ ઓથોરીટી

MbPA-09-2025

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, ભોંયતળીયે, વરલી નાકા નજીક, ડૉ. ઈ. મોસેસ રોડ, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮.

નંબર ડે. ચીફ એન્જિ./૨૭૭૭/ટ્રાફિક ૮.૦૭.૨૦૨૫ના

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામ માટે સીલબંધ ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્ર. નં. | કામનું નામ | વોર્ડ | રૂ.માં અંદાજિત કિંમત | બીડ નંબર | કરાર સમયગાળો | બારડી રૂ. | રૂ.માં સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | K/પશ્ચિમ વોર્ડ, મુંબઈમાં અંધેરી (પ) ખાતે ગામ ઓશિવારા, ઓશિવારા લિંક રોડનો CTS નં.: ૬૨૦ (pt) ધરાવતા પ્લોટ પર પબ્લિક પાર્કિંગ લોટ (PPL)નું ઓપરેશન, જાળવણી અને મેનેજમેન્ટ | K/W વોર્ડ | રૂ. ૩,૮૩,૯૭,૬૦૦/- | ૨૦૨૫_MCGM_૧૧૯૮૭૮૩_૧ | ૩ વર્ષ | રૂ. ૭,૬૮,૦૦૦/- | રૂ. ૧૮,૧૫૦/- +૧૮% GST |

ઉપરોકત બિડની શરૂઆતની તારીખઃ ૧૦.૦૭.૨૦૨૫ & બીડ અંતિમ તારીખઃ ૩૧.૦૭.૨૦૨૫

વધુ વિગતો માટે મહાટેન્ડર પોર્ટલ પર લોગ ઓન કરો. (https://mahatenders.gov.in)

સહી/-
ડે. ચીફ એન્જી.(ટ્રાફિક)

PRO/959/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે.ચી.એ./M&E/૧૩૫૫/W.S. તા. ૦૮.૦૭.૨૦૨૫

ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનર લાયક બિડરો પાસેથી ''ટકાવારી અથવા આઈટમ ધોરણે'' નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ સમાપ્તિ તારીખ & સમય ''ટેન્ડર'' સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| વિભાગઃ ચી. એન્જિ. (M&E) | સેક્શનઃ ડે. ચી. એન્જિ. (M&E) W.S. |
|---|---|
| ટેન્ડર નં. | ૧. ૨૦૨૫_MCGM_૧૧૯૮૧૦૭_૧<br>૨. ૨૦૨૫_MCGM_૧૧૯૮૧૦૯_૧<br>૩. ૨૦૨૫_MCGM_૧૧૯૮૧૧૦_૧<br>૪. ૨૦૨૫_MCGM_૧૧૯૭૩૫૪_૧ |
| વિષયઃ | ૧.પશ્ચિમ પરાંમાં વિવિધ સ્થળો ખાતે હોટ, કોલ્ડ & નોર્મલ વોટર ડિસ્પેન્સર સાથે વોટર શુદ્ધિકરણની SITC. (આઈટમ)<br>૨. EE મિકે. (MS) WS હેઠળ પ્રિમાઈસિસમાં સંકલિત લો વોલ્ટેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ ઓપ્ટિક સેન્સરી નેટવર્કર્સની જમાવટનું કાર્ય. (ટકાવારી)<br>૩. E.E. (tr.)WS SWM વિભાગ હેઠળ બાંદ્રા ટ્રાન્સપોર્ટ ગેરેજ ખાતે પાર્કિંગ એરિયાની અંદર સલગ્ન કામ સાથે GI સ્ટ્રક્ચર્સની જોગવાઈ અને ઈરેક્શન. (ટકાવારી)<br>૪. સરદાર વલ્લભભાઈ પટેલ સ્વિમિંગ પૂલ, કાંદિવલી (પ), R/સાઉથ વોર્ડ ખાતે સબમર્સિબલ LED લાઈટિંગ સિસ્ટમ અને અસોસિએટેડ ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સનું રિપેર અને બદલી. (આઈટમ) |
| બીડ પ્રારંભ : | તારીખ- ૧૦.૦૭.૨૦૨૫<br>સમય- સ. ૧૧.૦૦ |
| બીડ સમાપ્તિ : | તારીખ- ૧૬.૦૭.૨૦૨૫<br>સમય- સાં. ૧૬.૦૦ |
| સંપર્ક વ્યક્તિ<br>a) નામ :<br>b) મોબાઈલ નં.:<br>c) ઈ-મેલ ID : | EE. (M&E) W.S.-II<br>શ્રી. પ્રવિણ આયરે<br>૯૩૨૨૦૩૬૪૨૮<br>eews02me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મ્યુનિસિપલ વેબસાઈટ http://portal.mcgm.gov.in અને NIC પોર્ટલ https://mahatenders.gov.inની મુલાકાત લેવી. ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ/કુરીયર દ્વારા ઈશ્યૂ કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
એક્ઝિ. એન્જિ. (M&E) W.S.-i/c

PRO/949/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

અંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૨



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮
■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

# નાગપુરમાં આકાશી સુનામી

- ૯ કલાકમાં ૬.૮ ઈંચ વરસાદ
- આખું વિદર્ભ પાણી-પાણી
- એકનું મોત, એક ગુમ
- અનેક સ્થળે પાણી ભરાયાં
- શાળા-કૉલેજ બંધ



**વરસાદી આતંક:** નાગપુરમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા એકધારા વરસાદને લીધે શહેરભરમાં પાણી ભરાઈ ગયાં છે અને મોટા પાયે લોકોને સલામત સ્થળે ખસેડવાની કવાયત શરૂ કરાઈ છે. (પીટીઆઈ)

નાગપુર: વિદર્ભભરમાં મંગળવાર રાત્રે અને બુધવારે બારે મેઘ ખાંગા થયા હતા અને ખાસ કરીને નાગપુર જિલ્લામાં ભયંકર પૂરની પરિસ્થિતિ હતી. નાગપુરમાં પૂરનાં પાણીમાં વહી જવાથી ૧૮ વર્ષના યુવાનનું મોત થયું હતું અને એક વ્યક્તિ ગુમ થઈ હતી. બુધવારે નાગપુર જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે ૭૧ ગામોનો સંપર્ક કપાઈ ગયો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આઈએમડીના પ્રાદેશિક હવામાન કેન્દ્ર અનુસાર, મંગળવારે રાત્રે ૮.૩૦ વાગ્યાથી બુધવાર સવારે ૫.૩૦ વાગ્યા સુધી નાગપુરમાં નવ કલાકમાં લગભગ ૬.૮૦ ઇંચ અને કુહી તાલુમાં લગભગ ૮.૫૦ ઇંચ વરસાદ નોંધાયો હતો.

ભારતીય હવામાન વિભાગએ મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રના નાગપુર અને વર્ધા જિલ્લાઓ માટે રેડ અલર્ટ, અમરાવતી અને યવતમાળ માટે ઓરેન્જ અલર્ટ, અને અકોલા, વાશિમ, બુલઢાણા, ચંદ્રપુર, ભંડારા અને ગોંદિયા જિલ્લાઓ માટે યલો અલર્ટ જાહેર કરી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, નાગપુર જિલ્લા મુખ્યાલયથી (જુઓ પાનું ૪) ▶▶

# તમાચા - મુક્કાની મોકાણ

**શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડે વાસી ખોરાક બદલ એમએલએ હૉસ્ટેલની કેન્ટીનના કર્મચારીને મુક્કા-લાફા માર્યાઃ મુખ્ય પ્રધાન, વિપક્ષે આ કૃત્યની નિંદા કરીઃ જોકે ગાયકવાડને મારપીટ કર્યાનો કોઈ જ અફસોસ નથી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડે મુંબઈમાં એમએલએ હોસ્ટેલની કેન્ટીનમાં એક કર્મચારીને વાસી ખોરાક પીરસ્યા બાદ મૂક્કો અને લાફા માર્યા હતા, જેની મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તેમજ વિપક્ષોએ નિંદા કરી હતી.



હુમલાનો એક વીડિયો વાયરલ થતાં લોકોમાં આક્રોશ ફેલાયો હતો અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, આવું વર્તન કોઈને શોભતું નથી અને બધા વિધાનસભ્યો વિશે નકારાત્મક સંદેશ મોકલે છે કે તેઓ સત્તાનો દુરુપયોગ કરે છે.

શિવસેનાના વડા નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ તેમના પક્ષના નેતાની કૃતિને 'અયોગ્ય' ગણાવી હતી.

જોકે, બુલઢાણાના વિધાનસભ્ય ગાયકવાડે તેમના વર્તનનો બચાવ કરતા કહ્યું કે તેમને 'શિવસેના શૈલી'ના પ્રતિભાવ માટે મજબૂર કરવામાં આવ્યા હતા કારણ કે ખોરાકની ગુણવત્તા અંગેની તેમની અગાઉની ફરિયાદોનો (જુઓ પાનું ૪) ▶▶

## ખરાબ ખોરાકઃ કેન્ટીનનું લાઈસન્સ સસ્પેન્ડ કરાયું

મુંબઈ: મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ બુધવારે અહીંની એમએલએ હોસ્ટેલની કેન્ટીનમાંથી ખોરાકના નમૂના એકત્રિત કર્યા અને તેમને પરીક્ષણ માટે મોકલ્યા હતા અને આ કેન્ટીનનું ફૂડ લાઈસન્સ હાલપૂરતું સસ્પેન્ડ કરી દેવાયું છે.

આ ઘટના અંગેના વિવાદને પગલે, એફડીએ અધિકારીઓ બુધવારે બપોરે હોસ્ટેલમાં પહોંચ્યા અને ખોરાકના નમૂના સીલ કર્યા, જે હવે પરીક્ષણ માટે બાંદ્રા સ્થિત વિભાગની પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે.

'કેન્ટીનમાંથી એકત્રિત કરાયેલા ખોરાકના નમૂના વિશ્લેષણ માટે મોકલવામાં આવ્યા છે. પ્રક્રિયા મુજબ, રિપોર્ટ ૧૬ (જુઓ પાનું ૪) ▶▶

# વર્સોવા-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટમાં ગોરેગામના નોન-સીઆરઝેડમાં કામ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વર્સોવા-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટનું ત્રણ તબક્કામાં આ પ્રોજેક્ટનું કામ કરવામાં આવવાનું હોઈ તેમાં પાલિકા દ્વારા પૅકેજ-'બી' અંતર્ગત ગોરેગામમાં ૧.૨ કિલોમીટર લંબાઈના નોન-સીઆરઝેડ વિસ્તારમાં ફાઉન્ડેશનનું કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે. જોકે કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં મંજૂરી સિવાય કામ કરી શકાય નહીં અને તેથી હાઈ કોર્ટની મંજૂરી મળે તેની રાહ જોવામાં આવી રહી હોવાનું પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે (પ્રોજેક્ટ) જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટમાં પૅકેજ 'એ', 'બી' અને 'સી' અંતર્ગત કરવામાં આવનારા કામનું બુધવારે ગોરેગામમાં ઈન્સ્પેકશન કરવા ગયેલા અભિજિતિ બાંગરે જણાવ્યું હતું કે તાજેતરમાં જ વર્સોવા-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટમાં મેનગ્રોવ્ઝ ડાઈવર્ઝન પ્રપોઝલને કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી પહેલા તબક્કાની સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. કોસ્ટલ રેગ્યુલેશન ઝોન મંજૂરી તેમ જ વન હસ્તાંતરણ પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ છે અને હવે બોમ્બે હાઈ કોર્ટમાં પાસેથી અંતિમ મંજૂરી મેળવવામાં આવશે.

કોસ્ટલ રોડમાં પૅકેજ 'બી' અંતર્ગત કેબલ (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## મલાઈકા અરોરા સામેનું વૉરન્ટ રદ

મુંબઈ: બોલીવૂડના અભિનેતા સૈફ અલી ખાન દ્વારા હોટેલમાં કરાયેલી મારપીટના ૨૦૧૨ના કેસની તપાસકર્તા પક્ષની સાક્ષી અભિનેત્રી-મૉડેલ મલાઈકા અરોરા બુધવારે હાજર થતાં કોર્ટે તેની સામેનું જામીનપાત્ર વૉરન્ટ રદ કર્યું હતું. જોકે મલાઈકા કેસમાં મદદરૂપ ન હોવાનું પોલીસે કહેતાં તેને સાક્ષી તરીકે પડતી મૂકવામાં આવી હતી. કોર્ટમાં હાજર થતી (જુઓ પાનું ૪) ▶▶

## મીરા રોડમાં મરાઠી મોરચાના એક દિવસ બાદ પોલીસ કમિશનરની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે મીરા ભાયંદર-વસઈ વિરાર પોલીસ કમિશનર મધુકર પાંડેની બદલી કરી છે, એક દુકાનદાર પર મરાઠી બોલવાનો ઇનકાર કરવા બદલ થયેલા હુમલા બાદ મનસે અને અન્ય જૂથો દ્વારા મરાઠી 'અસ્મિતા' (ગૌરવ)ના બચાવ (જુઓ પાનું ૪) ▶▶

## હવે મોડક સાગર છલકાયું: ૨૬૦ દિવસ ચાલે એટલું પાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણી પૂરું પાડતાં સાત જળાશયોમાંનું એક મોડક સાગર બુધવારે વહેલી સવારે છલકાઈ ગયું હતું. તકેદારીનાં પગલારૂપે તળાવનો એક દરવાજો એક ફૂટ ખોલીને પ્રતિ સૅકન્ડે ૧,૦૨૨ ક્યુસેક પાણીને છોડવામાં આવ્યું હતું.

છેલ્લા ચાર-પાંચ દિવસ દરમ્યાન પાલઘર, થાણે અને નાશિક જિલ્લામાં ભારે વરસાદ પડયો છે, તેને કારણે મુંબઈને પાણી પૂરું પાડનારાં જળાશયોમાં નવાં પાણીની આવક થઈ છે. પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ જળાશયોનાં કેચમેન્ટ (જુઓ પાનું ૪) ▶▶

## આલિયા ભટ્ટને ૭૬ લાખનો ચૂનો ચોપડનારી તેની ભૂતપૂર્વ આસિસ્ટન્ટ બેંગલૂરુમાં પકડાઈ

મુંબઈ: બોલીવૂડની અભિનેત્રી આલિયા ભટ્ટને ૭૬.૯ લાખ રૂપિયાનો ચૂનો ચોપડનારી ભૂતપૂર્વ પર્સનલ આસિસ્ટન્ટને પોલીસે બેંગલુરુમાં પકડી પાડી હતી. વિવિધ કારણો બતાવી બનાવટી ઈન્વોઈસીસ પર આલિયાની સાઈન લઈને આરોપી તેની બહેનપણીના બૅન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરતી હોવાનું તપાસમાં જણાયું હતું.

જૂહુ પોલીસના જણાવ્યા મુજબ કથિત છેતરપિંડી મે, ૨૦૨૨થી ઑગસ્ટ, ૨૦૨૪ દરમિયાનનાં બે વર્ષના ગાળામાં થઈ હતી. પોલીસે ધરપકડ કરેલી આરોપીની ઓળખ વેદિકા પ્રકાશ શેટ્ટી તરીકે થઈ હતી. શેટ્ટીને મંગળવારે બેંગલુરુમાં પકડી પાડવામાં આવી હતી. પાંચ દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ પર તેને મુંબઈ લાવવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આલિયાની (જુઓ પાનું ૪) ▶▶

**પુણે પૉર્શ કેસ**

## આરોપીએ બ્લડ સૅમ્પલ બદલવાનો પ્રયાસ કર્યો હતો

પુણે:પુણે પોર્શ કેસમાં કિશોર આરોપીને બચાવવા માટે બીજી હોસ્પિટલમાં બ્લડ સેમ્પલ (લોહીના નમૂના) અદલાબદલી કરવાના નિષ્ફળ પ્રયાસો કરવામાં આવ્યા હતા એમ ફરિયાદ પક્ષે અદાલતને જણાવ્યું છે.

કૉડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર ૧૭૩(૮) હેઠળ વધારાના દસ્તાવેજો રજૂ કરતા ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે સસૂન હોસ્પિટલમાં સૌ પ્રથમ એકત્રિત કરવામાં આવેલા સગીરના બ્લડ સેમ્પલ લેનારી પુણે પોલીસને શંકા છે કે તેમાં છેડછાડ થઈ હોવાની સંભાવના છે. ત્યારબાદ પોલીસે આગોતરા પગલા (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્ર સરકાર ધર્માંતર વિરોધી કડક કાયદો લાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મહેસૂલ ખાતાના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે જણાવ્યું હતું કે રાજ્યમાં ધર્માંતરણ અટકાવવા માટે કડક કાયદો બનાવવામાં આવશે. રાજ્ય વિધાનસભામાં અનુપ અગ્રવાલ (ભાજપ) અને અન્ય લોકો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દા પર ચર્ચાનો જવાબ આપતા, બાવનકુળેએ કહ્યું હતું કે તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે કડક જોગવાઈઓ ધરાવતો ધર્માંતરણ વિરોધી કાયદો કેવી રીતે લાવવો તે અંગે ચર્ચા કરશે.

'રાજ્યમાં ધર્માંતરણ અટકાવવા માટે કડક કાયદો બનાવવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે તેમણે સંબંધિત વિભાગીય કમિશનરને ધુળે-નંદુરબાર પટ્ટામાં અનધિકૃત ચર્ચોની તપાસ કરવા અને છ મહિનામાં તેમને તોડી પાડવાનો નિર્દેશ આપ્યો છે.

અતુલ ભાતખળકરે (ભાજપ)એ પૂછ્યું હતું કે છ મહિનાનો સમય શા માટે આપવામાં આવી રહ્યો છે અને અનધિકૃત ધાર્મિક માળખાઓ સામે તાત્કાલિક કાર્યવાહીની માગણી કરી હતી.

આ અંગે, બાવનકુળેએ કહ્યું હતું કે (જુઓ પાનું ૪) ▶▶

ગુરુપૂર્ણિમા... ચાતુર્માસની વધામણી...
- પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.

• ચાતુર્માસમાં શું કરવું ?
પરમાત્માનો પરિચય
નિર્ગંથ-સંતનો પરિચય
સજ્જનનો પરિચય
શાસ્ત્રનો પરિચય

• તપ કેવા પ્રકારનું કરવું ?
No Expectations - ઈચ્છા વગરનો તપ
તપમાં ન હોય આશંસાની ચાહ
તપમાં ન હોય ઈચ્છા કે થાય વાહ વાહ.
No Proud - અભિમાન વગરનું તપ કરવું.
જિસ તપ મેં ન હો ઈચ્છા યા મૂર્છા,
કેવલ વો એક હી તપ સચ્ચા.
ભવકટ્ટી કરાવે, ભાવશુદ્ધિ કરાવે,
કર્મરહિત બનાવે તેવું તપ કરવું.

• જીવન જીવવાની જડીબુટ્ટી
પરિસ્થિતિ એવી ના થવા દો કે તમે સાવ હિંમત હારી જાઓ. પરંતુ હિંમત એવી રાખો કે પરિસ્થિતિ તમારી સામે હારી જાય !

• પરિવારમાં કેમ જીવવું ?
ગ્રુપમાં Family હોય તો આનંદ આવે પણ Familyમાં ગ્રુપ થાય તો તકલીફ થાય !
તમારા બાળકોને શ્રીમંત બનાવવા કરતાં સંસ્કારી બનાવવાનો પ્રયત્ન કરો.
સંપત્તિનો વારસો સુખી બનાવશે એવી કોઈ ગેરંટી નથી, પરંતુ સંસ્કારનો વારસો જરૂર સુખી બનાવી શકશે.
मन की सोच सुंदर हो तो सारा संसार सुंदर लगता है ।

• જીવન કેવું જીવવું ?
૧. Without Fear - ડર્યા વગર
૨. Without Fault - ભૂલ વગર
3. Without Favour - પક્ષપાત વગર

• આત્માનંદી બનવા શું કરવું ?
સત્‌ની સ્વીકૃતિ.
સત્‌ની સ્મૃતિ.
સત્‌ની સંગતિ.
"જિંદગી મેં મુશ્કિલોં કા આના Part of Life હૈ ।
ઔર ઉનમેં સે હંસકર બહાર આના Art of Life હૈ ।"

• સમતાભાવને લાવવા શું કરવું ?
૧. Peaceful Mind
૨. Thankful Heart
3. Respectful Hand
हालात वो न रखे जो होसलों को बदल दे ।
हौंसला वो रखे जो हालातों को बदल दे ।

• કરુણાભાવને સાર્થક કરવા શું કરવું ?
૧. Provide Safety - સુરક્ષા પૂરી પાડવી.
૨. Provide Service - સેવા કરવી.
3. Provide Stability - સ્થિરતા આપવી.

• શાંતિ મેળવવા શું કરવું ?
આપણે O.T.માં નથી જવું.
O.T.એટલે Over Thinking થી Operation Theater.
ઊઠી જવાથી શાંતિ નહિ મળે પણ O.T. છોડવાથી શાંતિ મળશે.

"પોતાની પાસે કામ લેવું હોય તો મગજનો ઉપયોગ કરો.
બીજા પાસે કામ લેવું હોય તો હૃદયનો ઉપયોગ કરો."

"દૂધ જલતા હૈ પાની જલને કે બાદ
આદમી રોતા હૈ વક્ત નીકલને કે બાદ"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**